પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૨-૦૧-૨૦૨૬-શુક્રવાર, સુરત

30th ANNIVERSARY

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૧૯ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# નવા વર્ષમાં સંકલ્પો દૃઢ નિશ્ચય સાથે પૂર્ણ થાય : વડાપ્રધાન મોદી

## સોશિયલ મિડીયા પર વડાપ્રધાને પ્રેરણાદાયી સંદેશ પાઠવ્યો : મન્નાથુ પદ્મનાભનને શ્રદ્ધાંજલી પાઠવતા મોદી

નવી દિલ્હી, તા. ૦૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુક્રવારે સોશિયલ મીડિયા પર એક પ્રેરણાદાયી સંદેશ શેર કર્યો, જેમાં લોકોને નવા વર્ષમાં દૃઢ નિશ્ચય, હેતુની સ્પષ્ટતા અને આત્મવિશ્વાસ સાથે જીવનમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. "હું તમને આવનારા વર્ષોમાં તમારા બધા પ્રયાસોમાં સફળતાની શુભેચ્છા પાઠવું છું. નવા વર્ષમાં તમારા સંકલ્પો દૃઢ નિશ્ચય અને ઈચ્છાશક્તિ સાથે પૂર્ણ થાય," પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું. તેમણે એક સંસ્કૃત કહેવત શેર કરી, "ઉત્તતવ્યમ જાગરવ્યમ યોકતવ્યમ ભૂતિકર્મસુ. ભવિષ્યતિત્યેવ મનઃ કૃત્વ સતામવ્યથૈહ."

તેમણે શુક્રવારે ભરત કેસરી મન્નાથુ પદ્મનાભનને તેમની જન્મજયંતિ પર યાદ કર્યા. પ્રધાનમંત્રી મોદીએ પોતાની પોસ્ટમાં લખ્યું, "મન્નાથુ પદ્મનાભનની જન્મજયંતિ પર, આપણે એક મહાન વ્યક્તિત્વને ઊંડા આદર સાથે યાદ કરીએ છીએ જેમણે પોતાનું જીવન સમાજ સેવા માટે સમર્પિત કર્યું. તેઓ એક સ્વપ્નદ્રષ્ટા હતા જે માનતા હતા કે સાચી પ્રગતિ આત્મસન્માન, સમાનતા અને સામાજિક સુધારામાં રહેલી છે. આરોગ્ય, શિક્ષણ અને મહિલા સશક્તિકરણના ક્ષેત્રોમાં તેમનું મહત્વપૂર્ણ યોગદાન પ્રેરણાદાયક છે. ન્યાય, કરુણા અને એકતાથી ભરેલા સમાજના નિર્માણની આપણી યાત્રામાં તેમના વિચારો હંમેશા આપણને માર્ગદર્શન આપશે."

છેલ્લા બે દિવસમાં, પ્રધાનમંત્રીના સંદેશાઓમાં પ્રેરણાદાયી માર્ગદર્શન, તેમજ સાંસ્કૃતિક અને દાર્શનિક આંતરદૃષ્ટિનો સમાવેશ થાય છે. ગુરુવારે શરૂઆતમાં, પ્રધાનમંત્રી મોદીએ નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી, સમાજમાં શાંતિ, સમૃદ્ધિ અને એકંદર સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

તેમણે પોસ્ટ કર્યું હતું કે, "તમને બધાને ૨૦૨૬ માટે શુભકામનાઓ. આ વર્ષ દરેક માટે નવી આશાઓ, નવો સંકલ્પ અને નવો આત્મવિશ્વાસ લાવે. તે દરેકને જીવનમાં આગળ વધવા માટે પ્રેરણા આપે."

તે જ સમયે, પીએમ મોદીએ સુભાષિતમ દ્વારા ભાર મૂક્યો કે જીવનનું લક્ષ્ય જ્ઞાન, અનાસક્તિ, સંપત્તિ, બહાદુરી, શક્તિ, શક્તિ, સ્મૃતિ, સ્વતંત્રતા, કૌશલ્ય, પ્રતિભા, ધીરજ અને સૌમ્યતા જેવા ગુણોથી ભરેલું હોવું જોઈએ.



# અમેરિકામાં લગ્ન કરેલા યુગલે સાથે એક ઘરમાં પણ રહેવું જરૂરી

### અમેરિકન સાથે લગ્ન એ ગ્રીનકાર્ડની ગેરેન્ટી નથી : ટ્રમ્પ તંત્રનો ખુલાસો

નવી દિલ્હી, તા. ૦૨

અમેરિકામાં વિસા-ગ્રીનકાર્ડ અને તે પ્રકારે વસેલા વિદેશી મૂળના નાગરિકો સામેથી વધુ આકરી બની રહેલી કાર્યવાહીમાં હવે ઈમીગ્રેશન એટર્નીએ સ્પષ્ટ કર્યું છે કે ગ્રીનકાર્ડ હોલ્ડર એ પુર્ણ અમેરિકી નાગરિકત્વ નથી અને તેને અમેરિકાના મૂળ નાગરિક જેવા અધિકારો મળતા નથી પણ તેમાં ચોકકસ અધિકાર ધરાવે છે.

તેથી અમેરિકન સાથે લગ્ન કરવાની ગ્રીનકાર્ડની ગેરેન્ટી મળતી નથી. અમેરિકી સીટીઝન એન્ડ ઈમીગ્રેશન સર્વિસના જણાવ્યા મુજબ અમેરિકી નાગરિકના જીવનસાથીએ જે શ્રેણીમાં આવે છે તે અમેરિકી નાગરિકના નજીકના સગા તરીકે (ઈમીડીયેટ રીલેટીવ) ગણાય છે.

અમેરિકી કાનૂન મુજબ ઈમીડીયેટ રીલેટીવ જે પતિ-પત્ની (અમેરિકી નાગરિકતા) એ ગ્રીનકાર્ડ મેળવવા માટે અરજી કરી શકે છે પણ તેની વધુ નજીકથી ચકાસણી થશે અને ખાસ કરીને એ ચકાસાશે કે આ લગ્ન વાસ્તવિક કે પછી ફકત ગ્રીનકાર્ડ મેળવવા માટેના કાનુની પેપર્સ તૈયાર કરાયા છે તે ખાસ ચકાસણી થશે.ટ્રમ્પ શાસને ડાયવર્સીટી વિસા લોટરી સીસ્ટમનો અંત લાવ્યો છે. જેમાં દર વર્ષે ૫૦૦૦૦ ઈમીગ્રેન્ટને અમેરિકી નાગરિકત્વ અપાતું હતું પણ હવે કોઈ રીલેશનશીપ એ ગ્રીનકાર્ડની ગેરેન્ટી નથી.તેઓને ગ્રીનકાર્ડ મળે એટલે સાથે રહો એ સ્વીકાર્ય નથી. તેઓએ આ પ્રકારના યુગલ જેઓ અલગ રહેતા હોય અને એક આવાસ શેર કરતા ન હોય તો તેનો ગ્રીનકાર્ડ કેમ નબળો પડે છે તેવી પણ ચેતવણી આપી હતી.પછી તમો શા માટે જુદા રહો છો તે અમો ચિંતા કરશું નહી. તમો નોકરી-નાણાકીય-સ્કુલ વિ. કારણે અલગ રહેતા હો તો પણ તે સ્વીકાર્ય નથી. સાચા લગ્ન એ છે કે તમો એક સાથે જ રહેતા હો તે જરૂરી છે.

# બેંગ્લોર નજીક ખનન કામના બ્લાસ્ટિંગમાં ચાર દીપડાના મોત

### પ્રચંડ ધડાકા બાદ ચાર દીપડાઓના મૃતદેહો ક્ષત-વિક્ષત હાલતમાં મળ્યા

નવી દિલ્હી, તા. ૦૨

કર્ણાટકના બેંગલુ ગ્રામીણ વિસ્તારમાં ગેરકાયદે રીતે કરવામાં આવેલા રોક બ્લાસ્ટિંગની એક ગંભીર ઘટનામાં ચાર દીપડાના મોત થયા હતા. યશવંતપુર વિધાનસભા ક્ષેત્ર હેઠળ આવતા મંચનાબેલે પાસેના ચિક્કનહલ્લી વિસ્તારમાં બનેલી આ હૃદયદ્રાવક ઘટનાએ વન્યજીવ સંરક્ષણ અને વહીવટીતંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.વન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, દીપડાઓના મૃતદેહો ક્ષત-વિક્ષત હાલતમાં મળી આવ્યા હતા. આ ઘટના બાદ રાજકીય અને વહીવટી સ્તરે તીવ્ર પ્રતિક્રિયાઓ સામે આવી છે.યશવંતપુરના ભાજપના ધારાસભ્ય એસ.ટી. સોમશેખરે આ ઘટના પર આક્રોશ વ્યક્ત કરતા વન વિભાગ પર ગંભીર બેદરકારીનો આરોપ લગાવ્યો છે. રાજ્યમાં સતત વન્યજીવોના મૃત્યુની ઘટનાઓ બની રહી છે, તેમ છતાં વિભાગ કોઈ નક્કર કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહ્યું છે.આ વિસ્તારમાં લાંબા સમયથી ગેરકાયદેસર બ્લાસ્ટિંગ ચાલી રહ્યું છે અને સંબંધિત મંત્રીઓ તથા અધિકારીઓ આ મામલે ગંભીર ઉદાસીનતા દાખવી રહ્યા છે. ભાજપના ધારાસભ્યએ જણાવ્યું કે, "આ ઘટનાને લઈને વન વિભાગને એક ઔપચારિક પત્ર મોકલવામાં આવ્યો છે.

અનુસંધાન પાના ૭ પર

# સફરને સુવિધા જનક બનાવવા હાઈ-વે ઓથોરિટીનો નિર્ણય

### નવા વાહનોમાં ફાસ્ટેગ માટે કેવાયસી ફરજિયાત નહીં હોય

નવી દિલ્હી, તા. ૦૨

નેશનલ હાઈવે ઓથોરીટીએ ૧ ફેબ્રુઆરીથી કાર, જીપ, વાન માટે નવા ફાસ્ટેગ ઈસ્યુ કરવાને લઈને 'નો યોર વ્હીકલ' (કેવાયવી) પ્રક્રિયા બંધ કરવાની જાહેરાત કરી છે.લોકોની સફરને સુવિધાજનક બનાવવા માટે આ પ્રક્રિયાને ખતમ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધી ૧૦૦ વાહનવાળાઓના માન્ય દસ્તાવેજ થવા છતાં ફાસ્ટેગ ઈસ્યુ થયા બાદ પણ કેવાયવી પ્રક્રિયા કરવી પડતી હતી.

આ પગલાથી મોટી સંખ્યામાં ખાનગી વાહન માલિકોને ફાસ્ટેગ બાદ કેવાયવીમાં થનારા વિલંબથી રાહત મળશે. કાર માટે અગાઉથી જાહેર



ફાસ્ટેગ માટે કેવાયવીની પ્રક્રિયા માત્ર ત્યારે શરુ થશે જયારે કોઈ ફરિયાદ મળશે.જેમાં ચોટાડ્યા વિનાનું ફાસ્ટેગ ખોટું ઈસ્યુ થયેલું કે ખોટા ઉપયોગ સાથે સંકળાયેલી મુશ્કેલીઓ સામેલ છે. આવી ફરિયાદો ન હોવા પર હાલના કાર ફાસ્ટેગ માટે કોઈ કેવાયવીની જરુર નહી પડે.ઓથોરિટીએ ફાસ્ટેગ ઈસ્યુ કરનાર બેન્કો માટે અગાઉથી સક્રિય ફાસ્ટેગના વેરિફિકેશનના નિયમો પણ સખ્ત બનાવ્યા છે. હવે ફાસ્ટેગ સક્રિય કરવાની મંજૂરી ત્યારે આપવામાં આવશે જયારે વાહન ડેટાબેઈઝથી ગાડીની વિગતોનું ફરજીયાત વેરિફિકેશન થઈ જાય છે.

# જાપાનની સંસદમાં ૭૩ મહિલા સાંસદો માટે માત્ર એક શૌચાલય

### વધુ શૌચાલય બનાવવા ૬૦ મહિલા સાંસદોની માંગ

નવી દિલ્હી, તા. ૦૨

જાપાનમાં પીએમ સાને તાકાઈચીએ સંસદમાં મહિલાઓ માટે વધુ શૌચાલય બનાવવાની માંગ કરી છે. તેમની સાથે લગભગ ૬૦ મહિલા સાંસદોએ પણ આ અંગે એક અરજી આપી છે.અરજીમાં કહેવામાં આવ્યું છે કે સંસદમાં મહિલાઓની સંખ્યા વધી છે, પરંતુ તે મુજબ સુવિધાઓ મળી રહી નથી. હાલમાં સંસદના નીચલા ગૃહમાં ૭૩ મહિલા સાંસદો છે પરંતુ તેમના માટે માત્ર ૧ શૌચાલય છે.વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટીના સાંસદ યાસુકો કોમિયામાએ કહ્યું કે સંસદ સત્ર દરમિયાન મહિલા સાંસદોને શૌચાલયની બહાર લાંબી લાઈનમાં ઊભા રહેવું પડે છે.જાપાનની સંસદ (ડાયટ)ની ઈમારત ૧૯૩૬માં બની હતી. ત્યારે દેશમાં મહિલાઓને મત આપવાનો પણ અધિકાર મળ્યો ન હતો.

બીજા વિશ્વયુદ્ધમાં જાપાનની હાર પછી ડિસેમ્બર ૧૯૪૫માં મહિલાઓને મત આપવાનો અધિકાર મળ્યો. એક વર્ષ પછી ૧૯૪૬માં થયેલી ચૂંટણીમાં જાપાનમાં મહિલાઓ સંસદ માટે ચૂંટાઈને આવી.

જાપાનના અખબાર યોમિયુરી શિમ્બુન અનુસાર સંસદના નીચલા

અનુસંધાન પાના ૭ પર

# તાઈવાન ચીનનો ભાગ છે અને બન્ને વચ્ચે લોહીનો સંબંધ છે : શી જિનપિંગ

નવી દિલ્હી, તા. ૦૨

ચીન અને તાઈવાન વચ્ચે ફરી તણાવ વધી ગયો છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે નવા વર્ષના ભાષણમાં કહ્યું કે તાઈવાન ચીનનો ભાગ છે અને બંને વચ્ચે લોહીનો સંબંધ છે.તેમણે કહ્યું કે ચીન અને તાઈવાનનું એક થવું સમયની માગ છે અને તેને કોઈ રોકી શકતું નથી. તાઈવાનની સરકારે તેને ખૂબ જ ઉશ્કેરણીજનક પગલું ગણાવ્યું અને કહ્યું કે તેનાથી સમગ્ર ક્ષેત્રમાં અશાંતિ ફેલાઈ શકે છે.ચીન હંમેશા કહેતું આવ્યું છે કે તાઈવાન તેનો ભાગ છે અને જરૂર પડ્યે સેનાના જોરે તેને પોતાની સાથે ભેળવી દેશે. જ્યારે અમેરિકાએ પણ ચીનની આ હરકતની ટીકા કરી છે. અમેરિકી વિદેશ વિભાગે ચેતવણી આપતા કહ્યું કે ચીનની વાતો અકારણ તણાવ વધારી રહી છે.અમેરિકાની લાંબા સમયથી ચાલી આવતી નીતિને પુનરાવર્તિત કરતા, વિદેશ વિભાગના પ્રવક્તા ટોમી પિગોટે કહ્યું કે અમેરિકા તાઈવાન જળસંધિ (તાઈવાન અને ચીન વચ્ચેનો દરિયાઈ વિસ્તાર) માં હાલની શાંતિ ભંગ કરવાના કોઈપણ પગલાનો વિરોધ કરે છે.બીજી તરફ ટ્રમ્પે ચીન પ્રત્યે નરમ વલણ અપનાવ્યું છે. તેમણે કહ્યું કે તેઓ ચીનના સૈન્ય અભ્યાસોથી પરેશાન નથી. ચીન છેલ્લા ૨૦ વર્ષથી આવા અભ્યાસ કરતું રહ્યું છે. ટ્રમ્પે કહ્યું કે રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે તેમના સારા સંબંધો છે અને તેમને લાગે છે કે ચીન તાઈવાન પર હુમલો નહી કરે.

ચીને તાઈવાનની આસપાસ પોતાનો સૌથી મોટો અને સૌથી નજીકનો સૈન્ય અભ્યાસ કર્યો છે. ચીનની પીપલ્સ



**જિનપિંગના નિવેદનથી તંગદીલી વધતા અમેરિકાએ ચીનને ધમકી આપી**

અનુસંધાન પાના ૭ પર

# કર્ણાટકમાં ૯૧ ટકા લોકોને ઈવીએમ પર વિશ્વાસ છે : સર્વે

### સરકારી એજન્સીના રિપોર્ટમાં મત ચોરીના આરોપો નકારી દેવાયા

નવી દિલ્હી, તા. ૦૧

કર્ણાટક સરકારની એક એજન્સીના અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે રાજ્યના ૯૧% લોકો માને છે કે ભારતમાં ચૂંટણીઓ સ્વતંત્ર અને નિષ્પક્ષ રીતે યોજાય છે અને ઈફસ ચોક્કસ પરિણામો આપે છે. આ રિપોર્ટ કર્ણાટક મોનિટરિંગ એન્ડ ઈવેલ્યુએશન ઓથોરિટી (KMEA) દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.આ સર્વે એવા સમયે આવ્યો છે, જ્યારે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી ભાજપ પર ઘણા રાજ્યોમાં 'મત ચોરી'નો સતત આરોપ લગાવી રહ્યા છે. તેઓ કર્ણાટકના કલબુર્ગીમાં પણ મત ચોરીનો દાવો કરી ચૂક્યા છે. કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર છે. આવી સ્થિતિમાં, ભાજપે સર્વે રિપોર્ટને લઈને રાહુલ પર પલટવાર કર્યો છે.ભાજપના નેતા અને કર્ણાટક વિધાનસભામાં વિપક્ષના નેતા આર. અશોકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું, 'લોકો ચૂંટણીઓ પર, ઈફસ પર અને લોકો ભારતની લોકતાંત્રિક પ્રક્રિયા પર વિશ્વાસ કરે છે. આ સર્વે કોંગ્રેસના મોં પર સણસણતો તમાચો છે. કારણ કે જ્યાં નાગરિકો વિશ્વાસ દર્શાવી રહ્યા છે, ત્યાં કોંગ્રેસ શંકા વ્યક્ત કરી રહી છે.'

સૂત્રો અનુસાર, ચૂંટણીને લઈને KMEA નો રિપોર્ટ ઓગસ્ટ ૨૦૨૫ માં તૈયાર થયો હતો, જે તાજેતરમાં સાર્વજનિક કરવામાં આવ્યો છે. તેનું શીર્ષક છે 'લોકસભા

અનુસંધાન પાના ૭ પર

### કફ સિરપથી મોતના બનાવોને પગલે

# ડોક્ટરની ચિઠ્ઠી વગર કફ સિરપના વેચાણ પર રોક લાગશે

### સ્વાસ્થ્ય મંત્રાલયે માપદંડોમાં સુધારા સૂચવતો પ્રસ્તાવ મોકલ્યો

નવી દિલ્હી, તા. ૦૨

લોકોની સુરક્ષા નિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારે એક મોટું પગલું ભરી કફ સિરપનું ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શન (ચીઠ્ઠી) વિના વેચાણ પર રોક લગાવી શકે છે. સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી તેને લઈને માપદંડોમાં સંશોધનનો પ્રસ્તાવ સોંપી દેવાયો છે.

ડ્રગ્સ રૂલ-૧૯૪૫માં એક મહત્વપૂર્ણ સંશોધનનો મુસદો જાહેર કર્યો છે, જેમાં સ્વાસ્થ્ય મંત્રાલયે શેડ્યુલમાંથી 'સિરપ' શબ્દ હટાવવાનો પ્રસ્તાવ આપ્યો છે. આ પગલું દવા સાથે સંકળાયેલ નિયમોને સ્પષ્ટ અને અસરકારક બનાવવા ઉઠાવવામાં આવ્યું છે. જેથી જનહિતની રક્ષા થઈ શકે.

જનતા પાસેથી ૩૦ દિવસમાં સૂચનો અને વાંધા મંગાવવામાં આવ્યા છે. આ પ્રસ્તાવિત ફેરફાર ડ્રગ્સ ટેકનિકલ એડવાઈઝરી બોર્ડની સલાહ બાદ જાહેર કરવામાં આવ્યા છે. હાલમાં જ ઓક્ટોબર ૨૦૨૫માં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને પણ તમિલનાડુની શ્રેસન ફાર્માસ્યુટિકલ્સ દ્વારા બનાવવામાં આવેલ કોલ્ડ્રીફ કફ સિરપથી બાળકોના મોત અને ગંભીર સાઈડ ઈફેક્ટસ બાદ એક એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

તબીબોએ સરકારના નિર્ણય પર ખુશી વ્યકત કરી

સર ગંગારામ હોસ્પિટલના મેડિસીન ડિપાર્ટમેન્ટના ચેરપર્સન

અનુસંધાન પાના ૭ પર

# મધ્યપ્રદેશમાં બે અકસ્માતમાં બે પરિવારના આઠનાં મોત

### કટનીમાં પિકઅપે બાઈકને કચડી નાખી, સિવનીમાં ટ્રકમાં મોટર સાઈકલ ઘૂસી

નવી દિલ્હી, તા. ૦૨

મધ્ય પ્રદેશમાં ગુરુવારે રાત્રે બે મોટા અકસ્માત થયા. પહેલો અકસ્માત કટનીના રીઠી પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. અહીં એક પીકઅપ વાહને બાઈકને ટક્કર મારી દીધી. જેમાં એક જ પરિવારના ચાર લોકોના મોત થયા. બીજો અકસ્માત સિવનીના કુરઈમાં થયો. અહીં એક પુરપાટ ઝડપે બાઈક રસ્તા પર ઉભેલા ટ્રકમાં ઘૂસી ગઈ. જેમાં દંપતી અને તેમના બંને બાળકોના જીવ ગયા.રીઠી પોલીસ સ્ટેશનના પ્રભારી મો. શાહિદના જણાવ્યા અનુસાર, અકસ્માત ગુરુવારે રાત્રે લગભગ ૯ વાગ્યે હીરાપુર અને બડગાંવ વચ્ચે થયો હતો. દમોહથી આવી રહેલા ટામેટાં ભરેલા પીકઅપ વાહને બાઈક સવારોને ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે બાઈક સવાર બે યુવકો અને અઢી વર્ષની બાળકીનું ઘટનાસ્થળે જ મોત થયું, જ્યારે ચોથા યુવકે રીઠી હોસ્પિટલમાં મૃત્યુ પામ્યો.મૃતકોની ઓળખ અનુ બસોર (૩૨), તેમની અઢી વર્ષની પુત્રી ભારતી બસોર, વિનોદ બસોર (૩૦) અને પ્રેમલાલ બસોર (૩૨) તરીકે થઈ છે. તમામ

અનુસંધાન પાના ૭ પર

# ઉત્તર, પશ્ચિમ ભારતમાં ધૂમ્મસ રાજસ્થાનના ૨૦ જિલ્લામાં વરસાદ

### પૂર્વોત્તરના રાજયોમાં શિયાળો ત્રણ દિવસ વધુ લાંબો હશે

નવી દિલ્હી, તા. ૦૧

હવામાન વિભાગે આગામી ત્રણ મહિના (જાન્યુઆરીથી માર્ચ સુધી) મધ્યપ્રદેશ, છત્તીસગઢમાં સારો વરસાદ પડવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. જ્યારે પંજાબ, હરિયાણા સહિત ઉત્તર-પશ્ચિમ ભારતમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થશે.

IMDના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રે જણાવ્યું કે બિહાર અને નોર્થ ઈસ્ટ રાજ્યોમાં આ વખતે શિયાળો લગભગ ત્રણ દિવસ વધુ રહેશે જ્યારે રાજસ્થાનમાં ઠંડી વહેલી પૂરી થવાની આશા છે.

બીજી તરફ જમ્મુ-કાશ્મીરના સોનમર્ગ, પહેલગામ અને ગુલમર્ગમાં હિમવર્ષા ચાલુ છે. કાશ્મીર ઘાટીને જમ્મુ ક્ષેત્ર સાથે જોડતા મુઘલ રોડ અને સિન્થન ટોપ રોડને વાહનોની અવરજવર માટે બંધ કરી દેવામાં આવ્યા છે. શ્રીનગર-સોનમર્ગ-ગુમરી રોડ, જે કાશ્મીરને લદ્દાખના કારગિલ જિલ્લા સાથે જોડે છે. તેને પણ હાલમાં હિમવર્ષાને કારણે બંધ કરી દેવામાં આવ્યો છે.

કાશ્મીર હાલમાં ચિલ્લા-એ-કલાં (૪૦ દિવસની કડકડતી ઠંડી)ના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે. સામાન્ય રીતે આ સમયગાળા દરમિયાન રાત્રિનું તાપમાન ઘણું નીચે જાય છે. પરંતુ આ વર્ષે મેદાની વિસ્તારોમાં હજુ સુધી બરફ પડ્યો નથી. હિમવર્ષા ફક્ત પહાડી વિસ્તારોમાં જ થઈ રહી છે.

ગુરુવારે ૨૦ થી વધુ જિલ્લાઓમાં માવઠું પડ્યું, સૌથી વધુ વરસાદ બીકાનેરના શ્રીડુંગરગઢમાં ૨૬ મિમી નોંધાયો. બીકાનેરના ગ્રામીણ વિસ્તારોમાં મોડી રાત્રે લગભગ અડધા કલાક સુધી કરા પડ્યા. વરસાદને કારણે દિવસનું તાપમાન ૧૦ ડિગ્રી સુધી ગગડી ગયું. શુક્રવારે ગાઢ ધુમ્મસ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

# શ્રી પટેલ પ્રગતિ મંડળના ઇતિહાસમાં સૌથી નાની વયે બાદલ પટેલ ચૂંટાયા

## સમાજને આગળ લઈ જવા માટે કટિબદ્ધતા દાખવતા બાદલ પટેલ





સુરત, તા.૨

શ્રી પટેલ પ્રગતિ મંડળના ૭૩ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત ચૂંટણી જંગ હાઈપ્રોફાઈલ બન્યો હતો. વ્યવસ્થાપક સમિતિની આગામી ૨૦૨૬-૨૦૨૮ ની ચૂંટણીમાં 'સૂર્ય' પેનલ ની આંધી જોવા મળી હતી. ચૂંટણીમાં અડધી રાત્રે 'સુરજ' ચમક્યો હતો. જોકે, વિજેતા બનેલા ઉમેદવારો પૈકી એક ઉમેદવાર એવા છે જેઓ સૌથી નાની વયે બોર્ડ ઓફ ડિરેક્ટર તરીકે ચૂંટાઈ આવ્યા છે.

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના મૂળ પારડી ઝાંખરી ગામના વતની અને હાલ ઓલપાડ ખાતે રહેતા બાદલભાઈ સુરેશભાઈ પટેલ માત્ર ૩૨ વર્ષની નાની વયે શ્રી પટેલ પ્રગતિ મંડળના વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે જંગી બહુમતી સાથે ચૂંટાઈ આવ્યા છે. આમ તો બાદલ પટેલ પોતે એડવોકેટ છે, પરંતુ તેઓ છેલ્લા ૧૪ વર્ષથી પત્રકારત્વના વ્યવસાય સાથે સક્રિય રીતે સંકળાયેલા છે. તેઓ નીડર અને નિષ્પક્ષતાથી પત્રકારત્વ ની ફરજ બજાવી રહ્યા છે. કદાચ, એ જ તેઓની કાર્ય પદ્ધતિ થી પ્રેરાઈ ને મતદારોએ તેઓને ખોબેખોબા ભરીને મત આપી ચૂંટી લાવ્યા હતા. નોંધનીય છે કે, મતદારોએ ૭૯.૭૨ ટકા જંગી મતદાન કરતા કુલ ૩૯૮૧ મતો માંથી ૩૧૭૪ મતદાન નોંધાયું હતું. જેમાંથી કુલ ૧૬૬૩ મતો બાદલ પટેલ ને મળ્યા હતા. જેને કારણે ટોપ-૨૦ માં રહેવા માટેની સ્પર્ધામાં તેઓ ટોપ-૧૦ (નવમા ક્રમે) રહ્યા હતા. તેઓની ભવ્ય જીત થતા એમના સમર્થકો અને કોળી સેનાના યુવાનોએ તેઓને ખભે બેસાડી હાર પહેરાવી વિજયોત્સવ મનાવ્યો હતો અને જીત ની ઉજવણી કરી શુભેચ્છાઓ પાઠવી હતી. વર્ષ ૧૯૫૨ માં સ્થાપના બાદ અત્યાર સુધીમાં આટલી નાની વયે કોઈ વ્યક્તિ બોર્ડ ઓફ ડિરેક્ટર બન્યા હોય એવો એક પણ દાખલો મૌજુદ નથી. આટલી નાની વયે સમાજસેવા કરવાની તક મળી હોય બાદલ પટેલે પૂરી નિષ્ઠા અને પ્રામાણિકતાથી અને એક આગવા વિઝન સાથે સમાજને આગળ લઈ જવા માટે કટિબદ્ધતા દાખવી હતી.

## સ્વ.ભગુભાઈ વિમલ ને પુષ્પાંજલી અર્પણ કરાઈ

કોળી પટેલ સમાજની બહુધા વસ્તી ધરાવતા ઓલપાડ અને ચોર્યાસી તાલુકાના ગામડાઓ અને શહેર સુધી કાર્યક્ષેત્ર ધરાવતા શ્રી પટેલ પ્રગતિ મંડળ, સુરતની વાડીના પાયામાં સ્વ.ભગુભાઈ વિમલ નું યોગદાન રહ્યું છે. તેમણે ઈનામી ડ્રો કરવા સાથે વાડીના બાંધકામમાં તન-મન-ધન થી સેવા આપી હતી. જેને કારણે જ આજે સમાજની વાડી વટવૃક્ષ સમાન બની છે. નવા વરાયેલા બોર્ડ ઓફ ડિરેક્ટર બાદલ પટેલે ગત રોજ નવા વર્ષ-૨૦૨૬ ની શુભ શરૂઆત સ્વ.ભગુભાઈ વિમલ ને પુષ્પાંજલી અર્પી કરી હતી. ઉલ્લેખનીય છે કે, સ્વ.ભગુભાઈ વિમલ અને બાદલ પટેલ બંને એક જ ગામ (પારડી ઝાંખરી) અને એક જ ફળિયાના વતની છે.

# રાષ્ટ્રીય આદિવાસી ટ્રેડ ફેરની ૬.૯૩ લાખ લોકોએ મુલાકાત લીધી

સુરત, તા.૨

ગુજરાતના સમસ્ત આદિવાસી સમાજ, રાજયના આદિજાતિ વિભાગ, દિશા ફાઉન્ડેશન તથા અન્ય સંસ્થાઓના સહયોગથી અંબિકા તાલુકાના વસરાઈ ખાતે ચાર દિવસીય રાષ્ટ્રીય આદિવાસી ટ્રેડ ફેર (NTTF) ભવ્ય સફળતા સાથે સંપન્ન થયો હતો. આ મેળાએ આદિવાસી વેપાર, ઉદ્યોગ સાહસિકતા, સંસ્કૃતિ અને આર્થિક સશક્તિકરણને રાષ્ટ્રીય સ્તરે મજબૂત મંચ આપ્યો છે. વધુ વિગતો આપતા સમસ્ત આદિવાસી સમાજના પ્રમુખશ્રી ડો.પ્રદીપભાઈ ગરાસિયાએ કહ્યું કે, ચાર દિવસમાં કુલ ૬.૯૩ લાખ મુલાકાતીઓએ મેળાની મુલાકાત લીધી હતી. જે રાષ્ટ્રીય આદિવાસી ટ્રેડ ફેર(NTTF)ની લોકપ્રિયતા અને વ્યાપક અસર દર્શાવે છે.

આ મેળામાં ૭૬ જેટલા ફૂડના સ્ટોલમાં આદિવાસી સન્નારીઓએ પરંપરાગત નીતનવી વાનગીઓ જેવી કે, ઢેકળા, રાગીના રોટલા, ઉબાડીયું, થેપલા, પનેલા, માલપુડા, મેથીના પુડા, ભડકું જેવી વાનગીઓના સ્ટોલ દ્વારા રૂ.૧ કરોડથી વધુનું વેચાણ થયું હતું. જ્યારે ટ્રેડ અને ફેર સ્ટોલ્સમાંથી રૂ.૪ કરોડથી વધુનું સીધું વેચાણ નોંધાયું હતું. સાથે જ રૂ.૧૫ કરોડથી વધુના નવા બિઝનેસ ઓર્ડર અને લીડ્સ જનરેટ થતા આદિવાસી ઉદ્યોગકારો

અનુસંધાન પાના ૭ પર



# કામરેજ કોલેજના ૬૦મા સ્થાપના દિવસની ભવ્ય ઉજવણીનું આયોજન

## કાર્યક્રમની રૂપરેખા ઘડવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની રીયુનિયન મીટ

સુરત, તા.૨

શ્રી ભારતીય વિદ્યા મંડળ સંચાલિત આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, કામરેજ ચાર રસ્તા ખાતે કોલેજની સ્થાપનાને જુન–૨૦૨૬માં ૬૦ વર્ષ પૂર્ણ થવાના હોવાથી કોલેજમાં અભ્યાસ કરી સમાજના વિવિધ ક્ષેત્રોમાં પ્રતિષ્ઠિત પદો પર કાર્યરત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની રીયુનિયન મીટનું આયોજન કરવાનું વિચારાધીન હોવાથી સમગ્ર કાર્યક્રમનું આયોજન કઈ રીતે કરવું તેની રૂપરેખા તૈયાર કરવા કોલેજ દ્વારા તા. ૦૧/૦૧/૨૦૨૬ (ગુરુવાર)ના રોજ કોલેજના કોન્ફરન્સ રૂમમાં એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં શ્રી ભારતીય વિદ્યા મંડળના મંત્રીશ્રી અને કોલજના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી પરેશભાઈ રણછોડભાઈ ભક્ત, કામરેજ નાગરિક સહકારી બેંકનાં પ્રમુખ શ્રી ડેવિસભાઈ પટેલ, વિદ્યામંગલ, નવી પારડી ના નિયામક શ્રી જતીનભાઈ પટેલ, સાયણ સુગર ફેકટરીના ડીરેક્ટર શ્રી અંકુરભાઈ પટેલ, સાયણ સુગર ફેકટરીના ડીરેક્ટર શ્રી, ડી.આર.જી.ડી શાળા સાયણના ઉપપ્રમુખ અને જીવન રક્ષા હોસ્પિટલના ટ્રસ્ટીશ્રી દર્શનભાઈ નાયક, કોલેજના ભૂતપર્વ વિદ્યાર્થી અને માઈક્રોબાયોલોજી વિભાગના દાતા ના પૌત્ર શ્રી પરેશભાઈ એસ ભક્ત, શ્રી કેતનભાઈ દેસાઈ, શ્રી શૈલેષભાઈ દેસાઈ તથા સામાજિક કાર્યકર શ્રી મહેશ પરમાર, હિમાંશુ સુરતી, એડવાન્સ ડાયસ્નોસ્ટીક લેબો. ના ઓનર શ્રી પરેશભાઈ કપોપરા વગેરે હાજર રહ્યા હતા. આ મીટીંગની શરૂઆતમાં કોલેજના IQAC કો-ઓર્ડીનેટરશ્રી ડૉ. અર્પિત દવેએ આ મીટીંગનો હેતુ સમજાવ્યો હતો. આ મીટીંગમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. નીતિન શાહ દ્વારા ઉપસ્થિત તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસે ભવિષ્યનાં આયોજન અંગે સૂચનો માંગ્યામાં આવ્યા હતા. કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને સામાજિક કાર્યકર શ્રી દર્શનભાઈ નાયકે આયોજનને બિરદાવ્યું હતું. તેઓએ આમાં વધુને વધુ વિદ્યાર્થીઓ કઈ રીતે જોડી શકાય અને તે માટે શું આયોજન કરવું જોઈએ તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને કામરેજ તાલુકા ભાજપ સાથે સક્રિય રીતે જોડાયેલા રામકબીર ઉચ્ચત્તર માધ્યમિક શાળાનાં નિરીક્ષક કેતનભાઈ દેસાઈએ સંસ્થાના વિકાસમાં યોગદાન આપવા આહવાન કર્યું હતું. બેઠક દરમિયાન સંસ્થા સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને સહાય, તેમજ સમાજમાં સંસ્થાની વ્યાપક પહોંચ વધારવા માટે ભવિષ્યમાં હાથ ધરવાની વિવિધ પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત, કોલેજના સ્થાપના દિવસે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ભવ્ય રીયુનિયન મીટનું આયોજન કરી વધુમાં વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને જોડવા અંગે પણ મહત્વપૂર્ણ વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. કોલેજના આચાર્યશ્રીએ ઉપસ્થિત તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સહકાર તથા સૂચનોને આવકાર્યા હતા. બેઠક સકારાત્મક અને ઉદ્દેશસભર વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

# એસટીના ડેપો મેનેજર મહેશ મોદીનું નિવૃત્તિ વિદાયમાન

## એસટી મજદુર સંઘ દ્વારા સન્માન સમારંભ યોજાયો



સુરત, તા.૨

એસટી વિભાગીય કચેરીના ટ્રાફિક શાખાના એ.ટી.એસ કમ ડેપો મેનેજર શ્રીમાન મહેશભાઈ મોદીનો કાર્યક્રમના અધ્યક્ષ સિ.વિજિલન્સ ઓફિસર શ્રી ટંડેલ સાહેબ, ડી.એમ સુરત સીટી શ્રી મનોજભાઈ ચૌધરી, ડી.ટી.એસ શ્રી.ઓ.જીસુરતી ડી.એમ સોનગઢ શ્રી બલરામ પટેલ ડી.એમ બારડોલી શ્રી પાવર સાહેબ હાજર રહેલ તથા કાર્યક્રમમાં એસ.ટી મજદૂર સંઘ સુરત ની ટીમ તરફથી સાલ ઓઢાવી બુકે આપી અને શુકનનું શ્રીફળ તથા ગીફ્ટ આપી સન્માન કરેલ તથા મોદીભાઈ એ પોતાની ફરજ દરમ્યાન એસ.ટી ના અને કેટલાક કામદારો ના હિતમાં સારા કાર્યો કરેલા જેને શ્રી મનોજભાઈ ચાસિયા ના વક્તવ્યમાં મંચ ઉપર થી વર્ણાવામાં આવેલ સમગ્ર કાર્યક્રમ માં શ્રી મહેશભાઈ તથા તેમના દ્વારા કરેલા સારા કાર્યોના શબ્દો સાંભળ્યા બાદ પરીવાર ના સભ્યોને પણ હર્ષના આસુ આવી ગયેલ હતા અંતે શ્રી મહેશભાઈ મોદી દ્વારા એસ.ટી મજદૂર સંઘ સુરત ના પ્રમુખશ્રી શૈલેષ પાલાંડે, ઘનશ્યામસિંહ ગોહિલ ટી.આઇ ગફારભાઈ શેખ,વી.ડી પટેલ,જયપાલસિંહ સોઢા, પ્રફુલભાઈ લાડ,નરેન્દ્ર શર્મા, સુરત એસ.ટી ક્રેડિટ સોસાયટીના પ્રમુખ શ્રી અનિલભાઈ નિષાદ સહિતના તમામ કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો સમગ્ર સભા નું સંચાલન એસટી કર્મચારી મંડળના જી.એસ સંજય પટેલ દ્વારા કરવામાં આવેલ.

# પશ્ચિમ રેલ્વે વિશેષ ભાડા સાથે ખાસ ચાર જોડી ટ્રેન દોડાવશે

## પશ્ચિમ રેલ્વે દ્વારા ખાસ ટ્રેનોના સંચાલનમાં વધારો

સુરત, તા.૨

મુસાફરો અને તેમની મુસાફરીની માંગને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલ્વેએ ખાસ ભાડા પર ૦૪ જોડી ખાસ ટ્રેનોના સંચાલનને લંબાવ્યું છે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, ૧. ટ્રેન નં. ૦૪૮૨૮/૦૪૮૨૭ બાંદ્રા ટર્મિનસ - ભગત કી કોઠી સ્પેશિયલ (સાપ્તાહિક) ટ્રેન નં. ૦૪૮૨૮ બાંદ્રા ટર્મિનસ - ભગત કી કોઠી સ્પેશિયલ ૦૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૪૮૨૭ ભગત કી કોઠી - બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ૨. ટ્રેન નં. ૦૯૬૨૨/૦૯૬૨૧ બાંદ્રા ટર્મિનસ - અજમેર સ્પેશિયલ (સાપ્તાહિક) ટ્રેન નં. ૦૯૬૨૨ બાંદ્રા ટર્મિનસ - અજમેર સ્પેશિયલ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૬૨૧ અજમેર - બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ૩. ટ્રેન નં. ૦૯૦૫૭/૦૯૦૫૮ ઉધના - મેંગલુરુ સ્પેશિયલ (પાછલી વખત) ટ્રેન નં. ૦૯૦૫૭ ઉધના - મેંગલુરુ સ્પેશિયલ ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૫૮ મેંગલુરુ - ઉધના સ્પેશિયલ ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ૪. ટ્રેન નં. ૦૯૦૫૯/૦૯૦૬૦ ઉધના - ખુર્દા રોડ સ્પેશિયલ (સાપ્તાહિક) ટ્રેન નં. ૦૯૦૫૯ ઉધના - ખુર્દા

અનુસંધાન પાના ૭ પર

# ગોધરા કોલેજમાં સાયબર ક્રાઈમ વિશે માર્ગદર્શક સેમિનાર યોજાયો

## પંચમહાલ સાયબર ક્રાઈમ પોલીસે વિદ્યાર્થીઓને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું

સુરત, તા.૨

શેઠ.પી.ટી આર્ટ્સ અને સાયન્સ કોલેજ ગોધરા ના વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ ના લગતી માહિતી પંચમહાલ જિલ્લા સાયબર ક્રાઈમ સેલના પીઆઇ શ્રીપ્રવીણભાઈ જુડાલ સાહેબ, દેવશી સોલંકી તેમજ તેમની ટીમ દ્વારા આપવામાં આવી વર્તમાન સમયમાં સાયબર ફ્રોડ થી બચવા માર્ગદર્શન આપવામાં આવ્યું ડિજિટલ એરેસમેન્ટ , સાયબર ફ્રોડ, બેન્કિંગ ફ્રોડ, ટ્રાફિક અવેરનેસ મોબાઈલ નો ઉપયોગ અંતર્ગત ઝીણવટ ભરી માહિતી આપવામાં આવી હતી વિદ્યાર્થીઓને પીપીટી તેમજ બેનરના માધ્યમથી માહિતગાર કરવામાં આવ્યા હતા આ કાર્યક્રમનું આયોજન ગોધરા કોલેજના સાયબર સેલ અંતર્ગત ડો. સુરેશભાઈ ચૌધરી તથા ભાવેશભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું કાર્યક્રમમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમજ પ્રશ્નોત્તરી દ્વારા પોતાના પ્રશ્નોનું સમાધાન મેળવ્યું હતું સમગ્ર કાર્યક્રમનો આભાર ડો.ભાવેશભાઈ ચૌધરીએ માન્ય હતો.

# હવે 'હીરો' એટલે ફક્ત કુદરતી હીરો જ બીઆઈએસ એ જાહેર કર્યા નવા માપદંડ

## માત્ર કુદરતી હીરા માટે જ 'હીરા'નો શબ્દનો ઉપયોગ થઈ શકશે

સુરત, તા.૨

સુરત ડાયમંડ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકો માટે મહત્વના સમાચાર છે. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) એ એક મહત્વનું નોટીફિકેશન બહાર પાડ્યું છે, જે હેઠળ ગ્લોબલ સ્ટાન્ડર્ડ મુજબ ભારતમાં હીરા માટેના નવા સ્ટાન્ડર્ડ જાહેર કર્યા છે. જેમાં ભારપૂર્વક સૂચવવામાં આવ્યું છે કે ''હીરા'' (Diamond) શબ્દ ફક્ત કુદરતી હીરા માટે જ કઈ શકાશે.

BISએ જાહેર કરેલા તાજેતરના નોટીફિકેશન મુજબ લેબોરેટરીમાં બનાવવામાં આવતા સ્ટોન્સને હવે માન્ય પરિભાષા – ''લેબોરેટરી-ગ્રોન ડાયમંડ'' અથવા ''લેબોરેટરી-ક્રિએટેડ ડાયમંડ'' શબ્દોનો ઉપયોગ કરવાનો રહેશે.......? હવે કોઈ પણ ડાયમંડ બિઝનેસમેન ગેર માર્ગે દોરતા શબ્દોનો ઉપયોગ કરી શકાશે નહીં. નવા નોટીફિકેશન મુજબ લેબોરેટરીમાં બનાવવામાં આવતા સ્ટોન્સ માટે ''નકલી હીરા'' અથવા ''કૃત્રિમ હીરા'' જેવા ગેરમાર્ગે દોરનારા શબ્દો ઉપયોગ કરી શકાશે નહીં. ગ્રાહકોને કોઈ મૂંઝવણનાં થાય એ માટે ચોક્કસ ટ્રીટમેન્ટ અને વ્યાખ્યાઓની સંપૂર્ણ માહિતી આપવી ફરજિયાત રહેશે. નવા ધોરણો મુજબ ''લેબ ગ્રોન'', ''લેબ ક્રિએટેડ'', ''લેબ ડાયમંડ'' અથવા ''LGD'' જેવા સંક્ષિપ્ત શબ્દોનો પણ ઉપયોગ કરી શકાશે નહીં.

# પિંજરતગામે પાક પરિસંવાદમાં ખેડૂતોને માર્ગદર્શન અપાયુ

## કૃષક ભારતી કો.ઓપરેટીવ લી.કૃભકો દ્વારા ખેડૂતોમાં સમજણ કેળવાઈ




સુરત, તા.૨

કૃષકભારતી કોઓપરેટિવ લિમિટેડ''કૃભકો''રાષ્ટ્રના કૃષિ,ગ્રામીણ વિકાસ અને કૃષિ ઉત્પાદનને વેગવાન બનાવવા, ખેડુતોને રાસાયણિક ખાતર સહિતની તેમની ખેતી વિષયક જરૂરીયાતોને સમયસર પુરી પાડવાના શુભ આશયથી કેન્દ્ર સરકાર અને દેશભરની કૃષિ સહકારી મંડળીઓ દ્વારા બહુરાજ્ય રાષ્ટ્રીય સહકારી સંસ્થા કૃષક ભારતી કો.ઓપ.લિ.કે જે ખેડુત માનસમાં'''કૃભકો'''ના નામથી પ્રચલિત છે.તેની સ્થાપના ૧૭મી એપ્રિલ ૧૯૮૦ ના રોજ કરવામાં આવી જે આજદિન સુધી ખેડુતો માટે કાર્ય કરી રહી છે.કૃભકો છેલ્લા ઘણા વર્ષોથી ખેડુતો માટે ગુણવત્તાયુક્ત જૈવીક કૃષિ ઈનપુટ્સ જેવા કે પ્રવાહી જૈવિક ખાતર(બેકટેરીયા),સીટી કમ્પોસ્ટ તેમજ સિવારીકાના ઉત્પાદન અને વિતરણ સાથે સંકળાયેલ છે પરંતુ કૃભકો હવેથી માઈકોરાઈઝાના વિતરણનું કાર્ય પણ શરૂ કર્યુ છે.

કૃભકોનો ઉદ્દેશ માત્ર ખાતરોના વેચાણ પુરતો જ મર્યાદિત નથી,પરંતુ ખેડુતો ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ કરે તે સબંધિત પ્રશિક્ષણ આપવું તેમજ ખેડુતો એકમવિસ્તારમાંથી વધુ ઉત્પાદન લઈ શકે તે માટે આધુનિક કૃષિ ટેકનોલોજીના પ્રસાર માટે પાક નિદર્શન,ખેડુત સભા,સમુહ ચર્ચા,પાક પરિસંવાદ,સહકારી પરિષદશ્વ વિવિધ ગ્રામ્ય વિકાસ કાર્યક્રમો દ્વારા ખેડુતોનો સર્વાંગી વિકાસ થાય તે માટે સતત પ્રયત્નશીલ છે.ત્યારે ક્રિભકોના એરિયા મેનેજર ધર્મેશભાઈ નાઈ દ્વારા ક્રિભકો દ્વારા બનાવવામાં આવતા ખાતર અને તેના ઉપયોગ વિશે ની માહિતી આપવામાં આવી હતી.જેમા યુરિયા ક્યાં પાક માં વાપરવુ વિવિધ પાકો માં કેટલું વાપરવું જે અંગે ખેડૂત સભાસદો ને માહિતગાર કર્યા હતા.અને રાસાયણિક ખાતર નો ખર્ચો ઘટાડી અને ઓર્ગેનિક ખેતી તરફ આગળ વધીએ આજે પાક પરિસંવાદમાં બાયોફર્ટી લાઈઝર,સીટી કમ્પોઝ,અને રાઈઝોસુપર જે ઓર્ગેનિક પ્રોડક્ટ છે જે અંગે સમજ આપી હતી. આ પ્રસંગે પિંજરત મંડળી ના પ્રમુખ કાંતિભાઈ એ જણાવ્યું હતું કે આ પાક પરિસંવાદમાં જે ખેડૂતો ને વિવિધ ખાતરો અને પાકો અંગે જમીન ફળદ્રુપતા વધારવા જેવી બાબતો અંગે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.અમારી મંડળી ને ખાતર સાથે સાથે બિયારણ સર્ટિફિકેટ લાઈસન્સ પણ મળ્યું છે.ત્યારે અમારી મંડળી ના ખેડૂતોને ખાતરો પ્રોડક્ટ અને બિયારણ પણ મળી રહેશે.આ પ્રસંગે ડી.એમ. નાયક(સિનિયર એરિયા મેનેજર ક્રિભકો સુરત), જતીન હિરપરા( ક્ષેત્ર પ્રતિનિધિ ક્રિભકો સુરત),વૃષભ,( પ્રોડક્ટ ડેવલપમેન્ટ મેનેજર નોવોનેસિસ,પુણે) સહીત મંડળી ના ડિરેક્ટર સભાસદો ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત જિલ્લના માંડવી ધર્માંતરણ કાંડમાં વધુ એક શિક્ષકની ધરપકડ

## ગણપત ચૌધરીના ખાસ ગણાતા રાકેશ વસાવાને પોલીસે ઝડપી પાડ્યો

સુરત, તા.૨

સુરત જિલ્લના માંડવી તાલુકામાં પ્રથમવાર સામે આવેલા ધર્માંતરણના મસમોટા કૌભાંડમાં જિલ્લા પોલીસને વધુ એક મોટી સફળતા મળી છે. આ પ્રવૃત્તિના માસ્ટરમાઈન્ડ ગણાતા રામજી ચૌધરીના અત્યંત નજીકના અને



તેના "રહસ્ય સચિવ' તરીકે ઓળખાતા રાકેશ ચંદુલાલ વસાવાની ધરપકડ કરવામાં આવી છે. આરોપી રાકેશ હાઈવે નજીકની શહેરની એક પ્રતિષ્ઠિત ખાનગી શાળામાં અંગ્રેજીના શિક્ષક તરીકે ફરજ બજાવે છે, જેની ધરપકડથી શૈક્ષણિક જગતમાં ફફડાટ વ્યાપી ગયો છે. માંડવી તાલુકામાં પ્રથમવાર આ પ્રકારના વ્યવસ્થિત ધર્માંતરણ નેટવર્કનો પર્દાફાશ થયો છે. રાકેશ વસાવા ધર્માંતરણ માટે આવતા ફંડ, ફાળો અને ખર્ચના તમામ હિસાબો રાખતો હતો. ?તથા કોનું ધર્માંતરણ થયું અને કોને જવાબદારી સોંપવી તેનું રજિસ્ટર રાકેશ પોતે નિભાવતો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. તથા ખ્રિસ્તી ધર્મના ત્રણ દિવસીય કાર્યક્રમમાં રાકેશે મુખ્ય ભૂમિકા ભજવી હતી. એકસાથે ૨૦ વ્યક્તિઓને ધર્મ પરિવર્તન કરાવવાના કિસ્સામાં રાકેશ વસાવાની સંડોવણીના પુરાવા મળ્યા છે.

# ઓલપાડમાં દિવ્યાંગ બાળકોનો સાધન સહાય શિબિર યોજાયો

## સમગ્ર શિક્ષા અંતર્ગત નિઃશુલ્ક સાધનોનું વિતરણ

સુરત, તા.૨

સમગ્ર શિક્ષા સુરત દ્વારા આઈ.ઈ.ડી.યુનિટ અંતર્ગત દિવ્યાંગ બાળકો માટે સાધન સહાય કેમ્પનું આયોજન અત્રેનાં બ્લોક રિસોર્સ સેન્ટર,ઓલપાડ ખાતે કરવામાં આવ્યું હતું.સદર કેમ્પમાં ઓલપાડ અને ચોર્યાસી તાલુકા મળી કુલ ૭૬ જેટલાં લાભાર્થી બાળકોને તેમની દિવ્યાંગતાની કેટેગરી મુજબ ટ્રાઈસીકલ,વ્હિલચેર,ક્રચિસ, કેલિપર્સ,એમ.આર.કીટ, સી.પી.ચેર, હીયરીંગ એડ્સ,બ્રેઈલ કીટ જેવાં વિવિધ પ્રકારનાં સાધનોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલે જણાવ્યું હતું કે ૬ થી ૧૮ વર્ષનાં શાળામાં અભ્યાસ કરતાં હલન ચલન ખામી ધરાવતાં બાળકો (OH), માનસિક ક્ષતિ ધરાવતાં બાળકો (ID), સંપૂર્ણ અંધ બાળકો (TB), મૂકબધિર બાળકો (HI) તેમજ બહુ દિવ્યાંગતા ધરાવતાં બાળકો (MD) ને એલિમ્કો કંપની દ્વારા સાધન સહાય કરવામાં આવી છે જે સરાહનીય બાબત છે. આ પ્રસંગે દિવ્યાંગતાની કેટેગરી મુજબનાં ડોક્ટર્સની ટીમ ખડેપગે રહી હતી. સદર કેમ્પમાં જિલ્લા આઇ.ઇ.ડી. કો-ઓર્ડિનેટર હરેશભાઈ ગલસર ખાસ ઉપસ્થિત

અનુસંધાન પાના ૭ પર

# પેઢીઓથી જીવાતિ જીવનશૈલી તે જન સમૂહની પરંપરા છે: થર્સ-ડે થોર્ટ

## પરંપરા સમુહને ઓળખ આપે છે સંસ્કાર વ્યક્તિને જીવન આપે છે: કાનજી ભાલાળા

સુરત, તા.૨

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે યોજાયેલા ૧૩૯માં થર્સ-ડે થોર્ટ કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, કોઈ વ્યક્તિ સંસ્કારી છે તે ખબર કેમ પડે? વ્યક્તિના વાણી વર્તન અને વ્યવહારમાં જે સદગુણ દેખાય તે સંસ્કાર છે. સંસ્કાર વિધિઓમાં નથી તે વાણી અને વ્યવહારમાં વ્યક્ત થાય છે. જ્ઞાન વ્યક્તિને કુશળ બનાવે છે. પરંતુ સંસ્કાર સારો



માણસ બનાવે છે. તેમણે પરંપરા વિષે જણાવ્યું હતું કે, પેઢી ગત પેઢી સમુહમાં જીવાય તે પરંપરા છે જયારે વ્યક્તિના વર્તનમાં દેખાય તે તેના સંસ્કાર છે.

અનુસંધાન પાના ૭ પર

# ઓલપાડ તાલુકા નિવૃત કર્મચારી મંડળનો સુવર્ણ જયંતિ મહોત્સવ

## ૫૦ વર્ષના ઇતિહાસની વિકાસગાથા રજુ કરતાં સ્મૃતિગ્રંથનું વિમોચન

સુરત, તા.૨

ઓલપાડ તાલુકાના નિવૃત કર્મચારી મંડળની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ થતાં મંડળના સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણી સમારોહ મંડળનામાજી પ્રમુખ ભગુભાઇ બી.પટેલના અધ્યક્ષસ્થાને હાથીસા રોડ ખાતે ખૂંટાઈ માતા મંદિર હોલમાં યોજાયો હતો.આ સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે મંડળની સ્થાપનાના ૫૦ વર્ષના ઈતિહાસની વિકાસગાથા રજુ કરતાં સ્મૃતિગ્રંથનું વિમોચન કરાયું હતું.

આ પ્રસંગે તાલુકા નિવૃત કર્મચારી મંડળના પ્રમુખ કરશનભાઈ પટેલે મંડળની સ્થાપનાના ૫૦ વર્ષના ઈતિહાસનો ચિતાર રજુ કરતાં જણાવ્યું હતું કે,સરકારી અને અર્ધસરકારી કચેરીઓમાંથી નિવૃત થતા કર્મચારીઓના પેન્શન-ગ્રેજયુઈટી સહિતના અનેક પ્રશ્નોની સમસ્યા માટે સને-૧૯૭૫ ની સાલમાં આ મંડળની સ્થાપના કરાતા આજે વટવૃક્ષ બની આ મંડળ નિવૃત કર્મચારીઓના પ્રશ્નાને ઉકેલની દિશામાં મદદ કરી રહ્યું છે.આ સમારોહમાં મંડળના નિવૃત કર્મચારીઓના અનેક પ્રશ્નોનું નિકારણ કરી વર્ષો સુધી મંડળના પ્રમુખપદે સેવા આપનાર વયોવૃધ્ધ માજી પ્રમુખ ભગુભાઇ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પ અને મોમેન્ટોથી સન્માન કરી

અનુસંધાન પાના ૭ પર

# ટોલી ઇન્ડસ્ટ્રીમાં ચર્ચા જગાવતી ડીએજિસી પ્રોડક્શન






ઋદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતા :- ''મિત્ર, તારો ખોવાઈ જવાનો સ્વપ્ન જો'' — એવા સ્વપ્નોને હકીકતમાં ફેરવવા માટે ટોલી ઈન્ડસ્ટ્રીમાં ખાસ્સો પ્રતિસાદ મેળવી રહી છે અંકિતા રાય. ડીએજિસી પ્રોડક્શન હાઉસની કર્ણધાર અંકિતા રાયે એક અનોખું શૂટ આયોજન કર્યું. તેમના આ કાર્યને મોડેલિંગ જગતમાં પહેલેથી જ પ્રશંસા મળી છે. લાંબા સમયથી તેઓ મોટા અને નાના પડદાની દુનિયામાં કાસ્ટિંગ ડિરેક્ટર અને સ્ક્રિપ્ટ રાઈટર તરીકે જાણીતા હતા. તેમનો મુખ્ય ઉદ્દેશ નવા મોડેલ્સ અને મેકઅપ આર્ટિસ્ટ્સને પોતાની પ્રતિભા રજૂ કરવાની તક આપવાનો છે. ડી.એ.જી.સી. પ્રોડક્શન હાઉસનો મુખ્ય લક્ષ્ય એક જ છે — નવોદિતોને તક આપવી અને નવા-જુના કલાકારોના મિલન સાથે આગળ વધવું.

તેઓ ઈચ્છે છે કે તેમની સાથે જોડાયેલા અને કામ કરતા દરેક વ્યક્તિનો લક્ષ્ય એક જ રહે, જે જીત કરતાં પણ વધારે મૂલ્યવાન હોય. તેઓ સર્જન કરવાનું જાણે છે અને તેને પ્રેમ કરે છે. નાના-મોટા તમામ કલાકાર-કલાકારીઓ, જે પ્રોડક્શન સાથે જોડાયેલા છે, ખાસ કરીને આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. પ્રોડક્શનમાં અભિનય શીખ્યા બાદ, તેઓ જ આગળનો માર્ગ બતાવશે અને હાલમાં પણ બતાવી રહ્યા છે. તેમના દ્વારા આયોજિત આ ફોટોશૂટ તે તમામ માટે હતું, જેમણે છેલ્લા છ મહિનાથી ઓછા કે વધારે સમયથી અભિનય શીખ્યો છે, જેથી તેમના માટે પોર્ટફોલિયો તૈયાર થઈ શકે.

છ મહિના અભિનય શીખ્યા બાદ શ્રેષ્ઠ અભિનેતા અથવા અભિનેત્રીને ચાંદીનો ક્રાઉન ભેટમાં આપવામાં આવે છે અને સાથે અનેક સીરિયલ તથા ફિલ્મોમાં કામ કરવાની તક પણ આપવામાં આવે છે. આવા અભિનયના ક્લાસ ગૌરી નાથ બેનર્જી અને અમિતાભ દે લઈ રહ્યા છે. તેઓ છેલ્લા છ વર્ષથી લેખિકા તરીકે પણ જાણીતા છે અને અનેક શોર્ટ ફિલ્મ, થિયેટર અને યાત્રાના રચયિતા તરીકે ઓળખાય છે. અહીંથી ઑનલાઈન અને ઑફલાઈન ઘણા વિદ્યાર્થીઓ પણ જોડાયેલા છે, જેમને નિયમિત રીતે કામ પણ મળ્યું છે.

કહેવામાં આવે છે કે સમય બદલાય છે, ઋતુ બદલાય છે — અને તેના સાથે માણસમાં પણ પરિવર્તન આવે છે. અંકિતાના આવા પ્રોડક્શન હાઉસ એનું જીવંત ઉદાહરણ છે. તેઓ કેટલાક નવા અને ખાસ પ્રતિભાશાળી કલાકારોને લઈને આવ્યા છે, જ્યાં એક જ છત હેઠળ અભિનય તાલીમ, કવિતા પાઠ, માર્શલ આર્ટ, યોગા, સ્ક્રિપ્ટ રાઈટિંગ, નૃત્ય અને ગાયન બધું શીખવવામાં આવે છે. આ પ્રોડક્શન હાઉસ મુખ્યત્વે નવોદિત અને અનુભવી કલાકારોનું સંગમ છે.

મુખ?ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા ઝી બંગાળના લોકપ્રિય સીરિયલ 'જગદ્ધાત્રી'ના અભિનેતા અમિતાભ દે, સન બંગાળના 'ક્રાઈમ ડાયરી' સીરિયલના અભિનેતા ઈન્દ્રજીત ઘોષ, આકાશ આઠના 'ખના' સીરિયલની અભિનેત્રી મુનમુન દાસ, અનામિકા દત્ત (બ્રાન્ડ એમ્બેસેડર), અજય ભટ્ટાચાર્ય, સોહાની ચેટર્જી, રિમ્પા ખાતૂન અને પ્રતીક્ષા ચક્રવર્તી.

મોડેલ્સમાં હાજર રહ્યા હતા આફરીન મિસ્ત્રી, અનુષ્કા સરદાર, પેખમ કાયાલ, શ્રેયાન્વી મિત્ર રાય, રાયાન દાસ, ભૂવાનુ કુમાર અગાસી, મોહમ્મદ અલાઉદ્દીન, દેવરાજ ભટ્ટાચાર્ય, પ્રિયાંશુ કર્મકાર, ટુમ્પા અગાસી, રિચા રાય ભટ્ટાચાર્ય, નિશા મંડલ, રત્ના દાસ, સ્વસ્તિકા જયસ્વલ, મલ્લિકા મંડલ, સુચિત્રા હલદાર, સૌમ્યાલિના મારિક (ઇન-હાઉસ મોડેલ), દીપિકા સાન્યાલ, હાફિઝા ખાતૂન, રાણી ચૌધરી, મયૂરાક્ષી સાધુખાન, સાયંતી માઈતી અને કૌશિકી ગાઈન.

ફોટોગ્રાફર તરીકે હતા તથાસ્તુ પાપ્પુ, બિપ્લબ સરકાર, વિશ્વજીત દાસ અને શ્રેયા જાણા. કાર્યક્રમમાં વસ્ત્રોની વ્યવસ્થા મહાનંદ માઝીએ કરી હતી. મેકઅપ આર્ટિસ્ટ્સમાં ઈન્દ્રાણી સાહા, જયોત્સ્ના મિત્ર રાય અને અંતરા બડાલ તથા લેકમે એકેડેમી ખાસ આકર્ષણ બન્યા હતા.

તેમનો મુખ્ય ઉદ્દેશ આ તમામ સુંદર તસવીરોને મેગેઝિન સ્વરૂપે આવતા વર્ષની શરૂઆતમાં પ્રકાશિત કરવાનો છે, જેના માટે અનેક લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ રીતે નવી પેઢીની બાજુએ ઊભા રહીને તેમના ભવિષ્યને ઉજાગર કરવાની ઈચ્છા સમગ્ર ટોલી ઈન્ડસ્ટ્રીની છે. નવા ચહેરાઓને તક આપવા માટે એક નામ — ડી.એ.જી.સી.






## પ્રેમમાં પડવું સહેલું છે, પણ તેની કેમેસ્ટ્રી અઘરી કેમ છે?

પ્લેટોએ સિમ્પોઝિયમમાં પ્રેમને લેડર ઓફ લવ તરીકે વર્ણવ્યો છે. પ્રેમની વાત શારીરિક સુંદરતાથી શરૂ થાય પણ તેને આત્માની સુંદરતા, નૈતિકતા અને અંતે પરમ સત્ય તરફ લઈ જવો જોઈએ. સરવાળે પ્રેમ આત્માની ઉન્નતિનું માધ્યમ છે, જે જ્ઞાન તરફ લઈ જાય છે. આને સરળ ભાષામાં 'પ્લેટોનિક લવ' કહેવામાં આવે છે, મીન્સ શારીરિક વગરનો આધ્યાત્મિક પ્રેમ. હવે આવો પ્રેમ શોધવો ક્યાં એ એક અલગ વિષય છે.આપણે જે સમજીયે છીએ એ પ્રેમમાં પણ ભારેખમ કેમેસ્ટ્રી સમાયેલી છે. આમ તો પ્રેમમાં પડવું એ સહેલું હશે, પણ એની કેમેસ્ટ્રી સમજવા જઈએ-એનું રસાયણ શાસ્ત્ર જો ઉકેલવા જઈએ તો પ્રેમને ભૂલી જવાયપ!આમેય પહેલેથી કેમેસ્ટ્રીમાં આપણો હાથ થોડો કાચો છે. એવું માનવામાં આવે છે કે માણસ પ્રેમમાં પડે એટલે મગજમાંથી ડોપામાઈન સાથે કેટલાય કેમિકલનાં ઝરણા વહે. એનાથી ઊલટું, પ્રેમ તૂટે તો ય પાછા કેમિકલની અવળી કેમેસ્ટ્રી ચાલુ થાયપતમે કોઈને ચાહતા હોય એ કોમન છે, પણ લવની મજા એ લકી લોકોને હોય છે જેને પ્રતિપળ, પ્રતિક્ષણ કે પળેપળ કોઈ ચાહતું હોયપમૂળ વાત, સાઈકોલોજી કહે છે માણસ સવારે ઊઠે છે ત્યાંથી પ્રેમમાં જ પડતો હોય છે. ઘર, બાથરૂમ, કપડાં, પરિવાર, વાહન, ઘરબહારનાં દ્રશ્યો, સિગ્નલ પરની લાલ- પીળી- લીલી લાઈટ્સ, રસ્તા પર ભીખ માંગતું બાળક, ઓફિસ બોય, ચા, કોફી, ફોન પર દોસ્તો સાથે ગાળાગાળી, વ્યવસાય, પાનપ.પ્રેમ જ પ્રેમ છે ભાઈપ પ્રેમમાં રોમાન્સ અને રોમાંચની એક સાવ અલગ મઝા હોય છે, જે ના સમજે વો અનાડી હૈ!-તો પછી પ્રેમનો સિલેબસ અભ્યાસક્રમ ખરો?પહેલીવાર સિસ્ટમેટિક કામસૂત્રથી થયેલી શરૂઆત ૧૯૭૩માં લખાયેલી 'કલર્સ ઓફ લવ' પર પહોંચી, જ્યાં પ્રેમના પ્રકાર સમજાવવામાં આવ્યા. પ્રેમનો પહેલો પ્રકાર ઈરોઝ, સિમ્પલ રોમેન્ટિક પ્રેમ જેમાં સામા પાત્રની સુંદરતા પામવાની વાત છે. શારીરિક અને અંતરથી ચાહત હોય તો બધા શોખ પણ કોમન લાગવા લાગે, તમે રખડવાના શોખીન ન હોય પણ સામી વ્યક્તિ રખડવાની શોખીન હોય તો તમને પણ તે ગમવા લાગશે.

બીજો પ્રકાર છે, લ્યુડો આનંદ માણવા માગતો પ્રેમ. સાથે જર્ની કરો છો ને કંપની ગમી ગઇ મતલબ કે ગંભીરતા વગરનો રોમેન્ટિક લવ. બહુ ઊંડાણ વગરનો ટેમ્પરરી ફેસબૂકીયો પ્રેમ ઓનલાઈન થતાં સળગે અને ઓફલાઇન પર બુઝાઇ જાય.

ત્રીજો છે, કૌટુંબિક પ્રકારનો લવ-બીજાની જવાબદારી સમજે તે પ્રકારનો પ્રેમ. આમ તો આ રોમાન્સ બાયપ્રોડક્ટ છે, મળે તો ઠીક બાકી બહુ અપેક્ષા નથી હોતી. બહુ ઉત્સાહ ન હોય તો ધીમે ધીમે આગ ઓલવાઇ જાય.

ચોથો પ્રકાર છે મેનિયા, જેમાં ઉપરનો પહેલો અને બીજાનો કલર મીક્ષ થાય. મિન્સ ઈરોઝ અને લ્યુડોઝનું જોઈન્ટ વેન્ચર તીવ્ર પ્રેમ જે ક્યારેક સુખી જીવડાઓના જીવનમાં ઝંઝાવાત લાવી શકે.

## માનવજાતનો સૌથી ખરાબ સમય કયો? 'વર્તમાન'



ઐતિહાસિક સમયમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ. સમયને ઐતિહાસિક કહ્યો છે, સારો કે ખરાબ નહિ. ઐતિહાસિક સમય હંમેશાં સારો અને ખરાબ બંને રહેવાનો, ચડાવ અને ઉતાર વાળો રહેવાનો, અણધાર્યા વળાંકોવાળો રહેવાનો. માટે જ તે ભવિષ્યમાં ઈતિહાસ તરીકે લોકો યાદ રાખે. અત્યારે એવો સમય ચાલી રહ્યો છે. જે ફક્ત ભારત માટે જ નહિ, અમેરિકા જેવા દેશો સહિત દુનિયાની અડધી પ્રજા ટર્મોઈલમાં એટલે કે અંધાંધૂંધી વચ્ચે જીવી રહી છે.

સિરીયા અને બીજા દેશોના લાખો રેફ્યુજીઓ ૨૦૨૫માં પણ યુરોપના દેશોના ઓશિયાળા થઈને મેદાનમાં તાણેલા તંબુઓમાં ઠંડી-ગરમી વચ્ચે દિવસો કાઢી રહ્યા છે. એવું લાગે છે કે આ શરણાર્થીઓને કોઈ સ્વીકારવાનું નથી. તે બાળકોનું શિક્ષણ, નાની ઉંમરની છોકરીઓ અને મોટી ઉંમરની એકલી સ્ત્રીઓ વગેરેનું ભાવી ફક્ત અંધકારમય જ નથી પણ તદ્દન નિરાશાજનક છે, અમાનવીય છે. મિડલ ઈસ્ટ દેશોની સ્થિતિ આપણે વર્ષોથી જાણીએ છીએ. અફઘાનિસ્તાન અને પાકિસ્તાન તો જાતે જ પોતાનું પતન પ્રેરી રહ્યા છે. એ જ રસ્તે બાંગ્લાદેશ છે. બાંગ્લાદેશમાં અત્યારે જે હિંદુઓની સ્થિતિ થઈ રહી છે તે હૃદયદ્રાવક છે. તે દેશ ભારત માટે દિવસે ને દિવસે જોખમી બની રહ્યો છે.જુદા માધ્યમો દ્વારા ઈરાન એવું પ્રસ્થાપિત કરવા માગે છે તે દેશ ઘણો મોર્ડન બનતો જાય છે, પણ અંદરની હકીકત જુદી જ નહિ પણ વિપરીત છે. ઈરાક તો હજુ અઢારમી સદીના માહોલમાં જીવે છે અને તેને આગળ આવવું નથી. જોર્ડન-સીરિયાની હાલત આઈસીસના આતંકવાદે બગાડી નાખી છે જે હજુ બહુ સુધરી શકી નથી. ઉપર યુરોપમાં મોટી ઉથલપાથલ એ થઈ રહી છે કે બ્રિટન ગ્રૂપમાંથી નીકળ્યા પછી મોટો ફટકો રશિયા-યુક્રેઈન યુદ્ધને કારણે લાગ્યો છે. બીજા વિશ્વયુદ્ધ પછીનો સૌથી મોટો અપસેટ બ્રેક્ઝીટ હતો પણ પરોક્ષ યુદ્ધ જેવી સ્થિતિ આ યુક્રેઈનની સળગતી સરહદને કારણે છે.આ બધા વચ્ચે ચાઈનાના લોખંડી પડદા નીચે સામ્યવાદ ફુલતો જાય છે અને ત્યાં પોલ્યુશન સાથે બેરોજગારી વિકરાળ બનીને ઊભી છે. રશિયામાં પુતિનભાઈ ખુદ રશિયા માટે અને બીજા માટે ખતરો બની શકે એમ છે. વિશ્વને સૌથી મોટો આંચકો ડોનલ્ડ ટ્રમ્પની બીજી વખતની જીતથી લાગ્યો છે. અમેરિકાએ પોતાની જે છાપ વિશ્વના લોકો પાસે ઊભી કરેલી તે દંભી છાપ ચકનાચૂર થઈ ગઈ છે. જેન્ડર ઈક્વાલીટી, સિટિઝન ઈક્વાલિટી, વીમેન રીસ્પેક્ટ, ટેક્સ પેયીંગ વગેરેનું અભિમાન લેતા અમેરિકનોએ તેવી વ્યક્તિને બીજી વાર ચૂંટી કાઢી જે ઉપરોક્ત સૂચીમાંથી એક પણ ગુણ ધરાવતી નથી.વર્લ્ડ પોલીટીકલ સિનારિયો ચેન્જ થતો જાય છે. આધુનિકતા સાથે આપણી ધારેલી દિશામાં પ્રગતિ થવાને બદલે કોઈ ભળતી જ દિશામાં વિકાસ થઈ રહ્યો એવું સરેરાશ નાગરિક મહેસૂસ કરે છે. લોકોની ચોઈસ કળી ન શકાય એવી અનપ્રેડિકટેબલ-અનપેક્ષિત — થતી જાય છે. કદાચ વૈશ્વિક નાગરિક વધુ ને વધુ મનોરંજન-પ્રેમી થતો જાય છે.આપણે ત્યાં પણ એવું છે. ક્રિસમસ પર અમુક કટ્ટરવાદીઓ તોડફોડ કરે કે સાંતાના કોસ્ચ્યુમ વેચતા ગરીબ ફેરિયાઓ ઉપર રોફ જમાવે તો પણ આપણે બધા મજા કરી રહ્યા છીએ. માણસને હવે મોનોટોની ગમતી નથી. એકધારાપણાનો કંટાળો પહેલાં ફક્ત અંગત જિંદગીમાં ખૂંચતો. હવે દેશમાં અને સમાજમાં પણ ખટકે છે. સાં કે ખરાબ થાય એમાં લોકો હવે બહુ નથી પડતા. કંઈક જુદું થાય છે એની મજા આવે છે. જુદું થાય એ અવિચારી હોય કે લાંબે ગાળે ફાયદાકારક હોય, પણ એના વિશે અટકળો કરવી, તેના જોક્સ બનાવીને ફોરવર્ડ કરવા, વીડિયોથી લઈને મિમિક્રી મેસજે કરવામાં અનેરો આનંદ આવે છે.હા, મિમ બનાવવામાં ભારતીયોની સામુહિક સર્જનાત્મકતા ખીલી છે. હવે શિયાળાના આગમનની વિવિધ વાનગીઓના કે ચોમાસાની વિદાયના કાવ્યો સિવાય પણ કંઈક વધારાનું પબ્લિકને ખપે છે અને રાજકારણ, મીડિયા તથા સત્તાધીશો લોકોની આ મનોરંજન ભૂખ પૂરતા પ્રમાણમાં પોષી રહ્યા છે. બદલાતી જતી સ્થિતિમાં સર્વાઈવલ સાથે પ્રોગ્રેસની ચિંતા પણ આપણને સતાવતી હોય છે. અમુક વાતો આપણે સ્વીકારવી જ રહી. હિંદુ ગ્રંથોમાં કળયુગનું વર્ણન આવે છે, એમાં એવું કંઈક છે:'અમીરો ચિંતામાં હશે અને ગરીબો ખુશ હશે, કુંવારાઓ સુખી હશે અને પરિણીતો દુ:ખી!' હસવું આવે પણ અત્યારની સ્થિતિ આનાથી ક્યાં બહુ જુદી છે? કહેવાનું એમ છે કે ખરાબ સમય તો આવવાનો જ અને તેની તીવ્રતા પણ વધતી જ જવાની. ચેન્જ ઈઝ ઇનએવીટેબલ. પરિવર્તન સંસારનો જ્યાં નિયમ હોય ત્યાં આપણે મોહબત્તે'ના અમિતાભ બચ્ચન બનીને ઊભા રહીએ કેબદલતી ચીઝે મુજે પસંદ નહિ' તો હવાની નાનકડી લહેરખી પણ આપણને ફગાવી દે. બીલ ગેટ્સ પોતાના પુસ્તકમાં એટલે જ શરૂઆતમાં લખે છે, ચેન્જ યોરસેલ્ફ બીફોર ચેન્જ ચેન્જીઝ યુ. પરિવર્તન તમને બદલાવી નાખે તેની પહેલા ખુદ તમે પરિવર્તન આણો. બદલાવ ન લાવી શકો તો કઈ નહિ પણ બદલાવ સાથે અનુકુલન સાધવું તો આપણા હાથમાં છે.

## જીવન રસથાળ જેવું બનાવો

કહેવાય તો એમ છે કે, ભૂખ્યા પેટે ભક્તિ ન થાય! ચોવક પણ કહે છે કે: 'પેલી પૂજા પેટજી, પોય પૂજા ડેવજી.' શબ્દાર્થ અને ભાવાર્થ એક સમાન છે કે, 'પહેલાં પૂટ પૂજા, પછી જ દેવ પૂજા'! પણ જે રીતે આ ચોવકનો લોકભાષામાં ઉપયોગ કરવામાં આવે છે. તે મતલબનો તેનો ગર્ભિત અર્થ નથી! અહીં પેટ એટલે માત્ર પોતાનું પેટ નહીં, અને વધુ ઊંડા ઉતરીએ તો 'પેટ ભરવાની' તો વાત જ નથી! દેવ પૂજા કરવા માટેની ક્ષમતા અને લાયકાત હોવાની વાત છે!

બીજી એક ચોવક જે આ ગર્ભિત અર્થને સ્પર્શે છે તે આ રહી: 'ભિસ્મીલાજી ભરકત તેં કે હીલો નિકાં હરકત' ભરકત અને હરકત શબ્દો ગુજરાતીમાં પણ પ્રચલિત છે. એ સિવાય ચોવકમાં વપરાયેલા બે કચ્છી શબ્દો 'હીલો' એટલે આંચ અને 'નિકાં' એટલે 'નહીં' એવો અર્થ અહીં અભિપ્રેત છે. ચોવકનો અર્થ થાય છે: 'જેને ઈશ્વર ભરકત આપે છે તેને, અથવા ઈશ્વરના જેના પર આશીર્વાદ વરસે છે તેને, કોઈ આંચ કે અડચણ આવતી નથી.'

ઘણા લોકોને બીજાનું બધું જ સારું લાગે. ભલેને પછી એવીજ વસ્તુ પોતાની પાસે હોય! 'પારકે ભાંણે જો લડૂં વડો!' એક સાથે જ જમવા બેઠા હોય, લાડુ બનાવનારે બધા લાડુ એક સરખા કદના બનાવ્યા હોય, પરંતુ બાજુમાં જમવા બેઠેલાની થાળીમાંનો લાડુ મોટા કદનો લાગે છે! ચોવકનો શબ્દાર્થ છે: પારકે ભાણે લાડુ મોટો. ગુજરાતી ભાષામાં પણ એવા અર્થની કહેવત પ્રચલિત છે કે, 'પારકે રોટલે જાડી કોર'! અહીં રોટલાની કોરનું મહત્ત્વ પણ બતાવવામાં આવ્યું છે.

કઈ રીતે ખબર છે? જાડી કોરના રોટલા ખાવાની મજા આવે! જે રોટલાની કોર જાડી હોય તેનો વચ્ચેનો ભાગ પણ થોડો જાડો જ હોય અને રોટલો જેટલો જાડો હોયને તેટલું એ ઘી વધારે ચૂસી લે! ઘીથી તરબતર રોટલો અને સાથે ગોળનો ગાંગડો હોય તો પણ ભોજન 'રસ થાળ' બની જાય. ગર્ભિત અર્થ એવો થઈ શકે કે, જીવનને 'રસથાળ' સમાન બનાવો! બીજાની દેખાદેખી કર્યા વગર ઈશ્રૃવરે જે આપ્યું છે, તેને અસંતોષની નજરે ન જોવું!

એવી જ અર્થસૂચક ચોવક પણ છે: 'પરાઈ માંનીજી કોર જાડી લગે'! લોકોને પોતાની પાસે જે છે, તે નથી ગમતું! બીજા પાસે જે છે, તે બધું જ સારું લાગે છે! વળી, ઘણા લોકો એવા પણ હોય છે, જેને કોઈ તમન્નાજ નથી હોતી! તેમના માટે એક બહુ સરસ ચોવક છે: 'ન પોંગ ન ફરઈ, ન ખીર ન બરઈ!' ચોવકમાં વપરાયેલો શબ્દ 'પોંગ' એટલે પોંક અને 'ફરઈ' એટલે ફળી! ખીર એટલે દૂધ અને બરઈપ પ્રસૂતા ગાય કે ભેંસના પ્રથમ દૂધમાંથી બનતી એક વાનગી! કંઈ નથી જોઈતું! ઈશ્રૃવરે જે આપ્યું એજ અને એટલું જ બસ છે!

# દેશમાં આરોગ્યસંભાળ માટે નરમ-ગરમ રહ્યું આ વર્ષ

૨૦૨૫ના વર્ષે આરોગ્ય ક્ષેત્રે કદ, રોકાણ અને ટેક્નોલોજીની દ્રષ્ટિએ નોંધપાત્ર પ્રગતિ કરી છે. આ વર્ષ સાર્વત્રિક સ્વાસ્થ્ય કવરેજની દિશામાં મહત્ત્વપૂર્ણ પ્રયાસો માટે અને તબીબી ક્ષેત્રે નવીનતા તથા ટેક્નોલોજીના નવીન પ્રયોગો માટે દાખલારૂપ સાબિત થશે. જ્યારે કેટલાક નવા સંશોધનો અને મેડિકલ એપ્લિકેશનોએ આશાઓ જગાવી તો કેટલાક મહત્ત્વપૂર્ણ મોરચે નબળાઈઓ પણ સામે આવી, જેનો તાત્કાલિક ઉપાય ખૂબ જ જરૂરી છે. આ વર્ષે સરકારી કક્ષાએ સ્વાસ્થ્યને 'કલ્યાણકારી ખર્ચ'માંથી 'રાષ્ટ્રીય રોકાણ' તરીકે જોવાનો વિચાર મજબૂત બન્યો એ મોટી વાત સાબિત થઈ છે.

આરોગ્ય સેવાઓનો વ્યાપ કાગળમાંથી નીકળીને ટેક્નોલોજી અને પ્લેટફોર્મ-આધારિત ઉકેલ તરફ વધ્યો છે. સમગ્ર વર્ષ દરમિયાન મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલ હેલ્થ અને પ્રાથમિક આરોગ્ય સેવાઓના વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત રહ્યું હતું. ટેલી-મેડિસિન સેવાઓનું વિસ્તરણ, ઇ-સંજીવની જેવા પ્લેટફોર્મનો વધતો ઉપયોગ અને આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન અંતર્ગત હેલ્થ આઈડીનો વ્યાપક પ્રસાર નોંધપાત્ર છે. સરકારની સૌથી મોટી સફળતાઓમાં પ્રાથમિક આરોગ્યસંભાળ અને ડિજિટલ આરોગ્ય માળખાગત સુવિધાનો વિસ્તાર, આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોની સંખ્યા અને કાર્યક્ષમતામાં સુધારાનો સમાવેશ થાય છે.

ભારતે આ વર્ષે તબીબી ઉપકરણોના ઉત્પાદન, જેનેરિક દવાઓ અને રસી સંશોધનમાં વૈશ્વિક સ્તરે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. ટીબી, માતૃત્વ અને બાળ આરોગ્ય, રસીકરણ અને ડાયાબિટીસ, હાયપરટેન્શન અને કેન્સર જેવા બિન-ચેપી રોગો પર ચાલી રહેલા અભિયાનોએ મિશ્ર પરિણામો મેળવ્યા છે. ભારતમાં ટીબીના કેસોમાં ૨૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. જે વૈશ્વિક ઘટાડા દર કરતાં બમણો છે. સારવાર કવરેજ પણ વધીને ૯૨ ટકા પહોંચ્યો છે.

'સ્વસ્થ નારી, સશક્ત નારી' અભિયાન તથા આ વર્ષના વિશ્વ આરોગ્ય દિવસના સૂત્ર 'સ્વસ્થ શરૂઆત, આશાપૂર્ણ ભવિષ્ય'નો ઉદ્દેશ્ય અટકાવી શકાય તેવા માતા અને નવજાત શિશુ મૃત્યુદરને ઘટાડવાના પ્રયાસોને વેગ આપવાનો હતો. ભારતમાં શિશુ મૃત્યુદર ગત વર્ષ કરતાં ત્રણ ટકા ઘટીને લગભગ ૨૫ ટકા થયો છે.

આ વર્ષે ૨૦૨૪ની સરખામણીએ મોબાઈલ મેડિકલ યુનિટ, ડ્રોન અને ટેલિ-ક્ધસલ્ટેશનના માધ્યમથી દૂરવર્તી વિસ્તારોમાં આરોગ્ય સંભાળની સેવાઓની પહોંચ થોડી વધી છે. ૨૦૨૫ એ વર્ષ હતું જ્યારે એઆઇ-આધારિત ડાયગ્નોસ્ટિક્સ, રોબોટિક સર્જરી અને આઈઓટી ઉપકરણોનો ઉપયોગ માત્ર પ્રતીકાત્મક રીતે જ નહીં પરંતુ વ્યવહારિક રીતે પણ વિસ્તર્યો હતો. આથી જટિલ સર્જરીનો સફળતા દર વધવાની સાથે સામાન્ય લોકો માટે બીજા અભિપ્રાયો સુલભ બન્યા છે.

સરકારે લગભગ બે લાખ આયુષ્યમાન આરોગ્ય મંદિરોના માધ્યમથી સ્વાસ્થ્યના દ્રષ્ટિકોણને રોગ કેન્દ્રિત વિચારથી આરોગ્ય કેન્દ્રિત અભિગમ તરફ વાળ્યો છે. વળી, ઈ-સંજીવનીએ આયુષ્યમાન ભારત આરોગ્ય ખાતા અને આયુષ્યમાન ભારત ડિજિટલ મિશનના એકીકરણ દ્વારા દેશભરમાં ડિજિટલ આરોગ્યસંભાળ સેવાઓ સુધીની પહોંચ વધારતા ૪૩ કરોડથી વધુ ટેલિ-ક્ધસલ્ટેશનની સુવિધા પૂરી પાડી હતી.

આ વર્ષે સસ્તી દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ર્ચિત કરવા માટે જિલ્લાઓમાં જનઔષધિ કેન્દ્રોનો મોટી સંખ્યામાં વધારો



કરવામાં આવ્યો હતો. તબીબોની સંખ્યા અને વસ્તી વચ્ચેના ઐતિહાસિક અસંતુલનને દૂર કરવાના પ્રયાસો ચાલુ રહ્યા હતા. તેમજ પેરામેડિકલ સ્ટાફ પૂરો પાડવા માટે ૧૫૭ નવા નર્સિંગ અને

પેરામેડિકલ કોલેજોને મંજૂરી આપવામાં આવી હતી. આ સાથે જિલ્લા સ્તરે ક્રિટિકલ કેર બ્લોક તથા ૭૩૦ સંકલિત જાહેર આરોગ્ય પ્રયોગશાળાઓ સ્થાપિત કરવા માટે રૂા. ૬૪,૧૮૦ કરોડ ખર્ચવામાં આવ્યા હતા. જેથી કરીને લોકોને લાંબી મુસાફરી કરીને મહાનગરો સુધી જવું ન પડે.

ભારતે ટેક્નિકલી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના ધોરણ મુજબ ૮૧૧ લોકોએ એક ડોક્ટરથી વસ્તી ગુણોત્તર પ્રાપ્ત કરી લીધો છે. જો કે આ સુધારો ગ્રામીણ અને શહેરી વિસ્તારો, ખાનગી અને સરકારી હૉસ્પિટલો વચ્ચે અસમાન હોવા છતાં માથાદીઠ તબીબોની ઉપલબ્ધતા અને હૉસ્પિટલોમાં પલંગની સંખ્યામાં થોડો સુધારો નોંધાયો છે. જીવનશૈલીના રોગો વિશે જાગૃતિ પણ પ્રમાણમાં વધી છે.

આરોગ્યસંભાળ બજાર અને મેડિકલ ટૂરિઝમમાં ભારતની પ્રગતિ પણ સારી રહી છે. ભારતીય આરોગ્યસંભાળ બજાર ૬૦૦ બિલિયન ડૉલરને વટાવી ગયું છે. આપણી 'ફાર્મસી ઓફ ધ વર્લ્ડ'ની છબી અકબંધ રહી છે. જો કે આ પ્રોત્સાહક તથ્યો છતાં પરિસ્થિતિ સુધરી રહી હોવા અંગે વિશ્વાસ કરવો કપરો સાબિત થઈ રહ્યો છે. આરોગ્ય એવું ક્ષેત્ર છે જ્યાં વ્યાપકતા ખૂબ મહત્ત્વ ધરાવે છે. સૌથી પહેલા વાત આરોગ્ય માટે બજેટ નક્કી કરવાથી શરૂ થાય છે. આ વર્ષે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયને ૧૧ ટકાના વધારા સાથે ૯૯,૮૬૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા.

આ લાંબા સમય સુધી ભંડોળના અભાવને કારણે આરોગ્ય માટે પ્રાથમિક બંધારણીય જવાબદારી ધરાવતા રાજ્યો ટકાઉ, સ્વાયત્ત રાજ્ય આરોગ્ય ક્ષમતાઓનું નિર્માણ કરવાને બદલે મિશન-મોડ કેન્દ્રીય અનુદાન પર નિર્ભર છે. આ જ કારણસર શહેરી ભારત અને દૂરવર્તી ગ્રામીણ ભારત વચ્ચેનું અંતર સ્પષ્ટ દેખાઈ આવે છે. તબીબો, નર્સો અને પેરામેડિકલ સ્ટાફની અછત પણ અપેક્ષા મુજબ ઓછી થઈ નથી. એઆઇ, રોબોટિક સર્જરી અને નવી ટેક્નોલોજી મોટાભાગે મોટી ખાનગી હૉસ્પિટલો સુધી મર્યાદિત રહી છે. આ વર્ષે સરકારી સેવાઓએ થોડી રાહત જરૂર આપી પરંતુ આરોગ્ય સેવાઓ અપેક્ષા મુજબ પરવડે તેવી રહી નથી.

ખાનગી સ્વાસ્થ્ય સેવાઓનો ખર્ચ વધ્યો, જેના કારણે ખિસ્સામાંથી થતાં ખર્ચમાં ઘટાડાની ગતિ ધીમી રહી છે. આરોગ્ય પર સરકારી ખર્ચ વધ્યો પરંતુ સામાન્ય માણસના ખિસ્સા પરનો બોજ આ વર્ષે પણ વજનદાર જ રહ્યો હતો. નીતિગત યોજનાઓ ઘડવામાં તો આવી પરંતુ તેની ગતિ વસ્તી વૃદ્ધિ અને રોગના બોજના પ્રમાણમાં ઓછી રહી. એ હકીકત છે કે કૌભાંડોના અહેવાલો છતાં સરકારી આરોગ્ય વીમા યોજનાઓમાં લાભાર્થીઓની સંખ્યા વધી છે. આ સૂચવે છે કે યોજનાની જરૂરિયાત વાસ્તવિક છે, પરંતુ દેખરેખ અને પારદર્શિતા નબળી કડી સાબિત થઈ રહી છે.

આરોગ્ય વીમા પર જીએસટીમાં ઘટાડાથી પ્રીમિયમ પર થોડી અસર જરૂર પડી છે, પરંતુ આ રાહત મર્યાદિત વર્ગ સુધી અસરકારક રહી હતી. આ વર્ષે નકલી અને બિનજરૂરી સર્જરીનો મુદ્દો ગંભીર રીતે સામે આવ્યો હતો. જે ખાનગી આરોગ્ય પ્રણાલીમાં વ્યાપારી દબાણ અને નબળા નિયમન તરફ અંગુલી નિર્દેશ કરે છે. નકલી અને હલકી ગુણવત્તાવાળી દવાઓ અને ઝેરીલી કફ સીરપ જેવી ઘટનાઓએ ભારતની ફાર્મા શાખને નુકસાન પહોંચાડ્યું હતું અને નિયામક તંત્રને કઠેડામાં લાવી ખડું કરી દીધું હતું.

આ બધા ઉપરાંત ભારતીય ડોક્ટરોને આ વર્ષે આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક સન્માનો મળ્યા છે. એમ્સ, આઈસીએમઆર અને અન્ય સંશોધન સંસ્થાઓએ કેન્સર, ન્યુરોલોજી, રસીઓ અને સુખાકારીના ક્ષેત્રોમાં નોંધપાત્ર સંશોધન રજૂ કર્યાં હતા. જે ભારતની વૈજ્ઞાનિક ક્ષમતાઓને ઉજાગર કરે છે. એમ્સએ બ્રેન સ્ટ્રોક એટલે કે લકવાની સસ્તી સારવાર માટે પોતાના અદ્યતન બ્રેન સ્ટેન્ટનો સફળ પ્રયોગ કર્યો હતો. તેમ જ અનિયંત્રિત ડાયાબિટીસના દર્દીઓ માટે બે કલાકમાં પૂર્ણ થનારી તેમની નવી મેટાબોલિક સર્જરી આશાનું કિરણ બનીને આવી છે.

આરોગ્ય ક્ષેત્રમાં આ વર્ષે ભારતે પહોંચ, ગુણવત્તા અને ટેક્નોલોજીના માધ્યમથી એક વ્યાપક અને સમાવિષ્ટ આરોગ્યસંભાળ સેવા પ્રણાલી બનાવવા તરફ પ્રયાણ કર્યું છે. જેમાં ડિજિટલ સાધનો અને સામુદાયિક જોડાણે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ વર્ષ ખરેખર એક સંક્રમણકાળ તરીકે ચિહ્નિત થયું, જ્યાં નીતિગત ઈચ્છાશક્તિ, તક્નીકી નવીનતા અને જમીની વાસ્તવિકતા-ત્રણેય એકબીજા સાથે અથડાતા પણ જોવા મળ્યા અને ક્યાંક એકબીજાના પૂરક પણ બન્યા હતા.

આ વર્ષ ભારતના આરોગ્ય અને દવા ક્ષેત્ર માટે ખરેખર 'સંભાવનાઓનું વર્ષ' રહ્યું છે. જે દર્શાવે છે કે જો નીતિ, ટેક્નોલોજી અને સંસાધનો સમાન ગતિએ ચાલે તો ભારત માત્ર તેના નાગરિકોને સારું આરોગ્ય પ્રદાન કરી શકે છે પરંતુ વૈશ્વિક આરોગ્ય નેતૃત્વ તરફ આગળ વધી શકે છે.

## તંત્રી લેખ...-

**શુક્રવાર, તા. ૦૨ જાન્યુઆરી ૨૦૨૬**

# શાળાઓમાં અખબાર વાંચન : યોગી સરકારની ઉમદા પહેલ

ઈશુનાં નવાં વર્ષ ૨૦૨૬નાં આગમન સાથે દુનિયા સમયચક્રના વધુ એક ગતિશીલ દોરમાં પરોવાઈ જશે. આવનારો સમય આર્થિક ઉન્નતિનો હશે એવા આશાવાદ સાથે વિવિધ મોરચે પડકારો ઝીલવાનીય તૈયારી કેળવવી પડશે. વિશેષ તો માનવમૂલ્યોનો ઘસારો રોકવા, સોશિયલ મીડિયાનો દુઃષ્પ્રભાવ નિયંત્રિત કરવાનો મુદ્દો મનોમંથન માગી લે છે. યુવા પેઢીની દુનિયા ત્રણ બાય દસ ઈંચના મોબાઈલ ક્રીનમાં સંકોરાઈ ગઈ છે. છાત્રો અભ્યાસનાં પાઠયપુસ્તકો પરાણે હાથમાં લે એ સિવાય ડિજિટલ બૂક પર મદાર... ભણવાનું, નવા પ્રોફેશનલ કોર્સિસ... બધું ઓનલાઈન. ચાલો માની લઈએ કે, દુનિયા કા યહી દસ્તૂર હૈ... પણ એની આડઅસર વિશે વિચારવું જરૂરી છે. અંતરમનનું ટોનિક કહેવાતાં અખબાર, પુસ્તકો વાંચવાનું ચલણ ઘટતું જાય છે એ મોટી ચિંતાની વાત છે. ડિજિટલ મીડિયા પર મદાર ખૂબ વધી રહ્યો છે એવા સમયે ઉત્તરપ્રદેશની યોગી સરકાર દ્વારા શાળાઓમાં અખબાર-વર્તમાનપત્ર વાંચવા ફરજિયાત બનાવી દેવામાં આવ્યું છે. સવારની પ્રાર્થના દરમ્યાન દસ મિનિટ સુધી રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સમાચારો અને તંત્રીલેખ વાંચવા ફરજિયાત કરી દેવામાં આવ્યું છે. તે ઉપરાંત રોજ પાંચ અઘરા શબ્દ બ્લેકબોર્ડ પર તેની સમજ સાથે લખવામાં આવશે. યોગી સરકારની પહેલથી બાળકોમાં વાંચન સંસ્કૃતિ વિકસશે. શબ્દ અને સામાન્યજ્ઞાનમાં વધારો થશે અને મોબાઈલ તરફનું ખેંચાણ ઘટશે. બાળકોમાં વાંચનની ટેવ પડે, એનાથી તેમની બુદ્ધિ-કૌશલ્યનો રેશિયો ઊંચો જશે. લાંબે ગાળે તેનો પરિવારને-સમાજને ફાયદો થશે. આજે પુસ્તકોથી-અખબારોથી દૂર થઈ જઈ રહેલી પેઢી ફરી એ દિશામાં યુ-ટર્ન લેશે, તો પુસ્તકાલયોમાં ગિરદી જામવા લાગશે. આ એવી પહેલ છે જેને દેશનાં બીજાં બધાં રાજ્યો અપનાવી શકે. વાચકોને અહીં એ યાદ અપાવીએ કે, શાળા કક્ષાએથી જ બાળકોને છાપું વાંચવાની આદત પડે એ હેતુથી 'કચ્છમિત્ર જુનિયર' સાપ્તાહિક અખબારનું પ્રકાશન બે વર્ષથી કરવામાં આવી રહ્યું છે. આજે પરિસ્થિતિ ચિંતાજનક છે. એક સમયે

ચંપક, ચાંદામામા, પંચતંત્રની વાર્તાઓ ને બકોર પટેલ વાંચવા પડાપડી થતી. એ વયજૂથનાં બાળકો પુસ્તક કે સામયિકનાં પાનાં ફેરવતાં ભૂલી ગયાં છે. તેમની આંગળીઓ મોબાઈલ ઝડપથી ક્રોલ કરીને જાતજાતની દુનિયામાં એપ-રીલમાં ખોવાયેલા રહે છે. એક સર્વે મુજબ ભારતમાં પાંચ વર્ષની વયનાં બાળકો દરરોજ બે કલાક કરતાં વધુ સમય મોબાઈલમાં વીતાવે છે. એક ચોંકાવનારું તારણ એવું પણ છે કે, બે વર્ષનાં ભૂલકાંના હાથમાં-આંખો સામે એક-દોઢ કલાક મોબાઈલ રહે છે. દર ચારમાંથી એક બાળક ઈન્ટરનેટ યુઝર છે. ઓસ્ટ્રેલિયામાં ૧૬ વર્ષથી નાની વયના માટે સોશિયલ મીડિયા પ્રતિબંધિત કરી દેવામાં આવ્યું છે, પરંતુ ભારતમાં તો દસ વર્ષથી નાનાં બાળકોના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ છે. ઉત્તરપ્રદેશ સરકારે સવારનાં પ્રાર્થના સત્રમાં બાળકોને હિન્દી-અંગ્રેજી અખબાર વાંચવા આપવાનો નિર્ણય કર્યો છે. અત્યારે આ નિર્ણય બધી સરકારી સેકન્ડરી અને પ્રાથમિક શાળાઓ માટે છે. ખાનગી શાળાઓ પણ ઈચ્છે તો તેનો અમલ કરી શકે છે. બાળકોને શાળાનાં પાઠયપુસ્તકો સિવાયના વાંચનની ટેવ પાડવી જોઈએ. તમામ સર્વે અને મોજણીમાં એ સાબિત થયું છે કે, આજે પણ વર્તમાનપત્ર સૌથી ભરોસાપાત્ર માધ્યમ છે. સોશિયલ મીડિયામાં સમાચારોનું પૂર ઊમટતું હોય, પણ તેની કોઈ વિશ્વસનિયતા કે જવાબદેહિતા નથી હોતી. આપણી ગુજરાત સરકારના સૌજન્યશીલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉ.પ્રદેશ સરકારની પહેલને અનુસરે એવી અપેક્ષા રાખીએ.

# ચીન આઠ મહિના ચૂપ કેમ રહ્યું?

પાકિસ્તાની આતંકવાદીઓ અને પાકિસ્તાની સેનાનાં મથકો ઉપર ભારતના 'ઑપરેશન સિંદૂર' વખતે 'યુદ્ધવિરામ'નો યશ ખાટવાની સ્પર્ધા થઈ રહી છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વારંવાર દાવો કર્યો છે કે એમણે જ દરમિયાનગીરી કરીને, ભારત ઉપર દબાણ કર્યું ત્યારે યુદ્ધવિરામની સમજૂતી થઈ હતી. હવે ચીનના વિદેશપ્રધાન વચમાં ટપકયા છે અને કહે છે

કે અમે જ વચ્ચે પડયા અને લડાઈ બંધ કરાવી! આ અહેવાલ આવ્યા પછી કૉંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને પ્રવક્તા જયરામ રમેશ જાણે ખુશીથી ઊછળી પડયા છે અને વડા પ્રધાન મોદી પાસે ખુલાસાની માગણી કરે છે!

ઑપરેશન સિંદૂરે આતંકી પાકિસ્તાનની ભારે તારાજી કરી અને પાકિસ્તાન ભારતના ઘૂંટણિયે પડયું - તૌબા તૌબા અબ બસ કરો, બસ કરો ત્યારે ભારતે ઑપરેશન સિંદૂરમાં 'વિરામ'ની ગુજારીશ સ્વીકારી છે. પણ ઑપરેશન ઉપર પૂર્ણવિરામ નથી એવી સ્પષ્ટતા કરી છે. આમ છતાં ટ્રમ્પ સાહેબ યશ ખાટવા વારંવાર દાવા કરી રહ્યા છે. કારણ કે એમને શાંતિના દૂતનો પુરસ્કાર ખિતાબ ખપે છે અને જુઠ્ઠાણું એકસો વખત કહ્યા પછી સત્ય બની જાય છે - એમ માને છે!

ચીનના વિદેશપ્રધાન આઠ મહિના પછી હવે કેમ જાગ્યા? એમને ક્યો એવૉર્ડ ખપે છે? ટ્રમ્પના પ્રતિસ્પર્ધી બન્યા હોય એમ કહે છે કે ઈરાનના અણુબૉમ્બ વખતે, પેલેસ્ટાઈન અને ઈઝરાયલના યુદ્ધ વખતે, ભારત-પાકિસ્તાનના યુદ્ધ વખતે અને તાજેતરમાં કમ્બોડિયા-થાઈલૅન્ડની લડાઈ વખતે ચીને જ મધ્યસ્થી કરીને લડાઈ બંધ કરાવી છે! ચીની વિદેશપ્રધાન ટ્રમ્પના હરીફ બનતા હોય એમ લાગે છે! જો મધ્યસ્થી કરાવી હોય તો આટલા મહિનાઓ સુધી કેમ મૌન રહ્યા?

ચીન ચૂપ રહે તે સમજ્યા પણ આપણા વિપક્ષી નેતાઓ છેલ્લા આઠ મહિનામાં ઑપરેશન સિંદૂરની નિષ્ફળતાના ગાણાં ગાઈ રહ્યા છે. એમને ભારત તથા ભારતીય સેનાના કૌવત અને શૌર્ય ઉપર ભરોસો નથી! આપણા ઍરફોર્સના ડેપ્યુટી ચીફ લેફ. જનરલ રાહુલ સિંઘે જુલાઈ મહિનામાં કહ્યું હતું કે ઑપરેશન સિંદૂર વખતે આપણે ચીન સામે પણ લડી રહ્યા હતા - ચીનનાં શસ્ત્રો અને વિમાનો નાકામિયાબ થયાં તેનો આઘાત વળતાં હવે કહેવા માગે છે કે પાકિસ્તાને શરણાગતિ માગી નહોતી? પાકિસ્તાન સાથે ચીનનાં શસ્ત્રોની બદનામી થઈ હોવાનું ભાન હવે થયું?

**ઑપરેશન સિંદૂરે આતંકી પાકિસ્તાનની ભારે તારાજી કરી અને પાકિસ્તાન ભારતના ઘૂંટણિયે પડયું - તૌબા તૌબા અબ બસ કરો, બસ કરો ત્યારે ભારતે ઑપરેશન સિંદૂરમાં દ્ધવિરામ'ની ગુજારીશ સ્વીકારી છે.**

**ભારત સરકારે રાબેતા મુજબ જ ચીનના દાવાને નકારી કાઢ્યો છે.**

# અમેરિકા પછી ચીનઃ બધાંને જશ ખાટવો છે પણ પુરાવા ક્યાં?

**ચીનના દાવા પછી યુદ્ધવિરામ ફરી ચર્ચામાં છે પણ આપણે આપણી સરકારની વાતને સ્વીકારવી જોઈએ.**

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ઓછા પડતા હતા તે હવે ઓપરેશન સિંદૂરના મામલે ચીન પણ મેદાનમાં આવ્યું છે. ટ્રમ્પ ૮ મહિનાથી રેકર્ડ વગાડ્યા કરે છે કે, પહલગામ હુમલા પછી ભારતે પાકિસ્તાન પર હુમલો કરાવ્યો ત્યારે પોતે બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ કરાવ્યો હતો. ટ્રમ્પ અત્યાર લગીમાં ૫૦થી વધુ વાર પોતે ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાવ્યાની ફિશિયારી મારી ચૂક્યા છે.

હવે ચીને પણ એ જ સૂર છેડીને કહ્યું છે કે, ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધને બંધ કરાવવામાં મધ્યસ્થીની ભૂમિકા ભજવી હતી. ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ દાવો કર્યો છે કે, એપ્રિલ-મેમાં બંને દેશો સામસામે આવી ગયેલા અને યુદ્ધની નોબત આવી ગયેલી ત્યારે પોતે વચ્ચે પડીને તણાવ ઓછો કરવાનો પ્રયાસ કર્યો હતો. વાંગ યીએ એવી ડંફાશ પણ મારી છે કે, ચીન દુનિયામાં ઘણે ઠેકાણે સંઘર્ષો ટાળવામાં અને યુદ્ધોને રોકવામાં મદદ કરતું રહ્યું છે તેથી ભારત અને પાકિસ્તાન વચ્ચેનો તણાવ ઘટાડવા ચીને મધ્યસ્થી કરી હતી તેમાં કંઈ નવાઈ નથી. ચીનના વિદેશ મંત્રાલયે તેમના આ નિવેદનને સોશ્યલ મીડિયા પર મૂક્યું છે તેનો અર્થ એ થયો કે, ચીન સરકારનું આ સત્તાવાર વલણ છે.

ભારત સરકારે રાબેતા મુજબ જ ચીનના દાવાને નકારી કાઢ્યો છે. ટ્રમ્પની ફિશિયારી વખતે જ ભારતે ચોખવટ કરી દીધેલી કે, યુદ્ધવિરામમાં કોઈ પણ ત્રીજા દેશ કે પક્ષકારની કોઈ ભૂમિકા નહોતી. સીધો ભારત અને પાકિસ્તાની લશ્કરના ડીજીએમઓની ટેલીફોનિક વચ્ચેની વાતચીતથી જ યુદ્ધવિરામ થયો હતો. ત્રીજા દેશ કે પક્ષકારની કોઈ ભૂમિકા નહોતી એવું ભારતે કહેલું તેમાં બધું જ આવી ગયેલું. તેમાં ચીન પણ આવી ગયું ને અમેરિકા પણ આવી ગયું ને કાલે કોઈ બીજો દેશ કે સંસ્થા ઊભી થઈને આ દાવો કરે તો એ પણ આવી ગયાં.

ભારતે ફરી ચોખવટ કરી છે કે,ઈન્ડિયન આર્મીના મારથી ભારે નુકસાન થયા પછી પાકિસ્તાનના લશ્કરી અધિકારીએ ભારતીય અધિકારીનો સંપર્ક કર્યો હતો. પાકિસ્તાનના ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઑપરેશન્સ (ડ્યર્ફ) ભારતીય ડ્યર્ફ સાથે વાત કરી પછી બંને દેશોએ ૧૦ મેથી જમીન, હવા અને સમુદ્ર એમ બધે ઠેકાણે તમામ પ્રકારની લશ્કરી કાર્યવાહી રોકવા સહમતી સધાઈ અને યુદ્ધવિરામનો અમલ કરાયો.

ચીનના દાવા પછી યુદ્ધવિરામ ફરી ચર્ચામાં છે પણ આપણે આપણી સરકારની વાતને સ્વીકારવી જોઈએ. ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીન જે દાવા કરે છે તેના કોઈ પુરાવા નથી એ જોતાં ભારતીયોએ નરેન્દ્ર મોદી સરકારનો વિશ્વાસ કરવો જોઈએ અને અમેરિકા કે ચીને મધ્યસ્થી કરીને ઓપરેશન સિંદૂર રોકાવ્યું હતું તેને ટાઢા પહોરનું ગપ્પું માનવું જોઈએ. અમેરિકા અને ચીન સહિતના દેશોમાં ઉચ્ચ હોદ્દા પર બેઠેલા લોકોની સત્તાવાર વાતચીતનો રેકોર્ડ રખાતો હોય છે. કોલ રેકોર્ડ્સ, વીડિયો ટેપ, કોલ ટેપ સહિતના પુરાવા પણ રખાતા હોય છે.આ બધા પુરાવા ક્લાસિફાઈડ એટલે કે ગુપ્ત રાખીને જાહેર નહીં કરવાની કેટેગરીમાં આવે તેથી સામાન્ય સંજોગોમાં એ જાહેર ના થાય પણ ઓપરેશન સિંદૂર મુદ્દે અમેરિકા અને ચીન બંનેના દાવાને ભારતે સત્તાવાર રીતે નકારી કાઢ્યા છે. આડકતરી રીતે ભારતે અમેરિકા અને ચીન બંને જૂઠાણાં ચલાવે છે એવું કહી દીધું છે એ જોતાં અમેરિકા-ચીને ખરેખર મધ્યસ્થી કરી હોય તો પુરાવા જાહેર કરીને પોતાને સાચા સાબિત કરવા જોઈએ અને ભારત સરકારને ખોટી સાબિત કરવી જોઈએ.ચીન તો હમણાં મેદાનમાં આવ્યું પણ ડોનલ્ડ ટ્રમ્પ તો પચાસ વાર આ વાત કરી ચૂક્યા છે અને દરેક વાર ભારતે ટ્રમ્પના દાવાને નકારીને ટ્રમ્પ જૂઠું બોલે છે એવું આડકતરી રીતે કહી જ દીધું છે.ટ્રમ્પ એ પછી પણ કોઈ પુરાવા નથી મૂકતા તેનો મતલબ એ થયો કે, ટ્રમ્પ જૂઠા છે અને મોદી સરકાર સાચી છે. ચીન પણ પુરાવા આપ્યા વિના આ જ રેકર્ડ વગાડ્યા કરે તો તેને પણ આ જ વાત લાગુ પડશે. નક્કર પુરાવા ના રજૂ થાય ત્યાં સુધી આપણી સરકાર જ સાચી છે એવું આપણે માનવું જોઈએ.અલબત્ત મોદી સરકારે ઓપરેશન સિંદૂર મુદ્દે કેટલાક સવાલોના જવાબ પણ આપવા જોઈએ કેમ કે ઘણા સવાલોના સંતોષકારક જવાબ નથી મળ્યા. પહેલો સવાલ એ છે કે, ડોનલ્ડ ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ માટે સંમત થયાં છે તેની જાહેરાત ભારત કે પાકિસ્તાન પહેલાં કેમ કરી ? ભારતે સત્તાવાર રીતે યુદ્ધવિરામ સ્વીકાર્યો તેના ૪ કલાક પહેલાં ટ્રમ્પે એલાન કરી દીધેલું. ટ્રમ્પને યુદ્ધવિરામની ખબર પહેલાં કઈ રીતે પડી ગઈ તેનો સંતોષકારક જવાબ નથી મળતો. ભારતે યુદ્ધવિરામ સ્વીકાર્યાની આગોતરી જાણ અમેરિકાને કરી હોય ને ટ્રમ્પ જશ ખાટવા પોતે મોટા ભા બની ગયા હોય એ શક્ય છે પણ સરકારે સ્પષ્ટતા નથી કરી એ હકીકત છે.

બીજો સવાલ એ છે કે, સરકારે લેવાનો નિર્ણય ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (ડ્યર્ફ) કક્ષાએ કેમ લેવાયો ? વિદેશ મંત્રી એસ. જયશંકરે સત્તાવાર રીતે કહેલું કે, પાકિસ્તાની આર્મીના ડ્યર્ફ મેજર જનરલ કાશિફ અબ્દુલ્લાએ ઈન્ડિયન આર્મીના ડ્યર્ફ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈને કોલ કર્યો પછી ભારતે યુદ્ધવિરામ સ્વીકાર્યો હતો. કાશ્મીર અને આતંકવાદનો મુદ્દો બે દેશોની સરકાર વચ્ચેનો છે ત્યારે પાકિસ્તાનની સરકાર કે આર્મી ચીફના બદલે ડીજીએમઓ જેવા નીચલી કક્ષાના અધિકારીના કહેવાથી ભારતે યુદ્ધવિરામ કેમ સ્વીકારી લીધો? એ જ રીતે યુધ્ધવિરામના બદલામાં પાકિસ્તાન શું કરશે તેનો પણ જવાબ નથી મળતો.

સૌથી મહત્ત્વનો સવાલ તો એ છે કે, આર્મી પૂરી તાકાતથી તૂટી પડી હતી અને આપણું લશ્કર પાકિસ્તાનના ભુક્કા બોલાવીને પીઓકે પાછું મેળવવા સજ્જ હતું ત્યારે મોદી સરકારે હુમલા અચાનક બંધ કરીને યુદ્ધવિરામ કેમ સ્વીકારી લીધો ? મોદીએ કહેલું કે, પાકિસ્તાન હવે પછી આતંકવાદી હુમલો કરાવે તો તેનો જવાબ મિલિટરી એક્શનથી મળશે. ઓપરેશન સિંદૂર બંધ કરાયું પછી દેશની રાજધાની દિલ્હીમાં આતંકવાદી હુમલો થયો છતાં કોઈ મિલિટરી એક્શન કેમ નથી લેવાયાં તેનો જવાબ પણ નથી મળતો. હમણાં ઓપરેશન સિંદૂર વખતે ભારતનાં કેટલાંક ફાઈટર જેટ તૂટ્યાં હોવાનો દાવો અમેરિકા દ્વારા કરાયેલો. તેનો જવાબ પણ સરકારે નથી આપ્યો.

આતંકવાદ સામેની લડાઈમાં આપણી સરકાર જે કંઈ કરે તેને આખા દેશનો ટેકો હોય જ એ કહેવાની જરૂર નથી પણ સામે સરકારે પણ દેશનું ગૌરવ જળવાય એ રીતે વર્તવું જરૂરી છે. પારદર્શક બનીને લાકો સામે હકીકતને મૂકવી જરૂરી છે પણ કમનસીબે સરકાર એવી પારદર્શિતા નથી બતાવી શકી. ઓપરેશન સિંદૂર વખતે સ્વીકારાયેલો યુદ્ધવિ

**શાહરૂખે મુસ્તફિઝુરને ખરીદ્યો કેમ કે આઈપીએલની હરાજી માટેની યાદીમાં તેનું નામ હતું.**

# શાહરૂખને દેશદ્રોહી કહેતા 'હિંદુવાદી' સોમનો અસલી ચહેરો શું છે?

- ૨૦૧૭માં ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી પહેલાં સોમે રમખાણોની ક્લિપ્સ ફરતી કરેલી તેના કારણે પણ તેમની સામે કેસ થયો હતો.સંગીત સોમ ૨૦૧૨થી ૨૦૨૨ એમ ૧૦ વર્ષ માટે ધારાસભ્યપદે હતા.

એક સમયના ભાજપના લાડકા અને અત્યારે વખારમાં નાંખી દેવાયેલા સંગીત સિંહ સોમ પાછા વરતાયા છે. ઉત્તર પ્રદેશમાં બે વાર ધારાસભ્ય રહી ચૂકેલા સંગીત સોમે બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય લઘુમતીઓની થઈ રહેલી હત્યાઓ અને વધી રહેલા અત્યાચારો મુદ્દે શાહરૂખ ખાનને લઈ પાડ્યો છે. સોમે શાહરૂખને દેશદ્રોહી ગણાવીને ભારતમાંથી કાઢી મૂકવાની માગ કરી છે.ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની ૨૦૨૬ની સીઝન માટે શાહરૂખની ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) એ બાંગ્લાદેશના ઝડપી બોલર મુસ્તફિઝુર રહેમાનને ૯ કરોડ રૂપિયા આપીને ખરીદ્યો છે. સોમે આ ખરીદી બદલ શાહરૂખ ખાનને દેશદ્રોહી ગણાવીને લવારો કર્યો છે કે, એક તરફ, બાંગ્લાદેશમાં હિન્દુઓની હત્યા થઈ રહી છે અને બીજી તરફ આઈપીએલમાં બાંગ્લાદેશી ક્રિકેટરોને ખરીદવામાં આવી રહ્યા છે. સોમના કહેવા પ્રમાણે, ભારતીયોએ શાહરૂખને સુપરસ્ટાર બનાવ્યો છે અને આ દેશમાંથી જ શાહરૂખને નાણાં મળે છે પણ બાંગ્લાદેશી ક્રિકેટરને ખરીદીને શાહરૂખે દેશ સાથે દગો કર્યો છે એ જોતાં શાહરૂખ ખાન જેવા દેશદ્રોહીઓને આ દેશમાં રહેવાનો કોઈ અધિકાર નથી. સોમે ધમકી પણ આપી છે કે, મુસ્તફિઝુર રહેમાન સહિતનો કોઈ પણ બાંગ્લાદેશી ક્રિકેટર ભારત આવશે તો એરપોર્ટની બહાર પગ પણ નહીં મૂકી શકે.સંગીત સોમ ફાલતુ નેતા છે અને તેના લવારાથી ત્રાસીને ભાજપે પણ તેને કોરાણે મૂકી દીધો છે તેથી તેની વાત પર ધ્યાન જ ના અપાય પણ સોમે જે મુદ્દો ઉઠાવ્યો છે એ મહત્વનો છે તેથી તેની વાત કરવી જરૂરી છે. બીજું એ કે, સોમ જેવા પોતાને દેશભક્ત અને હિંદુત્વના મસિહા તરીકે સ્થાપિત કરવા મથતા નેતાઓનો અસલી ચહેરો શું છે એ જાણવું પણ જરૂરી છે.

શાહરૂખે મુસ્તફિઝુરને ખરીદ્યો કેમ કે આઈપીએલની હરાજી માટેની યાદીમાં તેનું નામ હતું. સોમને વાંધો હોય તો તેણે આઈપીએલ સામે અને બીસીસીઆઈ સામે વાંધો લેવો જોઈએ પણ એવી હિંમત નથી કેમ કે બોર્ડમાં જય શાહ બેઠા છે. જય શાહનું નામ પણ લે તો અમિત શાહ ફાડી નાંખે એટલે શાહરૂખને ટાર્ગેટ કરે છે. આઈપીએલ કે બોર્ડે પણ કશું ખોટું કર્યું નથી. ભારત સરકારે પોતે બાંગ્લાદેશ પર કોઈ પ્રતિબંધ મૂક્યો નથી કે તેની સાથેના રાજદ્વારી સંબંધો કાપ્યા નથી પછી બાંગ્લાદેશી ક્રિકેટરોને શું કરવા દૂર રાખવાના ?હવે સોમના અસલી ચહેરાની પણ વાત કરી લઈએ. પોતાને હિંદુવાદી વિચારધારાના સમર્થક ગણાવતા સંગીત સોમ મૂળ સમાજવાદી પાર્ટીનો નેતા છે અને ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં સપાના ઉમેદવાર તરીકે ચૂંટણી પણ લડેલો પણ ખરાબ રીતે હારી ગયેલો. મુઝફ્ફરનગર બેઠક પર સંગીત સોમ છેક ત્રીજા નંબરે આવેલો. એ પછી સોમ પલટી મારીને ભાજપમાં આવી ગયો અને નવો બાવો બે ચીપિયા વધારે વગાડે એ હિસાબે ભાજપના નેતાઓ કરતાં પણ વધારે જોરશોરથી હિંદુત્વની વાતો કરવા માંડ્યો તેમાં ૨૦૧૨માં ભાજપે વિધાનસભાની ટિકિટ આપી દીધી. સોમ ઠાકુર છે અને જમીનદારનો દીકરો છે તેથી સરધાના બેઠક પરથી જીતી ગયો.ભાજપે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીના પ્રચારનો આરંભ ૨૦૧૩માં કર્યો ત્યારે સોમ ધારાસભ્ય હતો. અમિત શાહ ભાજપના ઉત્તર પ્રદેશના પ્રભારી બનીને ગયેલા ને તેમણે ઉગ્ર હિંદુવાદી નેતાઓને પકડ્યા તેમાં સંગીત સોમ પણ એક હતા. ઉત્તર પ્રદેશમાં ભાજપનો ઉદય ૨૦૧૩નાં મુઝફ્ફરનગરનાં રમખાણોના કારણે થયો. આ રમખાણોમાં સોમ કેન્દ્રસ્થાને હતા અને ઉત્તર પ્રદેશ સરકારે નિમેલા જસ્ટિસ વિષ્ણુ સહાય પંચે રમખાણો ભડકાવવામાં સૌથી મહત્ત્વની ભૂમિકા સોમે ભજવેલી એવું લખ્યું છે. સોમ સામે નેશનલ સીક્યુરિટી એક્ટ હેઠળ પણ કેસ નોંધાયેલો. ૨૦૧૭માં ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી પહેલાં સોમે રમખાણોની ક્લિપ્સ ફરતી કરેલી તેના કારણે પણ તેમની સામે કેસ થયો હતો.સંગીત સોમ ૨૦૧૨થી ૨૦૨૨ એમ ૧૦ વર્ષ માટે ધારાસભ્યપદે હતા. આ દરમિયાન વારંવાર ઉશ્કેરણીજનક ભાષણો આપીને કટ્ટરવાદી હિંદુઓમાં લોકપ્રિય થયા પણ ભાજપની નેતાગીરી માટે માથાનો દુઃખાવો પણ ઊભો કર્યો એટલે ભાજપે ૨૦૨૨માં સોમને ટિકિટ નહોતી આપી. ૨૦૨૨ના ઓક્ટોબરમાં સોમને ઉશ્કેરણીજવક ભાષણ આપવાના કેસમાં દોષિત ઠેરવાયેલા પણ દંડ ભરાવીને છોડી મૂકાયેલા. સોમ ત્યારથી નવરા છે અને છાસવારે જીભે ચડે એ ભસીને ભાજપ હાઈકમાન્ડનું ધ્યાન ખેંચવા મથે છે પણ હાઈકમાન્ડને રસ પડતો નથી.સંગીત સોમ પોતાને હિંદુવાદી નેતા ગણાવે છે અને ગૌહત્યા વિરોધી નિવેદનો ફટકારે છે, ઝુંબેશ પણ ચલાવે છે પણ એ પોતે કતલખાનાં અને માંસનું પ્રોસેસિંગ તથા નિકાસ કરતી કંપનીઓમાં ભાગીદાર છે. સોમ વ્યક્તિગત રીતે બે માંસ પ્રોસેસિંગ અને નિકાસ કંપનીઓ અલ-દુઆ અને અલ-અનમ સાથે સંકળાયેલો હોવાના દસ્તાવેજી પુરાવા છે. અલ-દુઆ ભારતની ટોચની હલાલ માંસ નિકાસ કંપનીઓમાંની એક છે અને આરબ દેશોમાં માંસની નિકાસ કરે છે. અલ દુઆ ફૂડ પ્રોસેસિંગ કંપની ગુણવત્તાયુક્ત હલાલ ભેંસ, ઘેટાં/ઘેટાં, બકરીનું માંસ અને ચામડાની નિકાસ કરે છે એવું કંપનીની સત્તાવાર વેબસાઈટ પર લખાયેલું છે.સંગીત સોમની આ બે કંપનીઓમાં ભાગીદારીના સમાચાર ૨૦૧૫માં આવ્યા ત્યારે પહેલાં તો સોમે હાથ જ અધ્ધર કરી દીધેલા. ૯ ઓક્ટોબર, ૨૦૧૫ ના રોજ હિન્દુસ્તાન ટાઈમ્સને આપેલા ઈન્ટરવ્યૂમાં સોમે દાવો કર્યો હતો કે, પોતાની જાણ બહાર પોતાને અલ-દુઆના ડિરેક્ટર બનાવી દેવાયા છે અને હિંદુ કટ્ટરવાદી તરીકે પોતે આવી કોઈ પ્રવૃત્તિમાં જોડાય એવી કલ્પના જ ના થઈ શકે. અહેવાલ છાપનાર અખબારે દસ્તાવેજી પુરાવા મૂક્યા પછી ધ હિંદુ અખબાર સામે સોમે સ્વીકાર્યું કે પોતે લગભગ બે વર્ષ સુધી અલ-દુઆના ડિરેક્ટર હતા. સ્વાભાવિક રીતે જ સોમે એ પછી સત્તાવાર રીતે પોતે આ કંપનીઓ સાથે સંકળાયેલા નથી એવો બંદોબસ્ત કરાવી દીધો પણ આ ઘટના સોમ જેવા હિંદુત્વના નામે ચરી ખાનારા લોકોનો અસલી ચહેરો છતો કરે છે.હિંદુઓની તકલીફ છે કે, તેમને હિંદુત્વની વાતો કરનારાંના અવગુણ દેખાતા નથી કેમ કે તેમનું હિંદુત્વ મુસ્લિમો કેન્દ્રિત થઈ ગયું છે. મુસ્લિમોને ગાળો ભાંડે, પાકિસ્તાન કે બાંગ્લાદેશ સામે કશું કરે નહીં પણ ખાલી થૂંક ઉડાડે એ બધા નેતા હિંદુવાદી લાગે છે.

**કૉંગ્રેસના નેતાઓને શું કહેવું?**

# પરિવારવાદ અને ટિકિટ કપાવાની રમત

- **ભાજપે ૨૦૧૭ના ચાળીસ ટકા નગરસેવકોને ઉમેદવારી નકારી છે, એની પાછળ એક મુખ્ય કારણ એ પણ છે કે, કેટલાકના વૉર્ડ મહિલાઓ કે એસસી-એસટી અથવા ઓબીસી માટે અનામત થઈ ગયા છે.**

છેલ્લી ઘડી સુધી ઉમેદવારી વિશે સસ્પેન્સ, કાર્યકર્તાઓમાં અસંતોષ અને પરિવારવાદની બૂમ વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ ૨૦૧૭માં જીતેલા ચાળીસ ટકા જેટલા નગરસેવકોને આ વખતે ટિકિટ આપી નથી. આ વખતની નગરપાલિકાની ચૂંટણીઓમાં નામાંકન ભરવાના છેલ્લા દિવસે જોવા મળેલા જાતભાતના વિચિત્ર ખેલ-તરકટ. એક તરફ, પક્ષે વિધાનસભ્યનાં પત્ની અને પુત્રને ઉમેદવારી નકારી છે, તો બીજી તરફ એક જ પરિવારના ત્રણ-ત્રણ સભ્યોને ટિકિટ અપાઈ હોવાનાં ઉદાહરણો પણ છે. જોકે, પરિવારવાદ મામલે બધા જ રાજકીય પક્ષોની સ્થિતિ એકસમાન છે. ધારણા પ્રમાણે જ, પક્ષ દ્વારા ટિકિટ નકારાતાં બંડખોરીનું પ્રમાણ પણ ખાસ્સું ઊંચું છે. ત્રણ મુખ્ય યુતિઓ ચૂંટણી મેદાનમાં હોવાથી આ વખતે શહેરમાં અનેક બેઠકો પર ત્રિપાંખિયો જંગ પણ જામવાનો છે.



ભાજપે ૨૦૧૭ના ચાળીસ ટકા નગરસેવકોને ઉમેદવારી નકારી છે, એની પાછળ એક મુખ્ય કારણ એ પણ છે કે, કેટલાકના વૉર્ડ મહિલાઓ કે એસસી-એસટી અથવા ઓબીસી માટે અનામત થઈ ગયા છે. વળી, અન્ય પક્ષમાંથી આવેલાઓને સમાવવા માટે પણ કાર્યકર્તાઓનો ભોગ લેવાયાનું પણ ચિત્ર છે. પરિવારવાદનું રાજકારણ લગભગ દરેક પક્ષ વત્તા-ઓછા પ્રમાણમાં રમે છે. ભાજપના વિધાનસભ્ય રાહુલ નાર્વેકરના પરિવારના ત્રણ સભ્યોને ભાજપે ઉમેદવારી આપી છે. તો રાષ્ટ્રવાદીના નવાબ મલિકના કુટુંબની ત્રણ વ્યક્તિને ટિકિટ મળી છે. ભાજપના પ્રવીણ દરેકરે ભાઈ પ્રકાશને, અમિત સાટમે બનેવી રોહન રાઠોડને ઉમેદવારી અપાવી છે. શિંદેસેનામાં પણ આ પરિવારવાદનો પ્રભાવ છે, સદા સરવણકરે પુત્ર સમાધાન અને પુત્રી પ્રિયાને, દિલીપ લાંડેએ પત્ની શૈલાને અને અશોક પાટીલે પુત્ર રૂપેશને ઉમેદવારી અપાવી છે. ઉદ્ધવસેનાના સાંસદ દીના પાટીલે દીકરી રાજુલને, સુનીલ પ્રભુએ પુત્ર અંકિતને અને વિધાનસભ્ય મનોજ જામસુતકરે પત્ની સોનમને ટિકિટ અપાવડાવી છે.

ભાજપે પોતાના વર્ચસ્વાળા વૉર્ડમાં અગાઉના નગરસેવકોને ટિકિટ નકારી હોવાનું પ્રમાણ પણ ખાસ્સું મોટું છે. તો, જેમનાં નામ ભાજપના ઉમેદવારોની યાદીમાં છે, એવા બે ઉમેદવારો અપૂરતા દસ્તાવેજોને કારણે નૉમિનેશન ભરી શક્યા નહીં હોવાની ઘટના પણ બની છે. તો કલ્યાણ-ડોંબિવલી મહાનગર પાલિકા તથા અન્ય સ્થળોએ ભાજપના અડધો ડઝન ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. તો, ટિકિટ માટેની ઘેલછાને કારણે અનેક જગ્યાએ તો પક્ષના એ-બી ફૉર્મ લઈ જતાં વાહનોનો ઈચ્છુકોએ પીછો કર્યાની ઘટનાઓ પણ બની છે. બંડખોરી ખાળવા છેલ્લી ઘડી સુધી ઉમેદવારોની યાદી જાહેર કરવાનું ટાળવામાં આવ્યું છતાં અનેક જગ્યાએ અપક્ષ તરીકે નામાંકન ભરાયાં છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં આ પ્રકારની ખેંચતાણ થાય એ સહજ છે, પણ આ વખતે એકંદર યુતિ-ગઠબંધન-આઘાડી બાબતે અસમંજસ ઉપરાંત પક્ષમાં આંતરિક કલહ પણ મોટા પ્રમાણમાં છે. મુંબઈમાં ભાજપ-શિવસેના, શિવસેના (ઉબાઠા)-મનસે તથા કૉંગ્રેસ-વંચિત બહુજન આઘાડી એમ ત્રણ ગઠબંધનો છે, આ દરેકની પોતાની ચોક્કસ વોટ બૅન્ક છે, જે ધર્મ-જાતિ-સમુદાય જેવાં પાસાંથી બંધાયેલી છે. આવામાં, એકમેકની વોટ બૅન્કમાં ગાબડાં પાડવાં ચૂંટણી પ્રચારનું સ્તર કેટલું નીચું જઈ શકે એ આગામી પખવાડિયામાં જોવા મળશે.



# રાહાના જન્મ પછી હું વર્ષની એક ફિલ્મ કરીને ખુશ છું : આલિયા ભટ્ટ

**આલિયાએ અનેક વખત વિવિધ ઇન્ટરવ્યુ અને ચર્ચામાં રાહા વિશે વાત કરી છે, તે કેટલી વાતોડી અને રમતિયાળ છે અને તે રનબીરથી કેટલી નજીક છે. અગાઉ મહેશ ભટ્ટે પણ કહ્યું હતું કે તેઓ રાહાને કામ પર સાથે લઇને જાય છે અને ત્યાં તેની પોતાની એક વેનિટી વેન છે.**

આલિયા ભટ્ટે દિકરી રાહાને જન્મ આપીને તરત જ કામ શરૂ કરી દીધું હતું. જોકે તે ઘણા સમયથી અર્થપૂર્ણ રોલને પ્રાથમિકતા આપી રહી છે. આલિયા સહિતનાં એક્ટર્સે સાબિત કર્યું છે કે માતૃત્વ તેમની મહત્વાકાંક્ષાની ગતિને ધીમી પાડી શકતું નથી. આલિયાએ ૨૦૨૨માં દિકરી રાહાને જન્મ આપ્યો છે. તેણે તાજેતરનાં ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તેણે પોતાના કામની ઝડપ ઘટાડી દીધી છે અને કામ પણ થોડું ઓછું કરી નાખ્યું છે, છતાં તેનો ફિલ્મો માટેનો પ્રેમ અકબંધ છે.

આલિયાએ કહ્યુ કે માતા બન્યા પછી કામ માટેનો તેનો અભિગમ બદલાયો છે, "મારે હવે બાળક છે એટલે કામની ગતિ અને સંખ્યા બંનેમાં બિલકુલ ઘટાડો થયો છે. પરંતુ આ ગતિ મને ફાવી ગઈ છે અને એમાં હું ખુશ છું. મને મારી બધી જ ઉર્જા સાથે એક જ ફિલ્મ પર ધ્યાન આપવામાં મજા આવે છે. આ પહેલાં હું એક સાથે બે-ત્રણ ફિલ્મ કરતી હતી, પરંતુ હવે મારે એ જોઇતું નથી."

આલિયાએ માતા બન્યા પછીની તેની આવનારી એક્શન ફિલ્મ આલ્ફા વિશે પણ વાત કરી. તેણે જણાવ્યું, "બાળકને જન્મ આપ્યા પછી એક્શન સીન કરવા એ રસપ્રદ વાત હતી કારણ કે એનાથી મવે એ પણ સમજાયું કે મારી શરીર કેટલું સક્ષમ છે. મારા માટે પણ નવુ શીખવા-જાણવાનો સમય હતો તેનાથી મારા શરીર માટે મારું માન વધી ગયું."

આલિયાએ અનેક વખત વિવિધ ઈન્ટરવ્યુ અને ચર્ચામાં રાહા વિશે વાત કરી છે, તે કેટલી વાતોડી અને રમતિયાળ છે અને તે રનબીરથી કેટલી નજીક છે. અગાઉ મહેશ ભટ્ટે પણ કહ્યું હતું કે તેઓ રાહાને કામ પર સાથે લઈને જાય છે અને ત્યાં તેની પોતાની એક વેનિટી વેન છે.

આગામી સમયમાં આલિયાની બે ફિલ્મ રિલીઝ થવાની છે, યશરાજ સ્પાય યુનિવર્સની શર્વરી સાથેની ફિલ્મ આલ્ફા, જે શિવ રવૈલે ડિરેક્ટ કરી છે. તેમાં બોબી દેઓલ પણ છે. તે સિવાય તેની બીજી ફિલ્મ સંજય લીલા ભણસાલીની લવ એન્ડ વૉર પણ આવી રહી છે, જેમાં તેની સાથે રનબીર કપૂર અને વિકી કૌશલ પણ છે. આ બંને ફિલ્મમાં હાલ કામ ચાલુ છે.

# સંગીતકાર રહેમાનનું એક્ટિંગમાં ડેબ્યુ મૂન વોકમાં એંગ્રી યંગ ડિરેક્ટર બનશે

## ફિલ્મના તમામ પાંચ ગીતમાં પણ રહેમાનનો અવાજ સંભળાશે

ઓસ્કાર વિજેતા મ્યુઝિક કમ્પોઝર એ આર રહેમાન હવે એક્ટિંગ ડેબ્યુ કરવા જઈ રહ્યા છે, ડિરેક્ટર મનોજ એનએસની ફિલ્મ મૂન વોકમાં રહેમાન એક્ટિંગ કરશે. આ ફિલ્મમાં પ્રભુ દેવા પણ છે, રહેમાન તેમાં એક કાલ્પનિક પાત્રમાં જોવા મળશે અને તેના વિવિધ પોસ્ટરથી તેમના ફેન્સ ઘણા આતુર છે.

તાજેતરમાં ફિલ્મના મેકર્સે અલગ અલગ ૧૪ પાત્રોના પોસ્ટર લોંચ કર્યા હતા, જેના પરથી તેની મોટી કાસ્ટનો પણ અંદાજ આવે છે. ખાસ વાત તો એ છે કે આ ફિલ્મમાં રહેમાને એક્ટિંગ પણ કરી અને સાથે જ પહેલી વખત તેણે આ ફિલ્મ માટે બધાં જ પાંચ ગીતો ગાયાં છે. આ ફિલ્મમાં રહેમાન એંગ્રી યંગ ફિલ્મ ડિરેક્ટરના રોલમાં જોવા મળશે, જે ફિલ્મમાં નવીનતા અને તાજગી લાવશેફિલ્મના ડિરેક્ટર મનોજ એનએસે ફિલ્મમાં રહેમાનની ભૂમિકા વિશે વાત કરતા જણાવ્યું હતું, "પ્રભુ દેવા સર અને રહેમાન સાથે માયલી ગીત શૂટ કરવામાં અમને ઘણી મજા પડી હતી. આ ગીત ઘણું સારું બન્યું છે અને થિએટરમાં દર્શકોને તે જોવાની ઘણી મજા આવશે. આ ગીત માટે પ્રભુ દેવા સરે તેમની કેરિઅરનું સૌથી સારું પર્ફોર્મન્સ આપ્યું છે, આ ગીતને ખાસ બનાવવા માટે હું કોરિયોગ્રાફર સેખર માસ્ટરનો પણ આભારી છું."મનોજ એનએસે કહ્યું, "એ આર રહેમાન આ આખા ગીતમાં જોવા મળશે, એ આ ગીતને અલગ બનાવે છે. આ ગીત પછી મેં જ્યારે તેમને એક લાંબો રોલ ઓફર કર્યો તો એમણે ખુશીથી સ્વીકારી લીધો. આ સીન ફિલ્મના દર્શકો માટે સરપ્રાઈઝ બની રહેશે."

રહેમાન સાથે આ ફિલ્મમાં પ્રભુદેવા બાબુટ્ટીના રોલમાં જોવા મળશે, જે એક યુવાન ફિલ્મ કોરિયોગ્રાફર તરીકે જોવા મળશે, જે પર્ફોર્મન્સ સાથે કોમેડી કરતા પણ જોવા મળશે. આ ફિલ્મની કાસ્ટમાં યોગીબાબુ પણ છે. તેમના રોલ માટે એક સરપ્રાઈઝ પણ છે, જે ફિલ્મના ઓડિયો લોંચ વખતે જાહેર કરવામાં આવશે. તેમના સિવાય અજુ વર્ગીઝ, અર્જૂન અસોકન, સેટ્ઝ, સુશ્મિતા, નિશ્મા, સ્વામીનાથન, રેડીન કિંગ્સ્લે, રાજેન્દ્રન, દીપા અક્કા, સંતોષ જેકોબ અને રાજકુમાર પણ છે. આ ફિલ્મના ઓડિયો લોંચની ઈવેન્ટ ૪ જાન્યુઆરીએ સત્યભામા યુનિવર્સિટી ખાતે યોજાશે અને ફિલ્મ મે, ૨૦૨૬માં રિલીઝ થશે. ૨૦૨૫ની બોલિવૂડની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ ધુરંધર ખુબ સારી ચાલી છે. ફિલ્મે ૨૬ દિવસની અંદર ભારતમાં ૭૫૪.૫૦ કરોડની કમાણી કરી લીધી છે. છતાં હજુ આ ફિલ્મ વધુ આગળ દોડી શકે એવી શક્યતા છે, ૨૦૨૬માં પણ આ ફિલ્મ કમાણીના નવા રેકોર્ડ બનાવશે. પરંતુ ૧ જાન્યુઆરીએ આ ફિલ્મ ફરી રિલીઝ કરવામાં આવી છે, તેની પાછળનું કારણ, ઈન્ફર્મેશન એન્ડ બ્રોડકાસ્ટિંગ મિનિસ્ટ્રીનો આદેશ છે. ફિલ્મ એક્ઝિબિઝન સાથે સંકળાયેલા એક સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "દેશભરના થિએટરને ડિસ્ટ્રીબ્યુટર્સ તરફથી ૩૧ ડિસેમ્બરે એક ઈમેઈલ મળ્યો છે, જેમાં જાણ કરવામાં આવી છે કે, તેઓ ફિલ્મનું ડીસીપી બદલી રહ્યા છે. આ ફેરફારનું કારણ એ છે કે તેમણે મિનિસ્ટ્રી ઓફ ઈન્ફર્મેશન એન્ડ બ્રોડકાસ્ટિંગ તરફથી મળેલી સુચના અનુસાર, ફિલ્મમાં બે શબ્દ મ્યુટ કર્યા છે અને ફિલ્મના એક ડાયલોગમાં ફેરફાર કર્યા છે. તેથી દરેક સિનેમાને ૧ જાન્યુઆરીથી ફિલ્મનું નવું વર્ઝન ડાઉનલોડ કરીને તે બતાવવા કહેવાયું છે."



# ઇક્કિસમાં ધર્મેન્દ્રના યુવાન પાત્રને બોબી દેઓલે અવાજ આપ્યો



### બોબી દેઓલ અને ધર્મેન્દ્રના ફેન્સ માટે એક ભાવુક બાબત

ધર્મેન્દ્રની અંતિમ ફિલ્મ ઈક્કિસ ૧ જાન્યુઆરીએ રિલીઝ થઈ રહી છે, ત્યારે એક મહત્વની અને ધર્મેન્દ્રના ફેન્સને ભાવુક કરનારી એક બાબત સામે આવી છે. બોબી દેઓલે આ ફિલ્મમાં ધર્મેન્દ્રના યુવાન રોલ માટે પોતાનો અવાજ આપ્યો છે.

આ ડિરેક્ટર દ્વારા લેવાયેલો એક સર્જનાત્મક નિર્ણય હતો, જેનાથી ફિલ્મમાં વધુ વિશ્વસનીયતા ઉમેરાઈ છે. સાથે જ ઈક્કિસમાં પડદા પર અને પડદા પાછળની દુનિયાને જોડી દેવામાં આવી છે. તેના માટે ફિલ્મની અંતિમ ક્રેડિટમાં બોબી દેઓલનો ખાસ આભાર માનવામાં આવ્યો છે.

ઈક્કિસ ફિલ્મને ખાસ સ્ક્રિનીંગ અને પ્રીમિયરમાં જોઈ ચુકેલા લોકોના પ્રથમ પ્રતિભાવ પણ બહાર આવવલા લાગ્યા છે. જેમાંથી મોટાભાગના લોકો માટે આ ફિલ્મ હકારાત્મક અને ભાવુક કરનારી રહી છે. વિવેચકોએ પણ આ ફિલ્મમાં ભાવનાત્મક ઉંડાણ, ગંભીરત અને મજુબત વાર્તાના વખાણ કર્યા છે. શ્રીરામ રાઘવને ડિરેક્ટ કરેલી અને દિનેશ વિજાનના મેડોક્સ ફિલ્મ્સ દ્વારા પ્રોડ્યુસ થયેલી આ ફિલ્મ ઈક્કિસ આજે રિલીઝ થઈ રહી છે, ત્યારે બોલિવૂડના નવા વર્ષની શરૂઆત હિંમત, વારસા અને હ્રદયથી અપાયેલી શ્રદ્ધાંજલિ સાથે થશે. દેશના સૌથી નાની ઉંમરના પરમવીર ચક્ર પ્રાપ્ત કરનાર અને ૨૧ વર્ષે શહીદી વહોરનાર સેકન્ડ લેફ્ટનન્ટ અરુણ ખેતરપાલના જીવન પર આધારીત આ ફિલ્મમાં ૧૯૭૧ના ભારત પાકિસ્તાન યુદ્ધની વાત કરવામાં આવી છે. અગત્સ્ય નંદા આ રોલ કરે છે અને ધર્મેન્દ્ર તેના પિતાના રોલમાં છે, આ ફિલ્મમાં જયદીપ આહલાવત અને સિમર ભાટીયા પણ મહત્વના રોલમા છે.

## કિર્તિ શેટ્ટીનો ટાઇગર શ્રોફની ફિલ્મમાં સમાવેશ

# મિલાપ ઝવેરીની આ એક્શન થ્રિલરનું શૂટિંગ જાન્યુઆરીમાં શરૂ થશે

કિર્તિ શેટ્ટીને મિલાપ ઝવેરીની ફિલ્મમાં ટાઇગર શ્રોફની સાથે લીડ રોલમાં સાઇન કરનામાં આવી છે. આ એક એક્શન થ્રિલર ફિલ્મ છે, જે ફાઈટિંગ અને એક્શન સીનથી ભરપુર ફિલ્મ છે. કિર્તી આ ફિલ્મમાં પહેલી વખત કોઈ હિન્દી ફિલ્મમાં લીડ રોલમાં જોવા મળશે.

આ અંગેના અહેવાલો અનુસાર ૨૧ જાન્યુઆરીથી મુંબઈમાં ફિલ્મનું શૂટિંગ શરૂ થશે. બે મહિના સુધી આ ફિલ્મ માટે સઘન શૂટ થશે, બધું જ શૂટ મુંબઈમાં જ થવાનું છે અને ટીમ કોઈ બ્રેક વિના એક જ તબક્કામાં ફિલ્મ પુરી કરશે. એવા પણ અહેવાલો છે કે ટાઈગર શ્રોફ રાજ મહેતાની ફિલ્મ પુરી કર્યા પછી આ ફિલ્મ શરી કરશે, જમાં તે લક્ષ્ય સાથે કામ કરી રહ્યો છે. આ પણ એક એક્શન ફિલ્મ છે.

આ અગાઉ કિર્તિ શેટ્ટી રિતિક રોશનની સુપર ૩૦માં એક નાના રોલમાં ચાઈલ્ડ એક્ટર તરીકે જોવા મળશે. અગાઉ પીટીઆઈને એક ઈન્ટરવ્યુમાં કિર્તિએ કહ્યું હતું કે તેનો જન્મ અને ઉછેર મુંબઈમાં જ થયો છે, તેથી તેના માટે હિન્દીમાં કામ કરવું બિલકુલ મુશ્કેલ નથી. તેને સાઉથની ફિલ્મમાં કામ વધારે મળ્યું છે પણ તેના માટે હિન્દીમાં વાત કરવું એ સહજ બાબત છે. તેને હિન્દીમાં કામ કરવામાં વધુ મજા આવે છે.

મલયાલમ ફિલ્મોમાં કામ કરવાના પોતાના અનુભવ વિશે કિર્તિએ જણાવ્યું હતું, "એક કલાકાર તરીકે મારું હંમેશા એક જ સપનું રહ્યું છે, હું સહજ, વિશ્વાસપાત્ર અને બારીકી સાથે કામ કરું." તેણે ઉપ્પેનાસ શ્યામ સિંઘા રોય, મનામેય, એઆરએમ, લવ ઈન્શ્યોરન્સ કંપની અને વા વથિયાર, જિની જેવી સાઉથની ફિલ્મોમાં કામ કર્યું છે.



# ધુરંધરના શો ઓછા કરીને ઇક્કિસ માટે જગ્યા કરાશે

## ૧ જાન્યુઆરીથી ધુરંધરના શો ૫૦ ટકા ઓછા કરી દેવાશે

રણવીર સિંહની ફિલ્મ ધુરંધર બોક્સ ઓફિસ પર તેજ ગતિએ આગળ વધી રહી છે, ફિલ્મ ધીમી પડવાનું નામ લેતી નથી. સાથે જ ફિલ્મની કમાણી પણ દિવસેને દિવસે વધી રહી છે. તેના પછી રિલીઝ થયેલી 'કિસ કિસ કો પ્યાર કરું ૨' અને 'તું મેરી મેં તેરા મેં તેરા તું મેરી' જેવી ફિલ્મોને પણ નુકસાની ભોગવવી પડી છે. ધુરંધરના મુદ્દે ફિલ્મના એક્ઝિબિટર્સ અને ડિસ્ટ્રીબ્યુટર્સ વચ્ચે અસમહતિઓ અને ઘર્ષણો ચાલી જ રહ્યા હતા. હવે ધર્મેન્દ્રની અંતિમ ફિલ્મ અને અગત્સ્ય નંદાની ડેબ્યુ ફિલ્મ ઈક્કિસ ૧ જાન્યુઆરીએ રિલીઝ થઈ રહી છે.

એક્ઝિબિટર્સ સાથે સંકળાયેલા એક સુત્રના જણાવ્યા અનુસાર, "ઈક્કિસ જિઓ સ્ટુડિયોઝ દ્વારા ડિસ્ટ્રીબ્યુટ કરવામાં આવી છે, ધુરંધરના પ્રોડ્યુસર પણ એ જ છે. તેથી હવે ધુરંધરે પહેલાં જ સારી કમાણી કરી દીધી છે અને તેના શો ઘટાડવા માટે ઈક્કિસની ટીમને કોઈ ચિંતા કરવાની જરૂર નથી. ધુરંધર હવે પાંચમા અઠવાડિયામાં પ્રવેશ કરવા જઈ રહી છે. તેથી જિયો સ્ટુડિયોઝે તેમને ઈક્કિસ માટે ૩૦થી ૪૦ ટકા શો ઘટાડવાની વાત કરી છે."

સુત્રએ આગળ જણાવ્યું, "બે સ્ક્રીનના થિએટરમાં તેમણે ૪ શોની માગણી કરી છે. જ્યારે ત્રણ સ્ક્રીનના સિનેમામાં ૬ શો, ૪ સ્ક્રીનના મલ્ટિપ્લેક્સમાં ૮ શોની માગણી કરી છે. જ્યારે ૫ સ્ક્રીન ધરાવતા મલ્ટીપ્લેક્સમાં ૧૦થી વધુ શોની માગ કરી છે. આટલું જ નહીં, તેમણે ૨ અને ૩ સ્ક્રીનના સિનેમામાં એક્ઝિબિટર્સને ઈક્કિસને વહેલી સવારના શો ન ગોઠવવા કહ્યું છે. કારણ કે આ એક એવી ફિલ્મ છે, જે જોવા માટે વહેલી સવારો બહુ લોકો આવે એવી શક્યતા ઓછી છે અને ધીરે ધીરે વર્ડ ઓફ માઉથથી જ તેનો પ્રચાર વધશે."

સુત્રએ આગળ એવું પણ કહ્યું કે, "થિએટરને એવી પણ સુચના આપી છે કે વીકેન્ડમાં પણ સામાન્ય ભાવમાં જ ટિકિટ વેચવામાં આવે. તેથી ઈક્કિસની ટિકિટ વ્યાજબી દરે ઉપલબ્ધ થઈ શકે."

જ્યારે એક ટ્રેડ એક્સપર્ટ જણાવે છે, "મુંબઇ જેવા શહેરમાં ઈક્કિસના શો તું મેરી મેં તેરા મેં તેરા તું મેરી કરતાં વધારે છે, જોકે આ રોમકોમ એક વોર ફિલ્મ કરતાં વધુ લોકોને સ્પર્શી શકે એવી છે. જોકે, નાના શહેરોમાં જ્યાં આ ફિલ્મ લોકોને આકર્ષી શકે તેમ છે, ત્યાં આ ફિલ્મને પુરતા શો મળ્યા છે. ગયા અઠવાડિયા સુધી આ બધા સિનેમામાં ધુરંધરના શો જ ચાલતા હતા."

મહારાષ્ટ્રમાં કેટલાંક સિંગલ સ્ક્રીન થિએટરમાં ધુરંધરના બે શો અને ઈક્કિસના બે શો અને એક શો મરાઠી ફિલ્મને ફાળવાયો છે. જોકે, ડિસ્ટ્રીબ્યુટર્સે ઈક્કિસની રિલીઝને મર્યાદિત રાખી હોવાથી કેટલાક નાના શહેરોમાં ઈક્કિસના શો જોવા મળશે નહી. જ્યારે કેટલાક થિએટરમાં હજુ પણ ધુરંધર જ ચલાવાશે.

સેન્સર બોર્ડે ઈક્કિસમાં કેટલાક સુધારા અને કેટલાંક કટ સુચવ્યા છે. જેમાં શરૂઆતમાં અરુણ ખેતરપાલની પૂના હોર્સ રેજિમેન્ટ, કર્નલ હનુથ સિંઘ અને ટેંક ક્રૂની નોંધ લેવા જણાવાયું છે, તેનો વોઈસઓવર પણ ઉમેરવાનો થશે. સાથે જ અરુણ ખેતરપાલના ટેંક ક્રૂ અને શહિદોના ફોટો પણ ઉમેરવાના થશે.

જ્યારે એન્ડના ક્રેડિટમાં પણ ટેક્સ્ટ અને વોઈસઓવર ઉમેરવા કહેવાયું છે, જેમાં ડિફેન્સ એક્સપર્ટના મતે અરુણ ખેતરપાલની તસવીર ઉમેરવા કહેવાયું છે. આ ફિલ્મના પ્રકારના કારણે મેકર્સે સેન્સર બોર્ડમાં ખેતરપાલ પરિવારનો મંજુરી પત્ર પણ ઉમેર્યો છે. દરેક વાસ્તવિક ઘટનાઓના યોગ્ય દસ્તાવેજો પણ રજુ કર્યા છે. આ ફિલ્મમાં સેન્સરે બીજા ભાગમાં કેટલાક કટ સુચવ્યા છે. ટેંકનું નામ ડિલીટ કરાયું છે, ૧૫ સેકન્ડનો એક ભારત પાકિસ્તાનના સંબંધો પરનો ડાયલોગ ડિલીટ કરવા કહેવાયું છે. સાથે જ આલ્કોહોલની બ્રાન્ડને બ્લર કરાઈ છે અને ધુમ્રપાન નિષેધની સુચના પણ ઉમેરવા કહેવાયું છે. આ ફિલ્મને યૂ/એ ૧૩+ સર્ટિફિકેટ મળ્યું છે અને ફિલ્મ ૨ કલાક ૨૭ મિનિટની છે.

# ટીર૦ વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયા સ્પિન બોલિંગ પર આધાર રાખશે

## ભારત અને શ્રીલંકામાં યોજાનારા વર્લ્ડ કપ માટે ઓસી. ટીમ જાહેર, કમિન્સ સામેલ





ભારત અને શ્રીલંકામાં ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ દરમિયાન યોજાનારા ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપ માટે ઓસ્ટ્રેલિયાએ ગુરુવારે તેની ટીમની જાહેરાત કરી દીધી હતી. ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના પસંદગીકારોએ આ વખતે ભારત અને શ્રીલંકામાં યોજાનારા વર્લ્ડ કપમાં ઉપખંડની પિચોને ધ્યાનમાં રાખીને સ્પિન બોલિંગ આધારીત ટીમની પસંદગી કરી છે. જેના સુકાનીપદે મિચેલ માર્શની વરણી કરવામાં આવી છે તો ટીમમાં ટેસ્ટ અને વન-ડે ટીમના ચેમ્પિયન સુકાની પેટ કમિન્સને પણ સામેલ કરવામાં આવ્યો છે. કમિન્સના ભાગ લેવા અંગે અગાઉ શંકા સેવાતી હતી. આગામી ટીર૦ વર્લ્ડ કપ ભારત અને શ્રીલંકામાં સંયુક્તપણે યોજાનારો છે જેમાં ઓસ્ટ્રેલિયાને તેની કેટલીક મેચ શ્રીલંકામાં પણ રમવાની છે. જ્યાંની પિચો પણ ભારતની માફક સ્પિન બોલિંગને વધુ મદદ કરતી હોય છે. સાતમી ફેબ્રુઆરીથી વર્લ્ડ કપનો પ્રારંભ થશે પરંતુ ઓસ્ટ્રેલિયા તેની પહેલી મેચ આયર્લેન્ડ સામે ૧૧મીએ કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમનારું છે. ૨૦૨૧ની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયન ટીમમાં પસંદગીકારોએ હવે ટીર૦માંથી નિવૃત્ત થઈ ગયેલા મિચેલ સ્ટાર્કને સ્થાને કોઈ લેફ્ટ આર્મ પેસરને સામેલ કર્યો નથી પરંતુ કૂપર કોનોલીનો આશ્ચર્યજનક રીતે સમાવેશ કરવામાં આવ્યો હતો. કોનોલી કાંગારું ટીમની છેલ્લી ૧૨ ટીર૦ ઈન્ટરનેશનલ મેચમાંથી એકેયમાં રમ્યો નથી.

મિચેલ સ્ટાર્ક છેલ્લી છ આઈસીસી ટીર૦ ઈવેન્ટમાંથી માત્ર એકમાં જ રમી શક્યો ન હતો અને તે સફળ ટીર૦ બોલર હતો પરંતુ ગયા વર્ષે તેણે રમતના આ સૌથી નાનકડા ફોર્મેટમાંથી નિવૃત્ત થઈ જવાનો નિર્ણય લીધો હતો. આમ તે ભારત નહીં આવે.

ઓસ્ટ્રેલિયન ટીમ ૧૧મીએ આયર્લેન્ડ સામે રમ્યા બાદ ૧૩મીએ કોલંબોમાં જ ઝિમ્બાબ્વે સામે અને ત્યાર બાદ પલ્લિકલ સામે ૧૬મીએ સહ યજમાન શ્રીલંકા સામે રમશે. આમ તેનો ખરો મુકાબલો ૧૬મીથી શરૂ થશે જ્યાં તેને શ્રીલંકન સ્પિનર્સનો મુકાબલો કરવાનો આવશે. ત્યાર બાદ કાંગારું ટીમ ૨૦મી ફેબ્રુઆરીએ ઓમાન સામે રમનારી છે.

ઝડપી બોલર અને ટેસ્ટ ટીમના કેપ્ટન પેટ કમિન્સને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે પરંતુ તેના રમવા અંગે અનિશ્ચિતતા રહેલી છે કેમ કે આ મહિનાને અંતે કમિન્સની પીઠનો સ્કેન થશે અને ત્યાર બાદ તેના વિશે અંતિમ નિર્ણય લેવાશે. આ ઉપરાંત હેમસ્ટ્રિંગની ઈજાથી પરેશાન જોશ હેઝલવૂડ અને ટિમ ડેવિડને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. જોકે આઈસીસીના નિયમ મુજબ ૩૧મી જાન્યુઆરી સુધીમાં કોઈ પણ સ્પર્ધક તેની ટીમમાં પરિવર્તન કરી શકે છે. ટીર૦ વર્લ્ડ કપ માટેની ઓસ્ટ્રેલિયન ટીમઃ મિચેલ માર્શ (સુકાની), ઝેવિયર બાર્ટલેટ, કૂપર કોનોલી, પેટ કમિન્સ, ટિમ ડેવિડ, કેમરૂન ગ્રીન, નાથાન એલિસ, જોશ હેઝલવૂડ, ટ્રેવિસ હેડ, જોશ ઈંગ્લિસ, મેથ્યુ કુન્હેમાન, ગ્લેન મેક્સવેલ, મેથ્યુ શોર્ટ, માર્કસ સ્ટોઈનિસ, એડમ ઝમ્પા. સફળતાની ટકાવારીમાં ઓસ્ટ્રેલિયન ટીમ ત્રીજા ક્રમે છેટીર૦ વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયન ટીમ મોખરાની ટીમ પૈકીની એક છે. વર્લ્ડ કપમાં તે સફળતાની ટકાવારીની રીતે ત્રીજા ક્રમે છે. ભારત અત્યાર સુધીમાં વર્લ્ડ કપમાં બાવન મેચ રમ્યું છે જેમાંથી તેણે ૩૬ મેચ જીતી છે અને ૧૫ મેચ ગુમાવી છે. આમ તે ૬૯.૨૩ ટકાની વિજયની ટકાવારી ધરાવે છે તો સાઉથ આફ્રિકા ૬૫.૩૧ ટકા મેચ (૪૩માંથી ૩૨ વિજય) જીતી છે જ્યારે ઓસ્ટ્રેલિયા ૪૭ મેચમાંથી ૩૦ મેચ જીતીને ૬૩.૮૩ ટકાની સફળતા ધરાવે છે.

# ટીર૦ વર્લ્ડ કપમાં પણ કમિન્સના સમાવેશથી તમામ શંકા દૂરઃ કોચ

## ઓસી. ટીમના કોચ મેકડોનાલ્ડે અગાઉ કમિન્સ રમશે કે નહીં તે અંગે શંકા સેવી હતી



પ્રવાસી ઈંગ્લેન્ડ સામેની ચોથી ટેસ્ટ ગુમાવી ચૂકેલો ઓસ્ટ્રેલિયન સુકાની પેટ કમિન્સ આગામી ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપ માટેની ઓસ્ટ્રેલિયાની ટીમમાં સામેલ થયો છે તેનાથી તેના અંગેની તમામ શંકાઓ દૂર થઈ ગઈ છે.


અગાઉ કાંગારું ટીમના કોચ મેકડોનાલ્ડે જાહેર કર્યું હતું કે તે વર્લ્ડ કપમાં રમી શકશે નહીં અને તેને ફિટ થવામાં ઘણો સમય લાગશે. આગામી ટીર૦ વર્લ્ડ કપ આ વખતે ભારત અને શ્રીલંકામાં યોજાનારો છે. ફેબ્રુઆરી-માર્ચમાં આ ઈવેન્ટ યોજાશે. પેટ કમિન્સ હાલમાં રમાઈ રહેલી એશિઝ સિરીઝની માત્ર એક જ ટેસ્ટમાં રમી શક્યો છે. જેમાં તેણે સફળતાપૂર્વક બોલિંગ કરીને ટીમને વિજય અપાવ્યો હતો. હાલમાં કાંગારું ટીમ ૩-૧થી આગળ છે.

જોકે પેટ કમિન્સ ટેસ્ટ અને વન-ડેમાં રમી રહ્યો છે પરંતુ એશિઝની બાકીની ટેસ્ટમાં તે રમી શકે તેમ નથી તો ટીર૦ વર્લ્ડ કપ અંગે પણ અનિશ્ચિતતા પ્રવર્તી રહી હતી પરંતુ ગુરુવારે જાહેર કરાયેલી ઓસ્ટ્રેલિયન ટીમમાં તેને સામેલ કરવામાં આવ્યો હતો. જોકે કમિન્સ ટીમનું નેતૃત્વ સંભાળશે નહીં કેમ કે ઓલરાઉન્ડર મિચેલ માર્શ ઓસ્ટ્રેલિયાનો ટીર૦ કેપ્ટન છે. અગાઉ ઓસ્ટ્રેલિયન ટીમના ચીફ કોચ એન્ડ્ર્યુ મેકડોનાલ્ડે જણાવ્યું હતું કે વર્લ્ડ કપ અંગે હું આતુર છું પરંતુ કમિન્સ પરત ફરશે કે નહીં તે અંગે કહી શકાય તેમ નથી. આ અંગે હું કાંઈ કહી શકું તેમ નથી. હાલ પૂરતું તો શક્યતા ધુંધળી છે પરંતુ તેમ છતાં અમે આશાવાદી છીએ.

જુલાઈ મહિનામાં ઓસ્ટ્રેલિયન ટીમે વેસ્ટ ઈન્ડિઝનો પ્રવાસ કર્યો તે સમયથી પેટ કમિન્સ ઘાયલ છે. ત્યાર બાદ તે રિહેબ માટે ચાલ્યો ગયો હતો અને તેને એશિઝ સિરીઝની એડિલેડ ટેસ્ટ માટેની ટીમમાં સ્થાન આપતાં અગાઉ સાવચેતી દાખવવામાં આવી હતી. મેકડોનાલ્ડે જણાવ્યું હતું કે તે સારી રીતે બોલિંગ કરી રહ્યો છે પરંતુ એશિઝની બાકીની બે ટેસ્ટમાં તે રમવાનો નથી. અમે એવી પણ ચર્ચા કરી હતી કે તેના પુનરાગમનમાં લાંબો સમય લાગશે.

# ક્રિકેટર કે સુપરમેન! બેટીંગ - બોલીંગ અને વિકેટકિપીંગ ત્રણેયમાં કમાલ સર્જી

## દક્ષિણ આફ્રિકા T20 લીગમાં ઘટના : કોઈ મેચમાં ફરેરાની નિર્ણાયક ભૂમિકા



**ડરવાન, તા.૨**

સાઉથ આફ્રિકા ટીર૦ લીગમાં રોમાંચની તમામ હદો પાર થઈ ગઈ હતી. જોબર્ગ સુપર કિંગ્સ અને ડરબન સુપર જાયન્ટ્સ વચ્ચેની આ મેચ નિર્ધારિત ૨૦ ઓવરમાં ટાઈ રહી હતી, જેના કારણે મેચ સુપર ઓવરમાં પહોંચી હતી.

આ મેચમાં ડેનોવન ફરેરાએ ઓલરાઉન્ડ પ્રદર્શનની નવી વ્યાખ્યા લખી હતી. તેણે જે રીતે ત્રણ અલગ-અલગ ભૂમિકાઓ ભજવી, તેના કારણે તેની દરેક જગ્યાએ ચર્ચા થઈ રહી છે.

મેચમાં પ્રથમ બેટિંગ કરતા જોબર્ગ સુપર કિંગ્સ મુશ્કેલીમાં હતી, ત્યારે ડેનોવન ફરેરાએ તોફાની બેટિંગ કરી હતી. તેણે માત્ર ૧૦ બોલમાં અણનમ ૩૩ રન ફટકાર્યા હતા. આ દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ ૩૩૦નો રહ્યો હતો અને તેણે પોતાની ઈનિંગમાં ૪ છગ્ગા અને ૧ ચોગ્ગો ફટકાર્યો હતો. જોબર્ગની ટીમે ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૨૦૫ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો.

બેટિંગ બાદ જ્યારે બોલિંગ આવી ત્યારે ફરેરાએ ફરી એકવાર ટીમને મદદ કરી. તેણે પોતાની ૪ ઓવરના સ્પેલમાં માત્ર ૨૪ રન આપીને ૧ મહત્વની વિકેટ ઝડપી હતી. ડરબનની ટીમે લડત આપીને સ્કોર લેવલ કરી દીધો અને મેચ ટાઈ થઈ.

મેચ ટાઈ થતા પરિણામ માટે સુપર ઓવરનો સહારો લેવાયો હતો. અહીં ફરેરાએ બધાને ચોંકાવી દીધા કારણ કે તે હવે ગ્લવ્સ પહેરીને વિકેટકીપર તરીકે મેદાન પર ઉતર્યો હતો. કીપિંગ દરમિયાન તેણે અત્યંત ચપળતા બતાવીને એક શાનદાર રનઆઉટ કર્યો હતો. જેના કારણે ડરબનની ટીમ મોટો સ્કોર ન બનાવી શકી અને જોબર્ગને માત્ર ૬ રનનો ટાર્ગેટ મળ્યો, જે તેમણે સરળતાથી હાંસલ કરી લીધો.

એક જ મેચમાં બેટિંગમાં પાવર હિટિંગ, બોલિંગમાં વિકેટ અને છેલ્લે કીપિંગમાં ગેમ-ચેન્જર સાબિત થનાર ડેનોવન ફરેરાને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો. તેની આ સુપર ઓલરાઉન્ડર રમતને કારણે જોબર્ગ સુપર કિંગ્સે ટુર્નામેન્ટમાં જીતની હેટ્રિક પૂરી કરી હતી.

# ઈશાન કિશનનો વનડે ટીમ માટે પણ મજબૂત દાવો

## વિજય હજારે ટ્રોફીમાં શાનદાર પ્રદર્શનથી વનડે ટીમ માટે પસંદગી થઈ શકે

**નવી દિલ્હી, તા.૨**



ટીમ ઈન્ડિયા નવા વર્ષની શરૂઆત ન્યુઝીલેન્ડ સામેની વનડે શ્રેણી સાથે કરશે. ટીમની જાહેરાત આ અઠવાડિયે થવાની સંભાવના છે, જોકે મોટા ફેરફારો થવાની શક્યતા નથી. ટીર૦ ક્રિકેટમાં વાપસી બાદ, ઝારખંડના વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશન પરત ફરી શકે છે. તેને ઘરેલુ ક્રિકેટમાં તેના પ્રભાવશાળી પ્રદર્શન માટે પુરસ્કાર મળી શકે છે.વિજય હજારે ટ્રોફીમાં સારું પ્રદર્શન કરનારા સરફરાઝ ખાન, ધ્રુવ જુરેલ અને રિંકુ જેવા બેટ્સમેનોએ રાહ જોવી પડશે. જોકે, ટીમના ટોપ ઓર્ડરમાં ફેરફારનો કોઈ અવકાશ નથી. વિશ્વની નંબર વન ટીમ છેલ્લા બે વૈશ્વિક ટુર્નામેન્ટમાં ફક્ત એક જ મેચ હારી છે. ૨૦૨૩ થી, તેનો જીત-હારનો ગુણોત્તર ૩.૧૬૭ છે, જે અન્ય તમામ પૂર્ણ સભ્ય ટીમો કરતા બમણો છે. આ બધું ટીમના ટોચના પાંચ બેટ્સમેનોને કારણે છે.ગયા વર્ષે ટેસ્ટ અને ૨૦ મેચમાંથી નિવૃત્તિ લેનાર રોહિત-કોહલી જોડીએ બતાવ્યું કે એક જ ફોર્મેટમાં રમવાનો તેમનો નિર્ણય ખોટો નહોતો. બંનેએ વિજય હજારે ટ્રોફીમાં પોતાની ક્ષમતા દર્શાવી. રોહિતે સદી ફટકારી, જ્યારે વિરાટે સદી અને અડધી સદી ફટકારી. કોહલી દિલ્હી માટે વધુ એક મેચ રમશે.ગિલ-રાહુલ પણ વિજય હજારેઃ શુભમન ગિલ અને રાહુલ પણ વિજય હજારે ટ્રોફીમાં આગામી કેટલીક મેચ રમીને પોતાનું નસીબ ખોલવાનો પ્રયાસ કરશે. ગિલ શનિવારે સિક્કિમ સામે પંજાબ તરફથી રમે તેવી શક્યતા છે.જોકે, શ્રેયસ હજુ સુધી તેની ઈજામાંથી સ્વસ્થ થયો નથી. શ્રેયસની ગેરહાજરીમાં, યુવા યશસ્વી અને તુરાજ ગાયકવાડે ગયા મહિને દક્ષિણ આફ્રિકા સામે પોતાની તકોનો શ્રેષ્ઠ ઉપયોગ કર્યો. બંનેએ સદી ફટકારી હતી.ટીમમાં સાત બેટ્સમેન હોવાથી, કોઈને પણ સ્થાન મળવું અશક્ય છે. સરફરાઝ, જુરેલ, રિંકુ, પડિકલ અને ધ્રુવ શૌર્ય જેવા ખેલાડીઓએ ટીમને જીવંત રાખવા માટે શક્ય તેટલા વધુ રન બનાવવા પડશે.

# ન્યૂઝીલેન્ડ સામેની વન-ડેમાં પંતના સમાવેશ અંગે અનિશ્ચિતતા

## છેલ્લા ૧૮ મહિનામાં રિશભ પંતને ભારત માટે એક પણ વન-ડે મેચ રમવા મળી નથી



ભારતનો મોખરાનો વિકેટકીપર-બેટર ગંભીર અકસ્માતમાં ઘાયલ થયો ત્યાર બાદ તેને વન-ડે ક્રિકેટમાં રમવાની ખાસ તક મળી નથી. આ સંજોગોમાં પ્રવાસી ન્યૂઝીલેન્ડ સામે યોજાનારી વન-ડે ક્રિકેટ સિરીઝ માટેની ટીમની પસંદગી કરવા માટે અજિત અગરકર એન્ડ કંપની મળશે ત્યારે રિશભ પંતને સમાવશે કે નહીં તે અંગે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. હાલમાં રમાઈ રહેલી વિજય હઝારે ટ્રોફીમાં પંતે ખાસ ફોર્મ દાખવ્યું નથી અને માત્ર એક જ અડધી સદી ફટકારી શક્યો છે તેમ છતાં ન્યૂઝીલેન્ડ સામેની સિરીઝમાંથી તેને બાકાત રખાશે તો તેના માટે આ કપરી બાબત બની રહેશે. રિશભ પંતને છેલ્લા ૧૮ મહિનામાં એક પણ વન-ડે મેચ રમવાની તક સાંપડી નથી.

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ત્રણ વન-ડે મેચની સિરીઝનો ૧૧મી જાન્યુઆરીથી વડોદરા ખાતે પ્રારંભ થઈ રહ્યો છે તો ત્યાર બાદ બંને ટીમ પાંચ ટીર૦ મેચની સિરીઝ રમશે. આ માટે ટૂંક સમયમાં પસંદગીકારો ભારતીય ટીમની જાહેરાત કરશે. આ તબક્કે એવી અટકળ થઈ રહી છે કે પંતને ટીમમાં સ્થાન મળવા અંગે શંકા છે.

હવે એ વાત છૂપી રહી નથી કે ભારતીય ટીમ મેનેજમેન્ટમાં કમસે કમ એક સદસ્ય એવો છે જે પંતની જોખમી પરંતુ આક્રમક એવી બેટિંગ પસંદ કરતો નથી અને તે ઈચ્છે છે કે દિલ્હીનો આ બેટર પરંપરાગત વન-ડે સ્ટાઈલની બેટિંગ કરે.

જોકે તેને તક આપ્યા વિના પડતો મૂકવો તે ટીમની પસંદગી અંગે વધુ સવાલો પેદા કરી શકે છે. સાથે સાથે હકીકત એ પણ છે કે રિશભ પંત ઘણા સમયથી વન-ડે ક્રિકેટમાં રમ્યો નથી. ૨૦૨૫માં રિશભ પંત ભારતની વન-ડે ટીમમાં તો હતો પરંતુ આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં તેને એક પણ મેચ રમવાની તક મળી ન હતી તો તાજેતરમાં સાઉથ આફ્રિકા સામેની ત્રણ મેચમાં પણ તેને ટીમમાં હોવા છતાં તક સાંપડી ન હતી. સાઉથ આફ્રિકા સામે ઋતુરાજ ગાયકવાડને ચોથા ક્રમે બેટિંગમાં મોકલવામાં આવ્યો હોવાથી પંતને ઈલેવનમાં સામેલ કરાયો ન હતો.

૨૦૧૮માં વન-ડે કારકિર્દીનો પ્રારંભ કર્યા બાદ રિશભ પંત ભારત માટે ૩૧ વન-ડે રમ્યો છે. જોકે આ ગાળામાં તે ટીર૦માં નિયમિતપણે રમતો રહ્યો હતો તો ટેસ્ટ મેચમાં પણ તેનું પ્રદર્શન શાનદાર રહ્યું છે. આ ઉપરાંત તે આઈપીએલમાં પણ નિયમિત રમી રહ્યો છે. જોકે વચ્ચે એક માર્ગ અકસ્માતને કારણે તેને ઘણા સમય સુધી ક્રિકેટથી દૂર રહેવું પડ્યું હતું.

વન-ડેમાં પંતની કારકિર્દી બે તબક્કામાં વહેંચાયેલી છે. જૂન ૨૦૧૯થી જાન્યુઆરી ૨૦૨૦ દરમિયાન તે ભારત માટે ૧૧ મેચ રમ્યો હતો. જોકે ૨૦૨૧-૨૨માં તે ૧૫ વન-ડે રમ્યો હતો અને પછી ઘાયલ થતાં બહાર થઈ ગયો હતો. પરંતુ ૨૦૨૪માં પુનરાગમન બાદ રિશભ પંત માત્ર એક જ વન-ડે રમી શક્યો છે અને યોગાનુયોગે આ ગાળામાં ગૌતમ ગંભીર ભારતીય ટીમનો ચીફ કોચ રહ્યો છે. હવે પંતની હરિફાઈ ઈશાન કિશન સાથે છે, બંને આક્રમક બેટર છે. હઝારે ટ્રોફીમાં પંત એક જ અડધી સદી (૭૦ રન) કરી શક્યો છે તો બીજી તરફ ઈશાન કિશને સિઝનની પહેલી જ મેચમાં કર્ણાટક સામે અમદાવાદ ખાતે ૧૪ સિક્સર સાથે આક્રમક સદી ફટકારી હતી. આ ઉપરાંત ધ્રુવ જુરેલ પણ મોટો દાવેદાર બની ગયો છે કેમ કે ભારતની છેલ્લી સિરીઝમાં જુરેલ ટીમનો હિસ્સો હતો અને તેણે હઝારે ટ્રોફીમાં ઉત્તર પ્રદેશ માટે સદી પણ ફટકારી છે. ભારતીય પસંદગીકારો માટે આ મીઠી મુંઝવણ બની શકે તેમ છે કેમ કે તેમની પાસે ઉચ્ચ કક્ષાના ત્રણ વિકેટકીપર છે. અને, જો ત્રણેયનો સમાવેશ ન્યૂઝીલેન્ડ સામેની સિરીઝમાં કરાય તો અંતિમ ઈલેવનની પસંદગી પણ સમસ્યા રહેવાની છે. આ ઉપરાંત ટીમ પાસે લોકેશ રાહુલ જેવો કીપર-બેટર પણ છે. આવી જ સમસ્યા બેટિંગમાં રહેવાની છે કેમ કે ગિલ પરત ફરશે તો ટીમ પાસે રોહિત શર્મા, જયસ્વાલ અને દેવદત્ત પડિકલ જેવા બેટર રહેશે. વિરાટ કોહલી પણ નિશ્ચિત દાવેદાર છે.

# ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ખ્વાજાનો સંન્યાસ

## જાતિવાદી ભેદભાવના આરોપ, કહ્યું- પાકિસ્તાની-મુસ્લિમ હોવાને કારણે અલગ નજરથી જોવામાં આવ્યો



ઓસ્ટ્રેલિયાના ઓપનિંગ બેટ્સમેન ઉસ્માન ખ્વાજાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી દીધી છે. સિડની (SCG)માં રમાનારી એશિઝ સીરીઝની છેલ્લી ટેસ્ટ તેમની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ હશે. નિવૃત્તિની જાહેરાત સાથે જ ખ્વાજાએ પોતાના કારકિર્દી દરમિયાન સહન કરેલી જાતિવાદી ટિપ્પણીઓ અને મેનેજમેન્ટના બેવડા ધોરણો પર ખુલીને વાત કરી.

ખ્વાજાએ કહ્યું કે, આખી કારકિર્દી દરમિયાન મને મારા પાકિસ્તાની મૂળ અને મુસ્લિમ ઓળખને કારણે ઘણી વાર અલગ નજરથી જોવામાં આવ્યો. મને ખોટી ટીકાનો સામનો કરવો પડ્યો. જ્યારે પણ હું ઈજાગ્રસ્ત થયો, મીડિયા અને કેટલાક પૂર્વ ખેલાડીઓએ પૂરી જાણકારી વગર સવાલો ઉઠાવ્યા.

તેણે વધુમાં કહ્યું, 'પાકિસ્તાની, વેસ્ટ ઈન્ડિયન અથવા ઘણીવાર સ્વાર્થી, મહેનત ન કરનાર અને ટીમની પરવા ન કરનાર તરીકે ઓળખાવવામાં આવે છે. આ બધું મેં મારી આખી જીંદગી સહન કર્યું છે.'

જ્યારે હું ઈજાગ્રસ્ત થયો, ત્યારે સતત ૫ દિવસ સુધી મારી ટીકા થતી રહી. મને અવારનવાર આળસુ, બિનજવાબદાર અને ટીમ માટે ન રમતો હોવાનું કહીને રજૂ કરવામાં આવ્યો. આ બધું જાતિવાદી ભેદભાવનો ભાગ છે.

ખ્વાજાએ પર્થ ટેસ્ટ પહેલા ગોલ્ફ રમવા અને વૈકલ્પિક ટ્રેનિંગ સત્રમાં ભાગ ન લેવા બદલ થયેલી ટીકાનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું કે કેટલાક લોકોએ તેમની ઈજા માટે ગોલ્ફ રમવાને જવાબદાર ઠેરવ્યું.

ખ્વાજાએ કહ્યું, 'હું ડઝનબંધ એવા ઉદાહરણો આપી શકું છું, જ્યાં ખેલાડીઓ મેચ પહેલા ગોલ્ફ રમે છે અને ઈજાગ્રસ્ત થાય છે, પરંતુ તેમના પર કોઈ સવાલ ઉઠાવાતો નથી. ઘણા ખેલાડીઓ મેચ પહેલા ૧૫ બીયર પીવે છે, છતાં કોઈ મુદ્દો બનતો નથી, કારણ કે તેમને 'ઓસ્ટ્રેલિયન લેરિકિન્સ' કહેવામાં આવે છે. જ્યારે હું ઈજાગ્રસ્ત થયો, ત્યારે મારી વિશ્વસનીયતા પર સવાલો ઉઠાવવામાં આવ્યા.'

સંન્યાસની જાહેરાત દરમિયાન ખ્વાજા સાથે તેમની પત્ની રેચલ, બાળકો અને પરિવારના અન્ય સભ્યો પણ પ્રેસ કોન્ફરન્સમાં હાજર હતા. તેમણે જણાવ્યું કે હું ઘણા સમયથી આ નિર્ણય પર વિચાર કરી રહ્યો હતો.ખ્વાજાએ કહ્યું, 'આ સિરીઝમાં સામેલ થતી વખતે જ મને લાગી ગયું હતું કે આ મારી છેલ્લી સિરીઝ હોઈ શકે છે. પત્ની સાથે લાંબી વાતચીત પછી લાગ્યું કે હવે યોગ્ય સમય આવી ગયો છે. હું ખુશ છું કે SCG જેવા મેદાન પર મારી શરતો પર સંન્યાસ લઈ રહ્યો છું.'ખ્વાજાએ એ પણ જણાવ્યું કે ટીમના મુખ્ય કોચ એન્ડ્રુ મેકડોનાલ્ડ ઈચ્છતા હતા કે હું આગળ પણ રમતો રહું. અહીં સુધી કે ૨૦૨૭માં ભારત પ્રવાસને લઈને પણ ચર્ચા થઈ હતી, પરંતુ મેં મારા નિર્ણય પર મક્કમ રહેવાનો નિર્ણય લીધો.

# સુરત સુધરાઈ કામદાર સ્ટાફ મંડળ કાનૂની માન્યતા ધરાવે છે

## સુરત મ્યુનિસિપલ એમ્પ્લોઇઝ (સ્ટાફ)યુનિયનની તમામ કામગીરી ચાલુ છે

સુરત, તા.૨

સુરત મહાનગરપાલિકામાં કાર્યરત સુરત મ્યુનિસિપલ એમ્પ્લોઈઝ (સ્ટાફ) યુનિયન(સુરત સુધરાઈ કામદાર (સ્ટાફ) મંડળ)ના પ્રમુખ મોહંમદ ઈકબાલ શેખ તથા મહામંત્રી દેવેન્દ્ર પ્રજાપતિ એક નિવેદનમાં જણાવે છે કે, હાલમાં કેટલાક અખબારોમાં એવા સમાચાર પ્રસિદ્ધ થયા છે કે સુરત મહાનગરપાલિકાના કાર્યરત યુનિયનો બોગસ છે અને બધાને બંધ કરી દેવામાં આવ્યા છે.જેના અનુસંધાનમાં જણાવવાનું કે, અમારૂ યુનિયન તા.૨/૪/૧૯૩૯ ના રોજ રજિસ્ટર્ડ કરવામાં આવ્યું હતું.ચીફ ઓફિસર શ્રી સુરત બરો મ્યુનિસિપાલિટીના તારીખ ૪/૩/૧૯૫૨ ના પત્રમાં જણાવ્યા મુજબ,ઠરાવ નંબર. ૪ તારીખ ૨૬/૨/૧૯૫૨ મુજબ અમારા યુનિયનને માન્યતા આપવામાં આવેલ છે.આ યુનિયનનું રજીસ્ટ્રેશન તારીખ ૨/૪/૧૯૩૯ના રોજ મુંબઈ ખાતે થયેલ હતું.કારણ કે તે સમયે ગુજરાત અને મહારાષ્ટ્ર એક જ રાજ્ય હતું. જેથી તમામ વહીવટી કામગીરી મુંબઈ ખાતેથી થતી હતી. તે મુજબ મુંબઈ ખાતે અમારા યુનિયનનું રજીસ્ટ્રેશન થયેલ હતું. ઈન્ડિયન ટ્રેડ યુનિયન એક્ટ ૧૯૨૬ મુજબ રજીસ્ટ્રેશન થયેલ યુનિયન સમગ્ર ભારતમાં કાર્ય કરી શકે છે તેમજ તેને ફક્ત એક જ વખત રજીસ્ટ્રેશન કરાવવાનું હોય છે. ત્યારબાદ તારીખ ૧/૫/૧૯૬૦ ના રોજ ગુજરાત મહારાષ્ટ્ર રાજ્ય છૂટા પડી ગયેલ હતા. ત્યારથી રજીસ્ટ્રેશન અને યુનિયનની તમામ વહીવટી કામગીરી ગુજરાત રાજ્યમાં અમદાવાદ ખાતેથી થતી હતી. જે હાલમાં ગાંધીનગર ખાતેથી થાય છે.અમારા યુનિયનનું અમદાવાદ ખાતે રી રજીસ્ટ્રેશન તારીખ ૩/૨/૧૯૬૨ ના રોજ રજીસ્ટર નંબર જી.૧૨૯ થી નોંધાયેલ હતું.રાજ્ય સરકારના શ્રમ આયુક્ત વિભાગમાં અને સુરત મહાનગરપાલિકામાં રજિસ્ટ્રેશનની નકલ, ઓડિટ કરવામાં આવેલ હિસાબની નકલો તથા હોદ્દેદારો અને કારોબારી સભ્યોની યાદી પણ રજૂ કરવામાં આવેલ છે.આમ આ યુનિયન કાયદેસર રીતે સુરત મહાનગરપાલિકામાં કામગીરી કરી રહ્યું છે અને કર્મચારીઓના પ્રશ્નો, તેઓને પડતી મુશ્કેલીઓ અંગેની રજૂઆતો કરવામાં આવે છે. આમ યુનિયનની તમામ પ્રકારની કામગીરી ચાલુ છે. સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારી ભાઈ બહેનો અને સૌને આ બાબતની નોંધ લેવા માટે, એક અખબારી યાદીમાં જણાવ્યું છે.



# કનકપુરમાં જુદા જુદા કામોનો આરંભ કરાવતા સંદિપ દેસાઈ

## ધારાસભ્યના હસ્તે વિકાસ કામોનું ખાતમુર્હૂત

સુરત, તા.૨

સાઉથ ઝોન-બી (કનકપુર) વિસ્તારમાં આજે તા.૦૧/૦૧/૨૦૨૬ બુધવારના રોજ ૧૬૮-ચોર્યાસી વિધાનસભાના માન. ધારાસભ્યશ્રી સંદિપભાઈ દેસાઈના વરદહસ્તે વિકાસલક્ષી જુદા જુદા કામોના પ્રકલ્પોની ખાતમુહૂર્ત વિધિ કરવામાં આવી. રૂા. ૩૦૬.૯૨ લાખના ખર્ચે સાઉથ ઝોન-બી(કનકપુર)માં સમાવિષ્ટ સચીન ખાતેના ગુજરાત સ્લમ કલિયરન્સ બોર્ડમાંરસ્તા વાઇડનીગનું કામ, ગુજરાત હાઉસીંગ બોર્ડ માં જાહેર હેતુ માટે નાં પ્લોટનં. ૦૭ અને ૦૮ માં ગજેબો, વોક-વે બનાવવાનું અને પ્લાન્ટેશન કરવાનું કામ, કનસાડગામ ખાતેના હળપતિવાસ માં ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ અને કનસાડગામ ખાતે વોક-વે બનાવવાનુંકામ એમ કુલ૦૪ જુદા જુદા પ્રકલ્પોની ખાતમુહૂર્ત વિધિ આજરોજ સંપન્નકરવામાં આવી. સદર પ્રકલ્પો સાકારિત થવાથી આ વિસ્તારના લોકોને વિવિધ માળખાકીય સુવિધા? પ્રાપ્ત થશે.

જે લોકોને વધુ સુખાકારીરૂપ જીવન શૈલી પ્રદાન કરવામાં મદદરૂપ થશે. સદર કાર્યકમમાં મોટી સંખ્યામાં સ્થાનિક લોકો, વોર્ડ ન.૩૦(કનસાડ-સચિન-ઉન-અભવા) ના મ્યુનિ. સભ્યશ્રીઓ તથા અન્ય કાર્યકરો હાજર રહેલ.

# સુરત ઇન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેન ઉમરગામ સ્ટેશને થોભશે

સુરત, તા.૨

BCT ડિવિઝનના અધિકારક્ષેત્ર હેઠળ આવતો સુરત વિસ્તાર, ૧ જાન્યુઆરી ૨૦૨૬થી અમલમાં આવેલા ઉઈના નવા સમયપત્રક દ્વારા લાંબા અંતરની રેલવે કનેક્ટિવિટીમાં નોંધપાત્ર સુધારાઓનો અનુભવ કરી રહ્યો છે. ગુજરાતનું વ્યાપારી અને કાપડ ઉદ્યોગનું કેન્દ્ર તરીકે, સુરતની સુધારેલી રેલવે સેવાઓ તેના આર્થિક મહત્ત્વ અને વધતી મુસાફર માંગને પ્રતિબિંબિત કરે છે. પ્રમુખ બાંદ્રા ટર્મિનસ—સુરત ઇન્ટરસિટી એક્સપ્રેસ (૧૨૯૩૫/૧૨૯૩૬) પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે, જેમાં ઉમરગામ સ્ટેશન પર નવું સ્ટોપેજ ઉમેરવામાં આવ્યો છે. આ ઉમેરો મુંબઈ અને સુરત વચ્ચેના ઝડપી વિકસતા ઔદ્યોગિક કોરિડોરને સેવા આપે છે, જ્યાં અનેક ઉત્પાદન એકમોના કારણે નોંધપાત્ર મુસાફર આવનજાવન સર્જાયું છે. આ સ્ટોપેજનું વ્યૂહાત્મક સ્થાન પશ્ચિમ રેલવેની આર્થિક વિકાસના નમૂનાઓ પ્રત્યેની સજાગતા દર્શાવે છે.

# નવ સર્જન દ્વારા બાળકોમાં સ્વચ્છતા કેળવવા ઝૂંબેશ

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨

શહેરના ભટાર વિસ્તારમાં આવેલ રસુલાબાદ ખાતે આજે નવસર્જન સંસ્થાના માર્ગદર્શન હેઠળ બાળકો દ્વારા એક પ્રેરણાદાયી સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક રહીશોમાં સ્વચ્છતા પ્રત્યે સભાનતા કેળવવાનો અને ગંદકીથી થતા ગેરફાયદાઓ વિશે જાગૃતિ લાવવાનો હતો.

આ અભિયાનમાં રસુલાબાદ વિસ્તારના અંદાજે ૭૩ જેટલા બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાળકોએ હાથમાં સ્વચ્છતાના સંદેશા સાથેના પોસ્ટરો અને બેનરો લઈ રેલી કાઢી હતી. આ દરમિયાન, બાળકોએ પોતાની મૌલિક સૂઝબૂઝથી તૈયાર કરેલું એક શેરી નાટક પણ રજૂ કર્યું હતું, જેણે સ્થાનિક લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. નાટક દ્વારા બાળકોએ સમજાવ્યું કે ઘરની આસપાસની ગંદકી કેવી રીતે બીમારીઓને નોતરે છે.નાના બાળકો દ્વારા કરવામાં આવેલી આ પહેલની સમગ્ર વિસ્તારમાં ખૂબ પ્રશંસા થઈ રહી છે. બાળકોએ સાબિત કરી દીધું કે જો નવી પેઢી જાગૃત થાય, તો સ્વચ્છ ભારતનું સપનું ચોક્કસ સાકાર થઈ શકે છે.

# ઓલપાડ-સાયણ રોડ હાઈસ્પીડ કોરીડોર બનશે

સુરત, તા.૨

ઓલપાડ વિધાનસભા સમાવિષ્ટ ઓલપાડ-સાયણ ફોર લેન રોડ હાઈસ્પીડ કોરીડોર તરીકે વિકસાવા ની સરકાર દ્રારા મંજૂરી મળતાં પૂર્વ મંત્રી -ઓલપાડ ૧૫૫ વિધાનસભા નાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલ એ સંબધિત વિભાગ નાં અધિકારીઓ તેમજ પદાધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ મંજૂરી મળતાં જરૂરી સૂચનો પણ કર્યા હતાં




# નવી રોજગાર ગેરંટી યોજના અંગે મહિલા સંઘની રજૂઆત

## નવા કાયદાથી બેરોજગારી વધી જવાની ભીતી

સુરત, તા.૨

સુરત શહેર-જિલ્લા મહિલા સંઘ ( NFIW દ્વારા સંલગ્ન ) દ્વારા MGNREGA રદ કરી VB-GRAMG Bill, ૨૦૨૫ લાવવાના પ્રસ્તાવના વિરોધમાં — તથા MGNREGAના સંરક્ષણ માટે પ્રધાનમંત્રીને પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં જણાવાયું હતું કે, ગ્રામિણ તથા કૃષિ શ્રમિકો, મહિલાઓ અને મહેનતકશ વર્ગના અધિકારો માટે કાર્યરત વ્યક્તિઓ/સંસ્થાઓ તરફથી આ આવેદન રજૂ કરી રહ્યા છીએ. સંયુક્ત ગ્રામિણ અને કૃષિ શ્રમિક મંચ દ્વારા જાણવા મળ્યું છે કે Viksit Bharat – Guarantee fro Rozgar and Ajeevika Mission (Gramin) Bill, ૨૦૨૫ (VB-GRAMG Bill) દ્વારા MGNREGA જેવી અધિકાર આધારિત અને માંગ આધારિત યોજનાને રદ કરી એક ઉપરથી નીચે લાગુ થતી, વિવેકાધીન યોજના લાવવાનો પ્રસ્તાવ છે. આ પ્રસ્તાવ કરોડો ગ્રામિણ ગરીબો, ખાસ કરીને મહિલાઓ, દલિતો, આદિવાસીઓ અને સીમાંત શ્રમિકોના રોજગાર, આજીવિકા અને ગૌરવના અધિકાર પર ગંભીર આઘાત છે.

MGNREGA માત્ર એક યોજના નથી, પરંતુ ગ્રામિણ ભારત માટે કાયદેસર રીતે સુનિશ્ચિત રોજગારનો અધિકાર છે. શ્રમિક સંગઠનો, રાજ્ય સરકારો અને હિતધારકો સાથે યોગ્ય પરામર્શ વિના તેને રદ કરવું સંવિધાનિક મૂલ્યો, સામાજિક ન્યાય અને સમાવેશી વિકાસની ભાવનાના વિરુદ્ધ છે. આવા પગલાંથી ગ્રામિણ બેરોજગારી, સ્થળાંતર અને આર્થિક અસુરક્ષા વધુ વધી શકે છે.

# પ્રયોશા પ્રતિષ્ઠાનના વિદ્યાર્થીઓ સાથે મુખ્યમંત્રી ભૂપન્દ્ર પટેલનો સંવાદ

સુરત, તા.૨

પ્રયોશા પ્રતિષ્ઠાન ડાંગ સંચાલિત સંતોકબા ધોળકિયા વિદ્યામંદિર , માલેગામ, ડાંગ ના ધોરણ ૧૦ ના વિધાર્થીઓ એ શૈક્ષણિક પ્રવાસ અંતર્ગત ગાંધીનગર ખાતે સ્વર્ણીમ સંકુલ ખાતે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે વિદ્યાર્થીઓ સાથે ખૂબ હળવાશથી સંવાદ કરી વિધાર્થીઓ ને પ્રોત્સાહિત કર્યા હતા. કૃષિમંત્રીશ્રી જીતુભાઈ વાધાણી પણ?સાથે જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રી એ તમામ વિધાર્થીઓ માટે ગરમ નાસ્તો તથા જ્યુસ ની વ્યવસ્થા કરાવી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ સાથે ની



મુલાકાત વિધાર્થીઓ માટે સંભારણું બની રહેશે. પૂજ્ય સ્વામીજીએ શાળા નિ વિશેષતા ઓ તથા વિધાર્થીઓ ની વિવિધ પ્રવૃતિઓ તથા સિદ્ધિઓ થી મુખ્યમંત્રીશ્રી ને માહીતગાર કર્યા હતા. સતત મીટીગો ના દોર વચ્ચે થી ડાંગ ના વિધાર્થીઓ માટે અર્ધો કલાક નો સમય ફાળવી વનવાસી વિધાર્થીઓ પ્રતિ તેમની લાગણી વ્યક્ત કરી હતી.

### બેંગ્લોર નજીક ખનન

પહેલા પાનાનું ચાલુ

જેમાં ગેરકાયદેસર બ્લાસ્ટિંગ પર તાત્કાલિક રોક લગાવવા, દોષિતોને ઓળખી કાઢવા અને દીપડાઓના મોત માટે જવાબદારી નક્કી કરવાની માંગ કરવામાં આવી છે.

### જાપાની

પહેલા પાનાનું ચાલુ

ગૃહની ઈમારતમાં પુરુષો માટે ૧૨ શૌચાલય (૬૭ સ્ટૉલ) છે, જ્યારે મહિલાઓ માટે ફક્ત ૯ શૌચાલય છે, જેમાં કુલ ૨૨ ક્યુબિકલ છે.

મુખ્ય પ્લેનરી સેશન હૉલ જ્યાં સંસદની કાર્યવાહી થાય છે, ત્યાં મહિલાઓ માટે ફક્ત ૧ શૌચાલય છે. સેશન શરૂ થતા પહેલા ઘણી વાર લાઇન એટલી વધી જાય છે કે મહિલા સાંસદોને બિલ્ડિંગના બીજા ભાગમાં બાથરૂમ માટે જવું પડે છે.

જ્યારે, પુરુષ સાંસદો માટે ઘણા શૌચાલય નજીક-નજીક છે. તેમને આવી મુશ્કેલીમાંથી પસાર થવું પડતું નથી.

### તાઈવાન ચીનનો ભાગ છે

પહેલા પાનાનું ચાલુ

લિબરેશન આર્મી (PLA) અનુસાર, આ અભ્યાસમાં નૌકાદળ, વાયુસેના અને રોકેટ ફોર્સને એકસાથે તૈનાત કરવામાં આવ્યા હતા. તેનું નામ "જસ્ટિસ મિશન ૨૦૨૫" રાખવામાં આવ્યું હતું.

આ અભ્યાસ ૨૯ અને ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ બે દિવસ સુધી ચાલ્યો અને ૩૧ ડિસેમ્બરે સમાપ્ત થયો. તેમાં ચીનની સેનાએ ડઝનબંધ રોકેટ છોડ્યા, સેંકડો લડાકુ વિમાનો, નૌકાદળના જહાજો અને તટરક્ષક દળોને તૈનાત કર્યા.

અભ્યાસમાં તાઈવાનના મુખ્ય ટાપુને સંપૂર્ણપણે ઘેરવા અને તેના મુખ્ય બંદરોની નાકાબંધીનો અભ્યાસ કરવામાં આવ્યો, સાથે જ દરિયાઈ અને હવાઈ લક્ષ્યો પર ચોક્કસ હુમલાની પ્રેક્ટિસ પણ થઈ. કેટલાક રોકેટ તાઈવાનની ખૂબ નજીક, તેના પ્રાદેશિક જળસીમા પાસે પડ્યા, જે અત્યાર સુધીનો સૌથી નજીકનો અભ્યાસ હતો.

ચીની સેનાએ કહ્યું છે કે આ અભ્યાસ તાઈવાનની 'અલગતાવાદી શક્તિઓ' અને બાહ્ય દેશોના હસ્તક્ષેપ સામે ચેતવણી છે. ધ ગાર્ડિયને ડિફેન્સ એક્સપર્ટ્સને ટાંકીને જણાવ્યું છે કે આ વખતે ચીનનો અભ્યાસ પહેલા કરતા મોટો છે અને તાઈવાનની ખૂબ નજીક કરવામાં આવી રહ્યો છે.

ખાસ કરીને પૂર્વીય તટ પાસે બનાવેલા સૈન્ય ઝોનને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે, કારણ કે આ જ દિશામાંથી સંકટના સમયે તાઈવાનને આંતરરાષ્ટ્રીય મદદ મળી શકે છે.

ચીનના આ યુદ્ધાભ્યાસનું કારણ અમેરિકા અને તાઈવાન વચ્ચે થયેલી હથિયારોની ડીલ માનવામાં આવી રહી છે. અમેરિકાએ તાજેતરમાં તાઈવાનને લગભગ ૧૧.૧ અબજ ડોલરના હથિયારો વેચવાની જાહેરાત કરી હતી, જે અત્યાર સુધીનું સૌથી મોટું સંરક્ષણ પેકેજ છે.

### કર્ણાટકમાં ૯૧ ટકા

પહેલા પાનાનું ચાલુ

ચૂંટણી ૨૦૨૪: નાગરિકોના જ્ઞાન, યોગ્યતા અને પ્રથા (KAP) ના એન્ડલાઈન સર્વેનું મૂલ્યાંકન.'

આ અભ્યાસ કર્ણાટકના મુખ્ય ચૂંટણી અધિકારી કાર્યાલય દ્વારા લાગુ કરાયેલા સિસ્ટમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન (SVEEP) કાર્યક્રમના પરિણામોનું મૂલ્યાંકન કરવા માટે હાથ ધરવામાં આવ્યો હતો. આ સર્વે કર્ણાટકના ૩૪ ચૂંટણી જિલ્લાઓના ૧૦૨ વિધાનસભા મતવિસ્તારોમાં કરવામાં આવ્યો હતો.

તેમાં ગ્રામીણ, શહેરી અને અનામત બેઠકોના કુલ ૫,૧૦૦ મતદારો સામેલ થયા. સર્વેમાં રાજ્યના ચારેય વિભાગો- બેંગલુરુ, બેલગાવી, કલબુર્ગી અને મૈસુરુને આવરી લેવામાં આવ્યા. રિપોર્ટ અનુસાર, તમામ વિભાગોમાં સર્વેમાં સામેલ ૯૧.૩૧% લોકોએ માન્યું કે ભારતમાં ચૂંટણી સ્વતંત્ર અને નિષ્પક્ષ રીતે થાય છે.

કુલ મળીને ૬૯.૩૯% લોકોએ સહમતિ અને ૧૪.૨૨% લોકોએ સંપૂર્ણ સહમતિ આપી કે ઈફસાચા પરિણામો આપે છે. તેમાં ૬.૭૬% એવા લોકો પણ સામેલ છે, જેમણે તટસ્થ અભિપ્રાય આપ્યો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ચૂંટણીને લઈને સૌથી વધુ ભરોસો કલબુર્ગી વિભાગમાં જોવા મળ્યો. અહીં ૮૪.૬૭% લોકોએ નિષ્પક્ષ ચૂંટણી પર સહમતિ દર્શાવી અને ૧૦.૧૯% લોકોએ સંપૂર્ણ સહમતિ આપી.

### ડોકટરની ચિઠ્ઠી

પહેલા પાનાનું ચાલુ

ડો. અતુલ કાકરનું કહેવું છે કે, અમને માત્ર સિરપ સુધી સીમિત ન રાખવા જોઈએ, અનેક અન્ય દવાઓ પર પણ રોક લગાવવી જરૂરી છે. ફોર્ટીસ હોસ્પિટલના પીડિયાટ્રિક્ટ્સ ડિપાર્ટમેન્ટના ડિરેક્ટર ડો. વિવેક જૈને કહ્યું હતું કે કફ સિરપોનું પ્રિસ્ક્રીપ્શન વિના વેચાણ પર રોક જરૂરી પગલું છે.

### મધ્યપ્રદેશમાં બે

પહેલા પાનાનું ચાલુ

મૃતકો પન્ના જિલ્લાના બગવારના હતા અને કટની જિલ્લાના બરજી ગામથી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. વિનોદ અનુનો સાળો થતો હતો. પ્રેમલાલ વિનોદનો સંબંધમાં જીજાજી થતો હતો.

અકસ્માત બાદ ડ્રાઈવર પિકઅપ વાહન ઘટનાસ્થળે છોડીને ફરાર થઈ ગયો. માહિતી મળતા જ સલૈયા ચોકી પ્રભારી વિનોદ પાંડેય પોલીસ ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા. ઘાયલ યુવકને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા રીઠી સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્ર મોકલવામાં આવ્યો હતો, પરંતુ તેનો જીવ પણ બચાવી શકાયો નહીં.

પોલીસે તમામ મૃતદેહોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે રીઠી સામુદાયિક આરોગ્ય કેન્દ્ર મોકલી આપ્યા છે. અકસ્માતમાં જીવ ગુમાવનારા તમામ લોકો મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. પોલીસ ફરાર પીકઅપ ડ્રાઈવરની શોધખોળ કરી રહી છે.

બીજો અકસ્માત સિવનીના કુરઈમાં થયો. સાંજે લગભગ ૭.૩૦ વાગ્યે જબલપુર-નાગપુર નેશનલ હાઈવે પર રિદ્ધી ટેક પાસે એક બાઈક રસ્તા પર ઉભેલા ટ્રકમાં ઘૂસી ગઈ. આ અકસ્માતમાં ખવાસા ટોલા ગામના રહેવાસી પરમાનંદ બરકડે (૪૫), તેમની પત્ની ગીતા બરકડે (૩૮), આઠ વર્ષની પુત્રી માહી અને ચાર વર્ષના પુત્ર દીપાંશુનું મૃત્યુ થયું. તમામ બાઈક (સ ૨૨ ઢઝ ૨૬૩૨) દ્વારા દરગઢા ગામમાં આવેલા પોતાના સાસરે નવવર્ષની ઉજવણી કરવા જઈ રહ્યા હતા. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલ્યા છે.

### રાષ્ટ્રીય આદિવાસી

પેજ-૨ પાનાનું ચાલુ

માટે રાષ્ટ્રીય બજાર સાથે જોડાવાની નવી તકો ઊભી થઈ હતી. આદિવાસી મેળાના કારણે સ્થાનિક દુકાનો, વેન્ડર્સ, હોટેલ્સ, ટ્રાન્સપોર્ટ અને આસપાસના વિસ્તારોને રૂ.૫ કરોડથી વધુની પરોક્ષ આવક મળતાં સ્થાનિક અર્થતંત્રને પણ ગતિ મળી હતી.

મેળામાં ૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ શૈક્ષણિક અને કારકિર્દી માર્ગદર્શન મેળ્યું હતું. જ્યારે ૨ લાખથી વધુ ખેડૂતોએ માર્કેટ લિંકેજ અને નવી તકો માટે હાજરી આપી. આ ઉપરાંત ૨૫,૦૦૦થી વધુ ઉદ્યોગકારો અને બિઝનેસ ઓનર્સ, ૧૫,૦૦૦થી વધુ રાષ્ટ્રીય પ્રતિનિધિઓ, તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓની હાજરીએ મેળાને રાષ્ટ્રીય મહત્વ વધાર્યું હતું. દેશના ૧૨થી વધુ રાજ્યોની ભાગીદારી સાથે આ મેળો સાચા અર્થમાં 'રાષ્ટ્રીય' મંચ બન્યો હતો.

રાષ્ટ્રીય આદિવાસી ટ્રેડ ફેર (NTTF) દરમિયાન ૭ મહત્વપૂર્ણ સેમિનાર અને સત્રો યોજાયા હતા. જેમાં ઉદ્યોગસાહસિકતા, MSME, આદિવાસી બિઝનેસ, સ્કિલ ડેવલપમેન્ટ અને માર્કેટ એક્સેસ જેવા વિષયો પર મળેલ માર્ગદર્શને આદિવાસી યુવાનો અને ઉદ્યોગકારોમાં આત્મવિશ્વાસ વધાર્યો હતો. સોશિયલ મીડિયામાં રાષ્ટ્રીય આદિવાસી ટ્રેડ ફેર ભારતના સૌથી વધુ જોવાયેલા આદિવાસી કેન્દ્રિત ઈવેન્ટ્સમાં સ્થાન પામ્યું છે, જેના થકી આદિવાસી ઉત્પાદનોને દેશભરમાં ઓળખ મળી. આ મેળો આર્થિક સશક્તિકરણ, રોજગાર સર્જન અને રાષ્ટ્રીય બજાર સાથે જોડાણનું મજબૂત માધ્યમ બન્યું હતું.

### પશ્ચિમ રેલવે

પેજ-૨ પાનાનું ચાલુ

રોડ સ્પેશિયલ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૬૦ ખુર્દા રોડ - ઉધના સ્પેશિયલ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નં. ૦૪૮૨૮ અને ૦૯૬૨૨ ના વિસ્તૃત રન માટે બુકિંગ ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી ખુલશે, જ્યારે ટ્રેન નં. ૦૯૦૫૭ ના વિસ્તૃત રન માટે બુકિંગ અને ૦૯૦૫૯ ૨ જાન્યુઆરી, ૨૦૨૬ થી બધા PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઈટ પર ખુલશે. ટ્રેન સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### ઓલપાડ દિવ્યાંગ

પેજ-૨ પાનાનું ચાલુ

રહ્યા હતાં. કેમ્પમાં ભાગ લેનાર બાળકો અને વાલીઓને ચા-નાસ્તો તેમજ આવવા-જવાનું ભાડું અત્રેની કચેરીથી આપવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સ્પેશિયલ એજ્યુકેટર મિલન પટેલ અને બળવંત પટેલ તથા વિશિષ્ટ શિક્ષિકા નીતા પટેલ અને જીજ્ઞા પટેલ તેમજ ચોર્યાસી તાલુકાનાં દિલીપ ખસિયાએ જહેમત ઉઠાવી હતી.એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

### પેઢીઓથી

પેજ-૨ પાનાનું ચાલુ

તેમણે નવો વિચાર આપતા જણાવ્યું હતું કે, પેઢીઓથી જીવાતી જીવનશૈલી તે જનસમૂહની પરંપરા કહેવાય છે.

આજની પેઢીમાં સારા સંસ્કાર નથી અને આપણી પરંપરા ભુલાતી જાય છે તેવી ફરિયાદ છે. પરંપરા બદલાય સાથે જીવન પદ્ધતિમાં ફેરફાર આવે એટલે વ્યક્તિના વાણી વર્તનમાં ફેરફાર આવે છે. એટલે આપણે કહીએ છીએ તેમાં સંસ્કાર નથી ખરેખર સંસ્કાર એ જીવન કૌશલ્ય છે. પરંપરાગત જીવનશૈલી અને વારસામાં મળેલા સંસ્કાર જ આપણા જીવનનું ઘડતર કરે છે. જીવનમાં સદગુણોનું નિર્માણ થાય તે સંસ્કાર જે વ્યવહારમાં વ્યક્ત થાય છે. પરંપરા સમૂહની ઓળખ આપે છે સંસ્કાર વ્યક્તિને જીવન આપે છે. દુનિયાની તમામ સંસ્કૃતિમાં હિંદુ સંસ્કૃતિ અદ્ભુત છે. સંસ્કૃતિમાં મીઠાશ છે. પારિવારીક જીવનમાં જુદા જુદા સબંધો અને તેના મહત્વને કારણે તે અસામાન્ય બાબત છે. પારિવારીક સંબધોની મીઠાશ એ હિંદુ સંસ્કૃતિનું મોરપીંછ છે.

સુપ્રસિદ્ધ લોકગાયક અને લેખક, કવિ અને કલા સાહિત્યક્ષેત્રે ગુજરાતનું ગૌરવ એવા શ્રી અરવિંદભાઈ બારોટ ૧૩૯ માં વિચારના વાવેતરના મુખ્ય અતિથી વક્તા તરીકે ઉપસ્થિતિ રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, માં નુ ધાવણ એ ખાલી દૂધ નથી. માં ના હૃદય માંથી પ્રેમ વલોવાઈને આપણું સિંચન કરે છે. દેશ ઉપર થયેલા અનેક આક્રમણો પછી ટકી રહ્યો છે. તેના મૂળમાં આપણી સંસ્કૃતિ છે. મૂળ, ધૂળ અને કૂળ આ ત્રણને સમજેતે સંસ્કૃતિને સમજી શકે છે. માં ના ગર્ભમાં છઠ્ઠા મહીનેથી બાળક સાંભળવાનું શરૂ કરે છે. બાળક સૌથી વધારે માં નો અવાજ સાંભળે છે. હાલરડાની સાંસ્કૃતિ ઘસાતી જાય છે. પરંતુ માં ના હાલરડામાં જગતનું શ્રેષ્ઠ મોટીવેશન છે. બાળક માટે સૌથી મોટી અને પહેલી મોટીવેટર માં છે. માં જીજીબાઈએ શિવાજીને હાલરડામાં સંસ્કાર, શૌર્ય અને સુરાતનના સંસ્કારો આપ્યા હતા. માં ધરતી છે તો બાપ આકાશ છે. પરંપરાને માનથી અને સમજણથી જાળવવી તે પરંપરાની પ્રતિષ્ઠા છે. અને સંસ્કારોનું જતન કરવું તે સંસ્કારનો વારસો છે. બાળકોના સારા ઘડતર માટે માતા-પિતાએ બાળકોને સારા સંસ્કારો આપવા જાગૃત બની પ્રયાસ કરવો પડે તેવો સમય આવી ગયો છે.

ઢસા આંબરડીના મૂળ વતની અને સુરતમાં ટેક્ષટાઈલ્સ ઉદ્યોગ સાથે સંકળાયેલા વાઘજીભાઈ ભાદાભાઈ તળાવીયા તથા શ્રીમતિ કાંતાબેન તળાવીયા પરિવાર તરફથી જમનાબા વિદ્યાર્થી ભવન માટે રૂ. ૨૧ લાખના દાનનો સંકલ્પ થયો છે ત્યારે ટ્રસ્ટી રમણીકભાઈ ડાવરીયા, ટ્રસ્ટી જગદીશભાઈ કાલસરીયા, મથુરભાઈ સોજીત્રા અને ટ્રસ્ટી ભરતભાઈ સારથી તથા હરિભાઈ કથીરિયાએ તેમનું અભિવાદન કર્યું હતુ. પરંપરા પ્રતિષ્ઠા અને સંસ્કારના વારસો વિષય સાથે યોજાયેલ ૧૩૯ માં વિચારોના વાવેતર કાર્યક્રમના પ્રારંભે જે. બી. ધારૂકાવાળા આર્ટસ કોલેજના બહેનોના હે જી તારા આંગણીયા પૂછીને કોઈ આવે રે ... આવકારો મીઠો આપજે રે ... લોકગીત સાથે કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. ગત વિચાર હાર્દિક ચાંચડે રજુ કર્યો હતો. જ્યારે કાર્યક્રમનું સંકલન ભાવેશ રફાળીયા તથા અંકિત સુરાણીએ કર્યું હતું.

### ઓલપાડ તાલુકા

પેજ-૨ પાનાનું ચાલુ

શાલ ઓઢાડી બહુમાન કરાયું હતું.આ સમારોહના મુખ્ય વક્તા અને રાજકોટ જિલ્લાના નિવૃત્ત જિલ્લા તિજોરી અધિકારી નરેન્દ્રભાઈ વિઠલાણીએ 'પેન્શનરોની મુંઝવણ અને તેનો ઉકેલ' વિષય ઉપર નિવૃત્ત કર્મચારીઓને મૂંઝવતા પ્રશ્નો અને સમસ્યાના ઉકેલની દિશામાં વિસ્તૃત ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું હતું.તેમણે કેન્દ્ર સરકારે આઠમાં વેતન પંચના અમલ માટે નિયુક્ત કરેલ કમિટી ગઠનની માહિતી આપતા કહ્યું હતું કે,કેન્દ્ર સરકાર આ પગારપંચ જાહેર કરે તેની સાથે જ રાજ્ય સરકાર પણ સ્તવરે અમલ કરી નિવૃત્ત કર્મચારીઓને તેનો લાભ આપે તે સાંપ્રત સમયની માંગ છે.આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય નિવૃત કર્મચારી મહામંડળના મહામંત્રી જે.જે.દરજીએ રાજ્ય સરકારમાં રજુ કરેલ વિવિધ પ્રશ્નોની વિસ્તૃત છણાવત કરી નિવૃત્ત કર્મચારીઓના સંગઠન ઉપર વિશેષ ભાર મુકી મંડળની કંગાળ આર્થિક પરિસ્થિતિ રજુ કરતાં ઉપસ્થિત સૌ કર્મચારીઓ ભાવ-વિભોર બન્યા હતાં.આ સમારોહમાં સુરત જિલ્લા નિવૃત કર્મચારી મંડળના પ્રમુખ મનહરભાઈ પટેલતથા સમારોહના અધ્યક્ષસ્થાનેથી ભગુભાઈ બી.પટેલે મનન્ય પ્રવચનો રજુ કર્યા હતા.આ સમારોહમાં મંડળના કારોબારી સભ્ય હસમુખભાઈ પટેલ,અનિલભાઈ પટેલ,સુરત જિલ્લાના વિવિધ તાલુકાઓ સહિત વાલિયા,નેત્રંગ અને ભરૂચના નિવૃત્ત કર્મચારી મંડળના હોદ્દેદારો સાથે ૪૦૦ થી વધુ નિવૃત કર્મચારીઓ હાજર રહ્યા હતાં.આ સમારોહની આભારવિધિ મંડળના ઉપપ્રમુખ મોહનભાઈ પટેલે કરી હતી.

### અઠવાગેટ

છેલ્લા પાનાનું ચાલુ

માનસિક અસ્વસ્થ જેવા લાગતા સાગર કાપડીયાએ દંડો આંચકી લઇ કરીમ સમનાની અને ઈસ્માઇલ કાકાને ફટકાર્યા હતા. શરીરે અલગ-અલગ ભાગે ગંભીર ઈજા પહોંચાડાતા સમગ્ર મામલો ઉમરા પોલીસ મથકે પહોંચ્યો હતો.

### ભાઠેનાના આમીર

સમક્ષ કબુલાત કરી હતી. પોલીસે રાહુલ મચાટને વોન્ટેડ જાહેર કર્યો હતો. એમડી ડ્રગ્સ, રોકડા રૂ.૧૪ હજાર મોબાઈલ ફોન મળી કુલ રૂ.૨.૪ લાખનો મુદ્દામાલ પોલીસે કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### ડીંડોલીની ધો.૧૨

જાહેર કરવામાં આવી છે. આ અંતર્ગત દરેક સંસ્થામાં મેન્ટલ હેલ્થ પોલિસી અમલમાં મૂકવી ફરજિયાત બનાવવામાં આવી છે તેમજ વિદ્યાર્થીઓ માટે કાઉન્સેલિંગ વ્યવસ્થાને મજબૂત કરવાની સૂચના આપવામાં આવી છે.

### ઉત્રામ પાવર

ઈંગ્લીશ દારૂ બિયરનો જથ્થો ઝડપી પાડી આરોપી પ્રવિણ ઉર્ફે પુષ્પારાજ નાનજી પટેલ (રહે. ચાકલીવાટા, પટેલ ફળીયુ, મહેસાણા, હાલ રહે. સમતાનગર ઉત્રાણ)ને ઝડપી પાડ્યો હતો. જ્યારે મુખ્ય આરોપી જે દારૂનો અડ્ડો ચલાવતો હતો તે વિનોદ દામુ સૈદાણે તેના પાર્ટનર વિશાલ પરમાર તેમજ ઈંગ્લીશ દારૂનો જથ્થો પુરો પાડનારને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા.

અત્રે નોંધવુ ઘટે કે, એસએમસીની રેડ પડતાની સાથે જ અમરોલી પોલીસનાં કેટલાક કર્મચારીઓએ અન્ય બુટલેગરોને પણ એલર્ટ કરી દીધા હોવાનું ચર્ચાઇ રહ્યું છે. આ કોઇ નવાઈની વાત નથી. એસએમસીની રેડ પડે એટલે સ્થાનિક પોલીસ પોતાનું નેટવર્ક સક્રીય કરી દેતી હોય છે.

### ચેક રિટર્ન

જોગાણીની દલીલો અને રિટર્ન થયેલા ચેકની વિગતો સહિતનાં પુરાવા ધ્યાને લઈ સુરતના ત્રીજા એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાગર સતીષકુમાર પરીખની સ્પેશીયલ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કોર્ટે આરોપી વિજય ભંડારીને ૧ વર્ષની સજા રૂ.૨૨ લાખ ચેક રિટર્ન થયા તારીખથી ૯ ટકા વ્યાજ સહિત ચુકવવા હુકમ કર્યો હતો.

### ચેક રિટર્ન કેસમાં

રાહુલે હાથ ઉછીના નાણાં પણ લીધા હતા. જેથી ચૂકવણી પેટે ડો.રાહુલ ગૌતમે ૧ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતા ઓમપ્રકાશ મિશ્રાએ સિનિયર વકીલ વિનય શુક્લા અને સ્મીત પટેલ મારફતે આરોપી ડો. રાહુલ ગૌતમ વિરૂધ્ધ કોર્ટમાં ચેક રીટર્નનો કેસ કર્યો હતો. જે કેસ ચાલી જતા આરોપી ડો. રાહુલ ગૌતમને એક વર્ષની સજા તથા ચેકની રકમ ૯ % વ્યાજ સાથે ચુકવવા પણ હુકમ કર્યો હતો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

# સુરત શહેરને સ્લમ મુક્ત કરવા ઝૂંપડપટ્ટીઓનો સર્વે હાથ ધરાયો

## સુરતને દેશનું પ્રથમ સ્લમ ફ્રી બનાવવા ગુજરાત સરકારના નિર્ણયને પગલે મ્યુનિ. કમિ. શાલિની અગ્રવાલે તાકીદે કામગીરી શરૂ કરાવી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

ગુજરાત સરકાર દ્વારા ૭૦ લાખથી વધુની વસતિ ધરાવતા સુરત શહેરને દેશનું સૌપ્રથમ સ્લમ ફ્રી સિટી બનાવવાની જાહેરાત કરાયા બાદ સુરત મ્યુનિ. કમિશનર દ્વારા સ્લમ ફ્રી સીટી અંગે ઝડપી નિર્ણય કરી સુરત શહેરના તમામ ઝોનમાં આવતી ઝૂંપડપટ્ટીઓનો સર્વે કરવા કરાયેલા આદેશને પગલે આજથી શહેરભરમાં સર્વે શરૂ કરી દેવામાં આવ્યો છે.

સુરતને સ્લમ ફ્રી બનાવવા અંગે ગુજરાત સરકારના નિર્ણય બાદ સુરત મ્યુનિ. કમિશનર શાલિની અગ્રવાલ દ્વારા ગઈકાલે તમામ ઝોનના વડાઓની બેઠક બોલાવી હતી અને શહેરભરની ઝૂંપડપટ્ટીઓનો સર્વે હાથ ધરી બે દિવસમાં રિપોર્ટની માગણી કરતા આજ સવારથી શહેરના વિવિધ વિસ્તારોની ઝૂંપડપટ્ટીઓમાં શરૂ થઈ ગયો છે. બિ દિવસ પૂર્વે મનપા કમિશનર દ્વારા રાજયના ચીફ સેક્રેટરી સહિતની ઉચ્ચસ્તરીય ટીમ સમક્ષ

સુરતમાં ચાલી રહેલી સ્લમ ફ્રી સિટી અંતર્ગતની કામગીરીનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. રાજ્યસરકાર દ્વારા સુરત મનપા દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલી કામગીરીની સરાહના કરવામાં આવી છે અને સત્તાવાર રીતે સુરતને દેશનું પ્રથમ (૭૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં) ઝૂંપડપટ્ટી મુક્ત શહેર બનાવવા માટેની જાહેરાત કરવામાં આવી છે. નોંધનીય છે કે, છેલ્લા બે દાયકામાં સુરતમાં ઝૂંપડપટ્ટીમાં વસતી વસ્તીનો આંકડો ૩૮ ટકાથી ઘટીને માત્ર પાંચ ટકા સુધી સીમિત થયો છે.

જેએનયુઆરએમ, ઈડબ્લ્યુએસ આવાસ યોજના, મુખ્યમંત્રી ગૃહ યોજના અને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરત મનપાએ રાજ્યમાં શ્રેષ્ઠ કામગીરી કરી છે. આ ઉપરાંત જાહેર આવાસોના રિડેવલપમેન્ટ માટે પણ શહેરમાં અનેક પ્રોજેક્ટો અમલમાં મૂકવામાં આવ્યા છે. રાજ્ય સરકારના નવા આયોજન મુજબ ફક્ત સરકારી જમીન પર આવેલી ઝૂંપડપટ્ટીઓ જ નહીં, પરંતુ ખાનગી માલિકીની જમીન પર આવેલી ઝૂંપડપટ્ટીઓને પણ દૂર કરી પુનર્વસન આપવામાં આવશે. મનપા કમિશનર શાલિની અગ્રવાલે રાજ્ય સરકારની જાહેરાતને પગલે તમામ ઝોનને તાકીદ કરી આગામી બે દિવસમાં સરવે રિપોર્ટ સુપરત કરવાની સ્પષ્ટ સૂચના આપી છે.



ગુજરાત સરકાર દ્વારા સહિત શહેરને ઝૂંપડપટ્ટી મુક્ત બનાવવાની યોજના બનાવવામાં આવી છે. સમગ્ર દેશમાં સ્લમ ફ્રી સિટી તરીકે સુરત શહેરની પસંદગી કરવામાં આવી છે. આ અંગે આજથી શહેરભરના સ્લમ વિસ્તારોનો સર્વે હાથ ધરાયો છે. ખાડી કિનારે આવેલી ઝૂંપડપટ્ટી વસાહતની આ તસ્વીર છે. (તસવીર : હનીફ મલેક)




કરસંક્રાંતિ નજીક આવતા સુરતમાં પતંગ-દોરાનું મોટાપાયે ઉત્પાદન થઈ રહ્યું છે. ઉત્તરાયણના પર્વ દરમિયાન ઓપરેશન સિંદુર અને સુપરહિટ બનેલી ગુજરાતી ફિલ્મ લાલોના સંદેશો આપતા પતંગો પણ આકાશમાં ઉડવા માટે તૈયાર હોવાનું આ તસવીરમાં જણાય છે.

# અઠવાગેટ પાસે આધેડ સહિત બે પર દંડા વડે હુમલો કરાયો

## સાગર કાપડિયાએ દંડો આચકી બે લોકોને વગર કારણે ફટકાર્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

ધીરજ સન્સ પાસે આવેલા વૈભવ એપાર્ટમેન્ટની સિક્યુરીટી કેબીનમાં ગત સાંજે બેસેલા ૫૧ વર્ષિય આધેડ અને તેની બાજુમાં બેસેલા એક વ્યક્તિને એક માનસિક અસ્વસ્થ જેવા જણાતા યુવાને લાકડાનો દંડો માંગી દંડો નહીં આપતા દંડો આંચકી લઈ આધેડ સહિત બંને જણાને આડેધડ માર મારતા તેમને ઈજાઓ પહોંચી હતી. આ મામલે ઉમરા પોલીસ સ્ટેશનમાં હત્યાના પ્રયાસનો ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

અઠવાગેટ ધીરજ સન્સની બાજુમાં રીયા હોટલની ગલીમાં આવેલા વૈભવ એપાર્ટમેન્ટમાં રહેતા સાગર રાજનભાઈ કાપડીયાએ ગઈકાલે સાંજના સમયે વૈભવ એપાર્ટમેન્ટની બહાર સિક્યુરીટી કેબીન પાસે બેસેલા કરીમ મીરજીભાઈ સમનાની રહે. સલીમાબાદ, જહાંગીરપુરા તેમજ ઈસ્માઈલ કાકા નામના વ્યક્તિ પાસે દંડો માંગ્યો હતો. દંડો નહીં આપતા

અનુસંધાન પાના ૭ પર

# ટાસ્ટ પુરો કરવાના બહાને યુવક સાથે ૧૧.૩૫ લાખનું સાયબર ફ્રોડ

## અલગ અલગ ૨૨ લોકોએ યુવક પાસે ટુકડે ટુકડે રૂપિયા ટ્રાન્સફર કરાવ્યાં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

પીપલોદ વિસ્તારમાં રહેતા એક યુવકનો ટેલીગ્રામ ચેનલ મારફતે અલગ-અલગ આઈડીના ધારકોએ સંપર્ક કરી યુવકને ઉંચુ વળતર આપવાની લાલચે ગુગલમાં હોટલ રીવ્યુના ટાસ્ક આપી વેબસાઈટમાં ઈન્વેસ્ટમેન્ટ કરાવી ટુકડે ટુકડે કરીને કુલ રૂ.૧૧.૩૫ લાખ પડાવી લઈ છેતરપિંડી કરી હોવાની ફરીયાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. અલગ-અલગ આઈડી ધારકો મળી કુલ ૨૨ લોકોને યુપીઆઈથી તેમજ બેંક એકાઉન્ટમાં ભોગબનનાર યુવાને રૂપીયા ટ્રાન્સફર કર્યા હતા.

સાયબર ક્રાઈમ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર પીપલોદ સુરભી એપાર્ટમેન્ટમાં રહેતા ધ્રુવતેજ સુરેશભાઈ પટેલને ગઈ તા.૧૪-૧૦-૨૦૨૫થી તા.૫-૧૧-૨૦૨૫ સુધીના સમયગાળામાં ટેલીગ્રામ આઈડી ધારક તનિશા એચ.આર.કોઈન બીએક્ષ સહિત અલગ-અલગ ૨૨ આઈડી ધારકોએ ગુગલમાં હોટલ રીવ્યુ કરાવી ઉંચુ વળતર આપવાની લાલચ આપી હતી. અલગ-અલગ સમયે ધ્રુવતેજને ટાસ્ક પુર્ણ કરવામાં ભુલ થઈ હોવાના બહાના બતાવી ચાર્જીસ પેટે ટુકડે ટુકડે કરીને કુલ રૂ.૧૧.૩૫ લાખ પડાવી લેવાયા હતા. ૧૧.૩૫ લાખ ટ્રાન્સફર કરાવી લઈ માત્ર ૫૭૦૦ રૂપીયાનું વળતર ચુકવી રોકેલી બાકીની રકમ પરત કરવામાં આવી ન હતી. આ મામલે ગઈકાલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

# ભાઠેનાના આમીર ઉર્ફે અમુશેખી પાસેથી રૂા.૧.૫૯ લાખનું એમડી ડ્રગ્સ પકડાયું

## રજાનગર ઝૂંપડપટ્ટીમાં સલાબતપુરા પોલીસનો છાપો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

સલાબતપુરા પોલીસે ભાઠેના રજાનગર ઝુંપડપટ્ટીમાં રહેતા એ યુવકે પાસેથી રૂ.૧.૫૯ લાખનું એમડી ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. પકડાયેલા યુવકને ડ્રગ્સ આપનારને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો. છુટક વેચાણ કરવા માટે લેવાયેલા ડ્રગ્સ ઉપરાંત મોબાઈલ, રોકડા રૂપીયા મળી કુલ રૂ.૨ લાખથી વધુનો મુદ્દામાલ સલાબતપુરા પોલીસે કબ્જે કર્યો હતો.

સલાબતપુરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ મહારાષ્ટ્રના બુલડાણા જિલ્લાનો વતની અને હાલ સલાબતપુરા રજાનગર ઝુંપડપટ્ટી ભાઠેના ખાતે રહેતો આમીર ઉર્ફે અમુ ગયાજ શેખ ઉ.વ.૩૨ને ગઈકાલે સાંજે સલાબતપુરા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ભુપેન્દ્રભાઈ નાનુભાઈએ બાતમીને આધારે ૧૫.૯૫ ગ્રામ રૂ.૧.૫૯ લાખની કિંમતના એમડી ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો હતો. આમીર છુટકમાં વેચાણ કરવા માટે એમડી ડ્રગ્સ લીંબાયત મીઠીખાડી ઈસ્લામી ચોક ખાતે રહેતા રાહુલ ઉર્ફે મચાટ અશોકભાઈ ઈંગળે પાસેથી ડ્રગ્સ લાવ્યો હોવાની પોલીસ

અનુસંધાન પાના ૭ પર

# ડીંડોલીમાં ધો.૧૨ સાયન્સની વિદ્યાર્થિનીની આત્મહત્યા

## ૧૭ વર્ષિય છોકરીએ અગમ્ય કારણે ગળે ફાંસો ખાઈ જીંદગી ટૂંકાવી દીધી

**સુરત, તા.૦૨**

સુરતના ડીંડોલી વિસ્તારમાં ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય વિદ્યાર્થિનીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાની આઘાતજનક ઘટના સામે આવી છે. જ્યારે પરિવારના સભ્યો ઘરમાં નિદ્રાધીન હતા, ત્યારે આ વિદ્યાર્થીનીએ અચાનક અંતિમ પગલું ભરી લેતા સમગ્ર પરિવાર ઊંડા શોકમાં ગરકાવ થઈ ગયો છે.

વિદ્યાર્થિનીના આપઘાત પાછળનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી, ઘટનાની જાણ થતા જ



ડીંડોલી પોલીસ સ્થળ પર દોડી આવ્યો હતો અને વિદ્યાર્થીનીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. હાલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી, આશાસ્પદ વિદ્યાર્થિનીએ કયા સંજોગોમાં આપઘાત કર્યો તે જાણવા માટે તપાસ શરૂ કરી છે.

ગુજરાતમાં સ્કૂલ, કોલેજ અને યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાની વધતી ઘટનાઓને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે આદેશ જારી કર્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની તમામ યુનિવર્સિટીઓ, કોલેજો અને ખાનગી કોચિંગ સંસ્થાઓ માટે વ્યાપક અને કડક ગાઈડલાઈન

અનુસંધાન પાના ૭ પર

# ફોરેક્ષ ટ્રેડિંગમાં રોકાણના બહાને મહિલા સાથે ૨૦ લાખની છેતરપિંડી

## ઊંચા વળતરની લાલચ આપી ઠગાઈ કરનાર ગૌતમ કમાણી સામે ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

મુળ ભાવનગર જિલ્લાની વતની અને હાલ અમરોલી છાપરાભાઠા રોડ વરીયાવ પાસે રહેતી ૪૨ વર્ષિય મહિલાને ફોરેક્ષ ટ્રેડીંગમાં રોકાણ કરી વધુ રૂપીયા કમાવવાની લાલચ આપી ગૌત્તમ કમાણી નામના યુવાને કુલ રૂ.૨૦ લાખનું રોકાણ કરાવડાવી તે રકમ પરત નહીં કરી છેતરપિંડી કરી હોવાની ફરીયાદ અમરોલી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

અમરોલી પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર વરીયાવ છાપરાભાઠા રોડ રીવાન્ડા રીવરવ્યુમાં રહેતી પુર્વી હીરેનભાઈ દિયોરા ઉ.વ.૪૨ રીવાન્ટા રીવરવ્યુમાં જ રહેતા ગૌત્તમ હરસુખ કમાણી સાથે પરિચય થયા બાદ ગૌત્તમ કમાણીએ પુર્વી દિયોરા તેમજ તેના પતિને ફોરેક્ષ ટ્રેડીંગમાં રોકાણ કરવાની સારૂ વળતર મળશે તેવી લાલચ આપી હતી. ફરીયાદીા ઘરે જઈ રોકડા રૂ.૩ લાખ ગત જુલાઈ ૨૦૨૪માં મેળવી લીધા હતા ત્યારે બાદ ગત જુલાઈ ૨૦૨૫માં હીરેન દિયોરા પાસેથી રૂ.૧૬.૨૦ લાખ રોકડા રોકાણના નામે લઈ જઈ રૂ.૨૦ લાખનું ફોરેક્ષ ટ્રેડીંગમાં રોકાણ કરાવ્યું હતું. બે વર્ષથી રોકેલી રકમ સામે ઉંચુ વળતર કે રોકેલી રકમ પણ પરત નહીં કરી છેતરપિંડી કરવામાં આવી હોય આ મામલે ગઈકાલે સાંજ અમરોલી પોલીસ મથકમાં છેતરપિંડીનો ગુનો નોંધાવાયો હતો.

### સુરતમાં ઠંડી વધતા તાપમાન ૧ ડિગ્રી ઘટ્યું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

સુરતમાં પવનની દિશામાં ફેરફારને પગલે ઠંડીના પ્રમાણમાં વધારો ઘટાડો થઈ રહ્યો છે. આજે શુક્રવારે સવારે શહેરનું લઘુત્તમ તાપમાન એક ડિગ્રી ઘટી ગયું છે. એટલે ઠંડીના પ્રમાણમાં વધારો થયો છે. હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યા મુજબ સુરતમાં આજે વહેલી સવારે તાપમાન એક ડિગ્રી ઘટીને ૧૭.૪ ડિગ્રી નોંધાયું છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ તાપમાન ૨૭.૮ ડિગ્રી જળવાયેલું છે. અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૩ ટકા નોંધાયું છે. ઉત્તર દિશા તરફથી ચાર કિમીથી ઝડપે પવન ફૂંકાતા તાપમાન એક ડિગ્રી ગગડી ગયું છે. તેથી રાત્રે અને વહેલી સવારે ઠંડીની અસર વર્તાઈ રહી છે. ગઈકાલે વરસાદી મહોલ હતો જ્યારે આજે સ્વચ્છ વાતાવરણ જળવાયેલું છે.

# ઉત્રાણ પાવર હાઉસ નજીકથી ત્રણ લાખનો વિદેશી દારૂ ઝબ્બે

## અમરોલી પોલીસની હદમાં સ્ટેટ પોલીસે રેડ પાડી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

સ્ટેટ મોનીટરીંગ સેલે અમરોલી પોલીસ મથકની હદમાં ચાલતા ઉત્રાણ સમતાનગર પાવર હાઉસની સામે ખુલ્લી જગ્યામાં રેડ કરી રૂ.૩ લાખનો ઈંગ્લીશ દારૂ બીયરનો જથ્થો પકડી પાડી સ્થળ પરથી એક જણાની ધરપકડ કરી હતી. જ્યારે દારૂનો અડ્ડો ચલાવનાર મુખ્ય આરોપી સહિત તેના બે ભાગીદારોને વોન્ટેડ જાહેર કર્યા હતા.

સ્ટેટ મોનીટરીંગ સેલના એએસઆઈ અનિલભાઈ વિનજીભાઈએ ઉત્રાણ સમતાનગર પાવર હાઉસની સામે ચાલતા ખુલ્લી જગ્યાના દારૂના એક અડ્ડા પર દરોડો પાડ્યો હતો. સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ આવતા જ અડ્ડા પર પીવા આવેલા લોકો ટપોટપ ગાડીના સેલ મારી નિકળવા લાગ્યા હતા.

સ્ટેટ મોનીટરીંગ સેલે સ્થળ પરથી રૂ.૩ લાખથી વધુ કિંમતનો

અનુસંધાન પાના ૭ પર

# એક રિટર્ન કેસમાં આરોપી સાગર ભંડારીને એક વર્ષની કેદની સજા

## વ્યાજ સહિત રકમ ચૂકવી દેવા મેજીસ્ટ્રેટ સાગર સતીષકુમાર પરીખનો હુકમ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

કતારગામ નંદીગ્રામ સોસાયટી પાસે આકૃતિ રેસીડેન્સીમાં રહેતા ડેનિશ વિનોદભાઈ પોકીયા (ઉ.વ.૨૪) હીરા ખરીદ વેચાણનો ધંધો કરે છે. એપ્રિલ ૨૦૨૨માં હીરા દલાલ કનકભાઈ ગઢિયા મારફતે સુરત તેમજ મુંબઈમાં તૈયાર હીરા વેચાણનો ધંધો કરતા વિજય અંબાલાલ ભંડારી ઉ.વ.૫૮ (રહે.ગ્રીન વ્યુ એપાર્ટમેન્ટ, સંત જ્ઞાનેશ્વર રોડ, બોરીવલી ઈસ્ટ મુંબઈ, તથા મહીધરપુરા પીપળા શેરી શ્રી ગોડીજી બિલ્ડીંગ)ના સંપર્કમાં આવ્યા હતા.

ડેનિશ પોકીયા અને વિજય ભંડારી એક જ વ્યવસાય સાથે સંકળાયેલા હોય તેનો ધંધો મોટા પાયે હોવાનું જણાવી સમયસર પેમેન્ટ ચુકવવાનો ભરોસો આપી ડેનિશ પોકીયા પાસેથી ગઈ સને ૨૦૨૩માં રૂ.૨૨ લાખના તૈયાર હીરા વેચાણ માટે લઈ ગયા હતા. જેના પેમેન્ટ પેટે આપેલો રૂ.૧૧-૧૧ લાખના બે ચેક બેંકમાં કિલયરીંગ માટે આપતા રિટર્ન થયા હતા. આ અંગે ડેનિશ પોકીયાએ એડવોકેટ યોગેશ કે.જોગાણી મારફતે કોર્ટમાં ચેક રિટર્નનનો કેસ કર્યો હતો. એડવોકેટ

અનુસંધાન પાના ૭ પર

# સુરત વકીલ મંડળના નવા ચૂંટાયેલા હોદ્દેદારોનો પદગ્રહણ સમારોહ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

આજે બપોરના સુમારે સુરત જિલ્લા વકીલ મંડળના નવા ચૂંટાયેલા હોદ્દેદારોનો ભવ્ય પદગ્રહણ સમારોહ યોજાવા જઈ રહ્યો છે. આ પ્રસંગે પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ આર.એ. ત્રિવેદી તથા અન્ય માનનીય ન્યાયાધીશો ખાસ અતિથિ તરીકે ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે. આ પદગ્રહણ સમારોહમા પૂર્વગામી પ્રમુખ બ્રિજેશ પટેલ અને સેક્રેટરી ચંદ્રેશ પીપળીયા સહિતની ગત ટર્મની ટીમે આજે ગરિમાપૂર્ણ રીતે પોતાનો પદભાર છોડશે. હવે નવી ટીમ સત્તાવાર રીતે કાર્યરત થશે, જેમાં પ્રમુખ તરીકે ઉદય પટેલ, ઉપપ્રમુખ તરીકે સંજય પટેલ, સેક્રેટરી તરીકે મુકુંદ રામાણી, જોઈન્ટ સેક્રેટરી તરીકે કવન પટેલ, ટ્રેઝરર તરીકે દિવ્યા કોસંબીયા અને એલ.આર. તરીકે ફેની પટેલ પદભાર સંભાળશે. આ સાથે જ કાઉન્સિલ મેમ્બરો તરીકે નયના પટેલ, રાકેશ શાહ, ખુશ્બૂ ભોપાલા, ભાવિન હીરપરા, યતિન ઢાકેચા, ઉમેશ પંચાલ, પ્રતિક નાવડીયા, જલ્પા રૂપારેલીયા, અમર તાનાવાલા, રાહુલ મોર્યા અને સચિન પટેલ પણ વિધિવત રીતે પોતાની જવાબદારીઓ સ્વીકારશે.

# ચેક રિટર્ન કેસમાં ડો. રાહુલ ગૌતમને એક વર્ષની સજા

## મુદ્દલ છ ટકા વ્યાજ સાથે ચૂકવી દેવા કોર્ટનો હુકમ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

પાંડેસરા વિસ્તારમાં ''ધરમાર્થ કિલિનિક''ના નામથી દવાખાનું ચલાવતા ડો.રાહુલ ગૌતમને ચેક રીટર્નનાં કેસમાં સુરત કોર્ટે એક વર્ષ કેદની સજા ફરમાવી હતી.

પાંડેસરા બમરોલી ચાર રસ્તા મિલન પોઈન્ટમાં રહેતા રાહુલ રામસાગર ગૌતમ વ્યવસાયે ડોક્ટર છે. ''ધરમાર્થ કિલિનિક''ના નામથી દવાખાનું ચલાવતા ડો.રાહુલ ગૌતમે તેમનાં દવાખાને દવાની જાહેરાત માટે આવતા એમ.આર. ઓમપ્રકાશ રામપ્યારે મિશ્રા પાસેથી ઉધારમાં દવાઓ લીધી હતી. તેમજ દવાખાનાને રિનોવેશન કરવાના નામે ઓમપ્રકાશ મિશ્રા પાસેથી

અનુસંધાન પાના ૭ પર


## પશ્ચિમ રેલવે બે જોડી વિકલી સ્પેશિયલ ટ્રેનની ટ્રીપ વધારશે

| ટ્રેન નં. | ક્યાંથી | ક્યાં સુધી | સેવાનો દિવસ | વધારાશે |
|---|---|---|---|---|
| ૦૯૦૫૭ | સુરત | મેંગ્લોર જંક્શન | બુધ અનેરવિવાર | ૨૮.૦૧.૨૦૨૬ |
| ૦૯૦૫૮ | મેંગ્લોર જંક્શન | સુરત | ગુરૂ અને સોમવાર | ૨૯.૦૧.૨૦૨૬ |
| ૦૯૦૫૯ | ઉધના | ખુરદા રોડ | બુધવાર | ૨૫.૦૨.૨૦૨૬ |
| ૦૯૦૬૦ | ખુરદા રોડ | ઉધના | શુક્રવાર | ૨૭.૦૨.૨૦૨૬ |

ટ્રેનોના સમયબંધારણ અને સ્ટોપેજ વિશે વધુ જાણકારી માટે કૃપયા મુલાકાત લો : www.enquiry.indianrail.gov.in

ટ્રેન નં.૦૯૦૫૭ અને ૦૯૦૫૯ ની લંબાવેલી ટ્રીપનું બુકિંગ ૦૨-૦૧-૨૦૨૬ થી બધા પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો સ્પેશિયલ હોવાથી ભાડુ પણ સ્પેશિયલ રહેશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો facebook.com/WesternRly
અમને ફોલો કરો X.com/WesternRly
અમને ફોલો કરો Instagram/WesternRly

મહેરબાની કરી રીઝર્વ ટીકીટ માટેના ઓળખના તમામ પુરાવાઓ સાથે રાખો

## ૬૯૧૪૩/૬૯૧૪૪ વિરાર-સંજાણ અને ૬૯૧૪૧/૬૯૧૪૨ સંજાણ-સુરત મેમુ ૦૩.૦૧.૨૦૨૬ થી ૬૯૧૪૧/૬૯૧૪ રવિરાર-સુરત મેમુ તરીકે દોડશે

| ટ્રેન નં. | ક્યાંથી ક્યાં સુધી | થી અમલમાં | ઉપડશે | પહોંચશે |
|---|---|---|---|---|
| ૬૯૧૪૧ | વિરાર- સુરત (મેમુ) | ૦૩.૦૧.૨૦૨૬ | ૦૫.૧૫ કલાકે | ૧૦.૩૦ કલાકે (તેજ દિવસે) |
| ૬૯૧૪૨ | સુરત-વિરાર (મેમુ) | ૦૩.૦૧.૨૦૨૬ | ૧૭.૩૦ કલાકે | ૨૩.૩૦ કલાકે (તેજ દિવસે) |

**રોકાણઃ** જતા આવતા આ ટ્રેન વૈતરણા, સફાલે, કેલ્વેરોડ, પાલઘર, ઉમરોલી, બોઈસર, વાનગાંવ, દહાણુ રોડ, ઘોલવડ, ઉમ્બરગામ રોડ, સંજાણ, ભીલાડ, કરમ્બેલી, વાપી, બગવાડા, ઉદવાડા, પારડી, અતુલ, વલસાડ, ડુંગરી, જોરાવાસણ, બિલીમોરા, અમલસાડ, અંચેલી, વેડછા, ગાંધી સ્મૃતિ, નવસારી, મરોલી, સચીન, ભેસ્તાન અને ઉધના સ્ટેશનો પર થોભશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો facebook.com/WesternRly અમને ફોલો કરો X.com/WesternRly અમને ફોલો કરો Instagram/WesternRly